| ૧૨,૦૦૦ | માતૃશ્રી પ્રાણકુંવરબેન કાંતિલાલ રાઠોડ (કુંભારીયા) – દુર્ગની પુણ્યસ્મૃતિમાં (હ. સુપુત્રી શ્રીમતી મીનાબેન જયંતભાઇ રાઠોડ – અંજાર) (પ્રતિમાસ રૂા. ૧૦૦૦ના માનદ્ દાતાશ્રી) |

(નોંધ : ઉપરોક્ત યાદીમાં નામ, ગામ, રકમ અંગે કંઇપણ વિસંગતતા હોય તો જાણ કરવા વિનંતી)



શ્રીમતી ગીતાબેન નટવરલાલ ચૌહાણ
પ્રમુખ : અ.ભા.મહિલા મહામંડળ
Mo. 9960471411

# નારી દર્પણ

C/o.શ્રીમતી રીટાબેન વિનોદભાઈ ચૌહાણ (મહામંત્રી)
'મુક્તાંગન', પ્લોટ નં. ૧૪૬ થી ૧૪૮/બી, યોગેશ્વરધામ, ન્યુ એમ.ઈ.એસ. રોડ,
આર.ટી.ઓ. રીલોકેશન પાસે, ભુજ (કચ્છ)



શ્રીમતી રીટાબેન વિનોદભાઈ ચૌહાણ
મહામંત્રી : અ.ભા.મહિલા મહામંડળ
Mo. 9426454999

## અ.ભા.મહિલા મહામંડળ અંતર્ગત રસોઈની રંગત સમિતિ એ યોજ્યો સ્વાસ્થ્ય વર્ધક રેસિપી વર્કશોપ

અ.ભા. મહિલા મહામંડળની આ સમિતિ  દ્વારા અવાર નવાર  પાક કળા વિશે જુદા જુદા  કાર્યક્રમો તથા ઓનલાઇન વર્કશોપ તથા કોમ્પીટીશન યોજાતા  રહે છે. જેમના મંત્રી શ્રીમતી જયશ્રી બેન દુર્ગેશભાઈ ચૌહાણ – અમદાવાદ  તારીખ ૨૮ નવેમ્બર ના રોજ ખૂબ જ ઉપયોગી સ્વાસ્થ્યવર્ધક વર્કશોપ લઈને આવ્યા હતા.

એમાં સુપર ફૂડ ગણાતા આમળાની  સ્વાસ્થ્ય વર્ધક ઉપયોગિતા અને જરૂરિયાત સમજાવી હતી. સાથે ખૂબ જ સરળ રીત થી  ઘણી બધી ખૂબ જ કામની ટીપ્સ સાથે આમળાની વિવિધ વાનગીઓ તૈયાર કરવાની પધ્ધતિ  બતાવેલ હતી. જેમાં આમળા  ગટ્ટા ગટ, આમળા એપીટાઇઝર, આમળા મુખવાસ તથા આમળાનું અથાણું  ઘરમાં જ ખૂબ જ સરળતાથી ઓછા ખર્ચે કેવી રીતે બનાવી શકાય તે બતાવેલ હતી તથા આમળા આપણા સ્વાસ્થ્યને કેવી રીતે સારું રાખે છે તથા એના ફાયદા શું શું હોય છે તે બધું જ બતાવ્યું હતું.

ઘરમાં ઇન્સ્ટન્ટ સૂંઠ કેવી રીતે તૈયાર કરી શકાય તે પણ તે સમજાવ્યું હતું તથા અડદિયાનો મસાલો કેવી રીતે આપણે ઘરે બનાવીએ તે પણ તેમને બતાવ્યું હતું.. સમાજની બહેનો ખૂબ જ સારી સંખ્યામાં ઓનલાઈન જોડાઈને આ વર્કશોપ નો લાભ લીધો હતો. જયશ્રીબેન એક ફૂટ ડિઝાઇનર તથા હોમ સેફ છે તે ઘરેથી જ ફૂડ ટોક નામનો ગૃહ ઉદ્યોગ ચલાવે છે તે ઘણી બધી કોમ્પિટિશનના ટાઈટલ પોતાના નામે કરેલ છે. અમદાવાદના ખૂબ જ પ્રખ્યાત ગણાતા સ્કૂલ તથા ઈન્સ્ટિટ્યુશન માં તેમના વર્કશોપ યો યોજાતા હોય છે.  તેઓ સમાજના દીકરા દીકરીઓ



જે કે કોઈપણ કોમ્પિટિશનમાં પાર્ટ લેતા હોય તેમને ખૂબ જ સારી રીતે કોમ્પિટિશન કેવી રીતે જીતાય તેની  પણ સમજણ આપતા હોય છે.  અ.ભા.મહિલા મહા મંડળના પ્રમુખ શ્રીમતી ગીતાબેન ચૌહાણે આજનો વર્કશોપ બહેનોને ઉપયોગી બની રહેશે તેવી આશા વ્યક્ત કરી હતી. મહામંત્રી શ્રીમતી રીટાબેન ચૌહાણએ વર્કશોપના માર્ગદર્શક શ્રીમતી જયશ્રીબેન તથા ઓનલાઇન જોડાનાર બહેનો નો આભાર માન્યો હતો.

– રીટાબેન વિનોદભાઈ ચૌહાણ – મહામંત્રી

## અ.ભા.મહિલા મહામંડળની શિક્ષણ સમિતિ એ યોજી એડવર્ટાઈઝિંગ મેકિંગ કોમ્પિટિશન

આપણા સમાજના  ૭ થી ૧૪ વર્ષ ના બાળકો માટે એડવર્ટાઇઝિંગ મેકિંગ કોમ્પિટિશનનું આયોજન અ.ભા. મહિલા મહામંડળ અંતર્ગતની શિક્ષણ સમિતિ દ્વારા કરવામાં આવેલ હતું. તેના માટે કોઈ પણ પ્રોડક્ટની એડવર્ટાઇઝિંગ કરતો ૧ મિનટનો વિડિઓ બાળતરંગ ગ્રુપમાં તારીખ ૧૬ નવેમ્બર બાળદિવસના દિવસે બાળ સ્પર્ધકો દ્વારા મોકલવામાં આવેલ હતો. જેમાં એડવર્ટાઇઝ મેકિંગની નવીનતા, સર્જનશીલતાને પ્રાધાન્ય આપવામાં આવેલ હતું. આ સ્પર્ધા માં ૩૫ થી પણ વધારે બાળકો એ ભાગ લીધેલ હતો.

બાળકો તેમજ પાલકોના ઉત્સાહને લીધે બાલ તરંગ ગ્રુપ એકદમ બાલમય બની ગયેલું હતું. કાલી ઘેલી ભાષામાં બોલતા બાળકોના ટેલેન્ટને જોઈને લાગતું હતું કે આપના સલસ સમાજમાં

ભારતીય સનાતન સંસ્કૃતિનો ધ્વજ ખૂબ ઊંચેથી લહેરાઈ રહ્યો છે. સાથે સાથે બાલતરંગ ગ્રુપમાં ટોટલ ૧૦૨૫ લોકોએ ગ્રુપને જોઈન કરીને કરી ગ્રુપની લિમિટ પુરી કરી પરાકાષ્ઠા પહોંચાડેલ હતું તેના સાથે બાલ તરંગ ગ્રુપ -૨ની પણ રચના કરવી પડેલી હતી. જે સાબિત કરે છે કે શિક્ષણ સમિતિ બાળતરંગ ગ્રુપ બાળકોનું ''બાલ વિકાસ મંચ'' બની ગયું છે. તેમજ બાળકોને પોતાનું ટેલેન્ટ રજૂ કરવા માટેનું એક પ્લેટફોર્મ આપણા સમાજમાં પૂરું પાડે છે. જે ખુબ ગૌરવપ્રદ વાત છે.

શિક્ષણ સમિતિ અધ્યક્ષ શ્રીમતી જ્યોતિબેન રાઠોડ, મંત્રીઓ શ્રીમતી કલ્પનાબેન પરમાર ,શ્રીમતી કનકબેન ટાંક,શ્રીમતી તૃપ્તિબેન રાઠોડ તેમજ શ્રીમતી મોનાબેન પરમારની પુરી ટીમએ કાર્યક્રમને પૂરો કરવા માટે જહેમત લીધેલ હતી. અ.ભા. મહિલા મહા મંડળના પ્રમુખ શ્રીમતી ગીતાબેન ચૌહાણ તથા મહામંત્રી શ્રીમતી રીટાબેન ચૌહાણ એ સર્વે વિજેતાઓને અભિનંદન આપ્યા હતા. એડવર્ટાઇઝ મેકિંગ કોમ્પિટિશન નું રીઝલ્ટ આ પ્રમાણે આવેલ હતું. ★ પ્રથમ ઇનામ : કુશ ગોહિલ-આદિપુર, સમૃદ્ધિ ટાંક-નિઝામાંબાદ ★ દ્વિતીય ઇનામ : પરમાર માલવ્ય દક્ષેશભાઈ -કુકમા, ભવ્યમ ધવલ ચૌહાણ-ગાંધીધામ ★ તૃતીય ઇનામ : મિહિરા અનંત ચૌહાણ, પંકિત મુકેશ મારૂ - અમદાવાદ ★ આશ્વાસન ઇનામ : ડિલીશા હરીશ ટાંક-કાગઝનગર, પનવી જીતેશભાઇ ચાવડા-બિલાશપુર, હિયાના મિશલકુમાર ચાવડા-બેંગ્લોરુ.

પ્રત્યેક બાળકમાં એક અલગ જ પ્રકારનું ટેલેન્ટ હોય છે અમારા માટે તો પ્રત્યેક બાળક વિજેતા જ છે.. બાલ દિવસના દિવસે બાળકોને બાળકોમાં થતા આ વિકાસ ને જોઈ ને ખુબ ખુશી થઈ. શિક્ષણ સમિતિના માધ્યમથી બાળકોના વિકાસને અનુલક્ષીને વિવિધ કાર્યક્રમો થાય છે. તેનાથી બાળકો સાથે સાથે તેમના માવિત્રો તેમના પરિવાર તે પણ એમાં પ્રત્યક્ષ પરોક્ષ રૂપથી સંલગ્ન હોય છે આમ તમે સિર્ફ બાળકો નહીં પણ પુરા પરિવાર ની પણ ક્રિએટિવિટી અને વિભિન્ન વિષયો પર જ્ઞાન વર્ધન થાય છે. એક ઉમંગ અને ઉત્સાહ ભરાય છે.. પરિવારમાં સકારાત્મકતાનો ભાવ આવે છે, આત્મવિશ્વાસ પણ વધે છે. આમ, બાળ તરંગ પરિવારમાં ખુશીની તરંગ પણ લાવે છે. આભાર સહ સર્વે વિજેતાઓ ને અભિનંદન....અભિનંદન..

## યુ.કે. મહિલા મંડળ





યુ.કે. મહિલા મંડળના સભ્યો દ્વારા તા.૨૬.૧૦.૨૫ના દિવાળી સ્નેહમિલનનું આયોજન વિદેશ સમિતિના સાંસ્કૃતિક મંત્રી શ્રીમતી એકતાબેન શૈલેષભાઈ ટાંકના ઘરે રાખવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિદેશ સમિતિના અધ્યક્ષ અને યુકેના સલાહકાર પ્રમુખ શ્રીમતી લીનાબેન રજનીશભાઈ રાઠોડ પણ જોડાયા હતા. તેમણે બધાને અભિનંદન અને શુભેચ્છા આપીને આભાર વ્યક્ત કર્યો હતો. યુ.કે. ના પ્રમુખ શ્રીમતી પલ્લવીબેન સૂર્યકાંતભાઈ રાઠોડ દ્વારા પણ અભિનંદન પાઠવવામાં આવેલ. યુ.કે.ના મંત્રી શ્રીમતિ તેજલબેન ભરતભાઈ રાઠોડ દ્વારા ગેમ રાખવામાં આવેલ તેમજ વિદેશ સમિતિના સ્વાસ્થ્ય મંત્રી શ્રીમતિ નિકીતાબેન સંજયભાઈ ટાંક દ્વારા આરોગ્ય માટેની ઉપયોગી જાણકારી આપવામાં આવેલ.

અન્ય યુ.કે. ના સાંસ્કૃતિક મંત્રી શ્રીમતિ અકસિનાબેન દીવાકરભાઈ ચૌહાન અને છાયાબેન મનુભાઈ ટાંક પણ ગેમ રમાડવામાં સાથ આપ્યો તેમજ ચેતન ભાઈ અને દિપેશભાઈ અને મલિકાબેન બધા પરિવાર સાથે ઉપસ્થિત હતા. વડીલોમાં જયાબેન ટાંક અને ચંપાબેન પણ હતા. બધા મળીને આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. સર્વ પ્રથમ દીપ પ્રજ્વલિત કરી વંદનાથી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. પછી અહેવાલ આપવામાં આવ્યો હતો. બાળકો અને મહિલા મંડળ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો અને ગેમ્સ પણ રમાડવામાં આવ્યા હતા તેમાં વડીલો અને પુરુષો પણ જોડાયા હતા. મહિલા મંડળ દ્વારા કાર્યક્રમ રજૂ કરેલ આ આપણી ગુજરાતી સંસ્કૃતિને દર્શાવતુ હતું. ત્યાર બાદ બધાએ મળીને સ્નેહ પૂર્વક ભોજન લીધું અને છુટા પડ્યા હતા.

## આદિપુર મહિલા મંડળ





આદિપુર મહિલા મંડળની કીટી પાર્ટીનું આયોજન તા. ૦૪-૧૧-૨૦૨૫ના રોજ શ્રીમતી રક્ષાબેન ટાંકના ઘરે કરવામાં આવેલ. સૌ પ્રથમ નવા વર્ષની શુભેચ્છાની આપ-લે કરેલ. ત્યાર બાદ અર્જુન ગીતાના પાઠ કરેલ. વેલકમ ડ્રીંક બાદ, હાઉજી ગેમ અને વન-મિનિટ ગેમ રાખેલ. વન-મિનિટ ગેમમાં પ્રથમ દીપીકાબેન ટાંક અને બીજા ક્રમે શ્રીમતી કોકીલાબેન ગોહિલ આવેલ. બંનેને રક્ષાબેન ટાંક તરફથી ઇનામ આપવામાં આવેલ. ત્યાર બાદ અલ્પાહાર અને આઇસક્રીમની મજા માણેલ. ત્યાર બાદ નૂતન વર્ષના અભિવાદન રૂપે બધાયે હાથમાં દીપ પ્રગટાવી નવા વર્ષને આવકાર્યું હતું. ત્યાર બાદ ફોટો સૂટ કરેલ. 'આરંગેત્રમ' - આદિપરનું ગૌરવ એવું તા. ૦૯-૧૧-૨૦૨૫ના રોજ નિશાબેન અમિતભાઇ ચાવડાની સુપુત્રી પ્રાચીનું 'પંચ નુપુર' નો ફાઇનલ નૃત્યાર્પણનો સુંદર કાર્યક્રમ રજુ કરેલ. જેમાં સુંદર નૃત્ય કૃતિઓ રજુ કરેલ. ત્યાં તેમને 'સન્માનપત્ર' આપવામાં આવેલ. જે આપણા સમાજ માટે ગૌરવની વાત છે.

## નાગપુર મહિલા મંડળ



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ નાગપુર મધ્યે નાગપુર મહિલા મંડળ દ્વારા તા. ૨૩-૧૧-૨૦૨૫ના રોજ મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી ગીતીકાબેન ચૌહાણના સાનિધ્યમાં આ વર્ષે પણ પિકનીકનું આયોજન કરવામાં આવ્યું હતું. પિકનીકનું સ્થળ શ્રીમતી અમીબેન મહેન્દ્રભાઇ ટાંકના ખેતરમાં રાખવામાં આવ્યું હતું. જેમાં ઘટકના બહેનોએ હોંશે-હોંશે પોતાના નામ નોંધાવીને આ પિકનીકને સફળ બનાવ્યું હતું.

સવારે ૧૦ વાગે હિનાબેન ટાંકના ઘરેથી બસ દ્વારા અમીબેનના ખેતરે પહોંચ્યા હતા. ત્યારે અમીબેને બધા બહેનોનું હાર્દિક સ્વાગત ગરમા-ગરમ ચા-નાસ્તાથી કર્યુ હતું. ત્યાર બાદ તેમને પોતાના ખેતરમાં લઇ જઇને તેમનું ખેતર બધાને બતાવ્યું હતું. બધાને ખુબજ આનંદ આવ્યો હતો. લીલોતરી શાકભાજીને જોઇને સૌ આનંદીત થયા હતા. ત્યાં નાસ્તો-પાણી કરી ત્યાર બાદ નદીમાં નાહીને ગરમાગરમ ભોજનની વ્યવસ્થા મહિલા મંડળ દ્વારા કરવામાં આવી હતી. ભોજન બાદ રમત-ગમત રમ્યા હતા. બહેનોને ખુબજ મજા પડી. સાંજે ચા સાથે અલ્પાહાર લઇ અમીબેનનો આભાર માની પાછા બસ દ્વારા નાગપુર પરત ફર્યા હતા. અમીબેને બધા બહેનોને તાજા શાકભાજી આપી ખુશ ખુશ કરી દીધા હતા.

## કુમ્હારી મહિલા મંડળ



તા. ૨૨-૧૦-૨૦૨૫ના કુમ્હારી ઘટક સમાજ ભવનમાં સવારે ૮.૩૦ વાગ્યેથી સ્નેહમિલનનું આયોજન કરવામાં આવેલ હતું. ઘટક પ્રમુખશ્રી હરીશભાઇ ગોહિલ, મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી રંજનબેન જયેશભાઇ ચાવડા દ્વારા નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી તથા વડીલોના આશીર્વાદ મેળવેલ. સમાજના વડીલ શ્રી જેઠાલાલભાઇ ચૌહાણ, ગં.સ્વ. પ્રાણકુંવરબેન ચૌહાણ, ગં.સ્વ. ભાનુબેન રાઠોડ દ્વારા સર્વેને

શુભકામનાઓ તથા આશીર્વાદ સાથે બધા એકબીજાથી મળી આનંદિત થયા હતા. ત્યાર બાદ સ્વલ્પાહાર લઇ બધા છુટા પડ્યા હતા.

તા. ૨૯-૧૦-૨૦૨૫ના કુમ્હારી ઘટકના આંગણે શ્રી જલારામ જયંતિનો ઉત્સવ ધુમધામથી ઉજવવામાં આવેલ. મહિલા મંડળ દ્વારા સવારે ૧૦.૩૦ વાગ્યે શ્રી હરીશભાઇ વલમજીભાઇ ગોહિલના ઘરેથી શોભાયાત્રા નિકાળવામાં આવી. જેમાં બાલિકાઓ તથા બહેનો દ્વારા કળશ ઉપાડી, ભજન-કિર્તન, બાપાના જયકારાના નાદે, વાજતે-ગાજતે સમાજ ભવનના આંગણે આવેલ. ત્યાં રંજનબેન સાથે હંસાબેન, પુનિતાબેન, બબીતાબેન, હંસુબેન સાથે મહિલા મંડળની સર્વે બહેનો દ્વારા બાપાનું સ્વાગત કરવામાં આવ્યું. બાપાના ભજન-કિર્તન, રાસગરબાની રમઝટ બાદ આરતી કરી, મહાપ્રસાદ



જમીને વિવિધ કાર્યક્રમ કરવામાં આવેલ. ત્યારબાદ સંધ્યા આરતી કરી, બાપાને વિદાય આપી. આમ, પૂરા દિવસ સાથે રહી ખુબજ આનંદ માણી સહુએ એકબીજાથી રજા લીધી. રાત્રે ૮.૩૦ વાગ્યે યુવા મંડળ દ્વારા ગુજરાતી સિનેમા ''જય માતાજી લેટ્સ રોક''નો પણ બધાએ આનંદ લીધેલ.

## મુંબઇ મહિલા મંડળ (પ.)





શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મુંબઈ મહિલા મંડલ (પશ્ચિમ ) દ્વારા તારીખ ૧૬-૧૧-૨૦૨૫ના એંજલ એક્સપ્રેસ ફાઉન્ડેશન જોગેશ્વરી-ઇસ્ટ (મુંબઈ)ના સ્લમ એરીયા, માંરહેતામાં ૧૦૦ જેટલા બાળકો માટે બેગ પેન્ટિંગનો વર્કશોપ લેવામાં આવેલ.આ વર્કશોપ બાળદિન નિમિત કરવામાં આવેલ હતો.

જેમાં મુંબઇ મહિલા મંડળ પશ્ચિમની ૧૯ બહેનોએ ખુબજ સક્રિય કાર્ય કર્યું અને બાળકોને બેગ પર વિભિન્ન ટેકનિકથી પેઇન્ટીંગ કરાવી બાળકોએ વર્કશોનો બહુ આનંદ લીધો હતો. દરેક બાળકને પેન્ટ કરેલી બેગ એમને ભેટ આપવામાં આવેલ. પેન્ટીંગ વર્કશોપમાં લાગતી સામગ્રી બેગ, કલર્સ, બ્રશ ઇત્યાદી મુંબઇ મહિલા મંડળ પશ્ચિમ પ્રમુખ શ્રીમતી કુસુમબેન પરમાર તરફથી આપવામાં આવેલ હતી.

દરેક બાળકોને વૈશાલીબેન રાઠોડ - ઉપપ્રમુખ તરફથી બિસ્કીટ પેકેટ આપવામાં આવેલ. અમીબેન રાઠોડ તરફથી પેન્સીલ, સ્કેલ, રબ્બરના પેકેટ આપવામાં આવેલ. યુવા મંડળ પ્રમુખ નેહાબેન ટાંકના હસ્તે યુવા મંડળ તરફથી લંચબોક્સ આપવામાં આવેલ. દરેક બાળકોએ ખુબજ સરસ પેન્ટીંગ કરેલ હતું. સૌના ચહેરા પર આનંદ દેખાતો હતો. તેમના ચહેરા પરનો આનંદ જોઇ સર્વે બહેનોને ખુબજ સંતોષની લાગણી થઇ હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે દરેક બહેનોનો આભાર માનવામાં આવેલ.

## છત્તીસગઢ પ્રા. મહિલા મંડળ

છત્તીસગઢ પ્રાદેશિક મહિલા મંડળની એક વિશેષ પહેલ જેમાં પ્રાદેશિક મહિલા મંડળ દ્વારા કાનુની સજાગતા વેબિનાર રાખવામાં આવેલ હતો. બહેનોને કાનુની અધિકારો, કાયદા અને પોતાની સુરક્ષા અને નિયમો વિશે અજાણ હોય છે. આના સાથે સાયબર ક્રાઇમ સંબંધી કાયદા જાણવા માટે આ વેબિનાર રાખવામાં આવેલ. છત્તીસગઢ પ્રાદેશિક મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી નીતાબેન રાજેશભાઇ રાઠોડની અધ્યક્ષતા હેઠળ આ કાર્યકમ યોજવામાં આવ્યો હતો. કાનુની જાગૃતિ એટલે કે કાનુની નિયમો અને કાયદા સમજવા, પોતાના હક્કને સમજવા માટે સુરક્ષા કાયદા, અધિકારોની માહિતી (આર.ટી.આઇ.), કોઇપણ જાણકારી હોય તેના માટે રાયપુરથી વકીલ શ્રી ગૌરવભાઇ ચાવડા દ્વારા જાણકારી આપવામાં આવેલ હતી.

સાથે જ આજના સમયમાં સાઇબર ક્રાઇમ ખુબજ થઇ રહ્યું

છે. લોકો સાઇબર ભૂલભૂલૈયામાં ફસાઇ જાય છે અને ભ્રમિત થાય છે તેની જાણકારી પણ રાયપુરથી પંકજભાઇ સોલંકી દ્વારા આપવામાં આવેલ. આ ઓનલાઇન વેબિનારમાં લગભગ ૬૫ બહેનોએ લાભ લીધેલ હતો અને કાનુની નિયમોને સમજી પોતાના હકનું રક્ષણ કેવી રીતે કરી શકીએ સાથે ભ્રષ્ટાચાર અને ગુનાહોને રોકવામાં કેવી રીતે યોગદાન આપી શકીએ અને જાગૃત બની મજબૂત સમાજ અને મજબૂત દેશ બનાવીએ તેની જાણકારી મેળવેલ હતી. આ વેબિનારમાં અખિલ ભારતીય મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી ગીતાબેન ચૌહાણ, સલાહકાર પ્રમુખ શ્રીમતી અમિતાબેન સોલંકી, મંત્રી શ્રીમતી રીટાબેન ચૌહાણ સાથે શ્રીમતી વેલુબેન ચાવડા, શ્રીમતી જ્યોતિબેન રાઠોડ, શ્રીમતી કાન્તાબેન કોન્ટ્રાકટર, ઉર્મિલાબેન, મીતાબેન રાઠોડ, ઉષાબેન ચૌહાણ સાથે સર્વે હોદ્દેદારો, સર્વે સમિતિઓના મંત્રીશ્રીઓ, ઝોનલ પ્રમુખ, સર્વે ઘટકોના પ્રમુખ સાથે પદાધિકારી બહેનો સાથે ભાઇઓ પણ જોડાઇને આ કાનુની વેબિનારનું લાભ લીધેલ. કાર્યક્રમના અંતમાં જે પણ બહેનો કાનુની યા સાઇબર ક્રાઇમના કોઇ પ્રશ્નો હતા તેમના ઉત્તર અને સમાધાન આપવામાં આવેલ. કાર્યક્રમની શરૂઆત છત્તીસગઢ પ્રા.ના મંત્રી શ્રીમતી સોનલબેન પરેશભાઇ રાઠોડ દ્વારા ગણેશ વંદના કરીને કરવામાં આવેલ. ગુગલ મીટનું સંચાલન શ્રીમતી મેઘાબેન રાજેશભાઇ પરમાર દ્વારા અને કાર્યક્રમની રૂપરેખા તૈયાર કરવામાં શ્રીમતી અરૂણાબેન તુષારભાઇ ચૌહાણનું સહયોગ મળેલ. શ્રીમતી ભારતીબેન મહેન્દ્રભાઇ વરૂ દ્વારા આભાર વ્યકત કરવામાં આવેલ.

## જગદલપુર મહિલા મંડળ




જગદલપુર ઘટક દ્વારા તા. ૦૯-૧૧-૨૦૨૫ના દિવસે સ્નેહમિલનનો કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. જેની શરૂઆત મહિલા મંડળ દ્વારા સરસ્વતી વંદનાથી કરવામાં આવેલ. ત્યાર બાદ વિવિધ રમત-ગમતના કાર્યક્રમ રાખવામાં આવેલ અને મેધાવી વિદ્યાર્થીઓનું સરસ્વતી સન્માન ચાંદીના લોકેટ આપીને કરવામાં આવ્યું હતું.

મહિલા મંડળનો કાર્યકાળ પૂરો થતાં નવી કાર્યકારીણીનું ગઠન કરવામાં આવ્યું હતું. જેમાં સર્વસંમતિથી અધ્યક્ષ પદ માટે શ્રીમતી નૂતનબેન ભરતભાઇ ચાવડાના નામનું ચયન કરવામાં આવેલ હતું. શ્રીમતી નૂતનબેન ભરતભાઇ ચાવડા દ્વારા પોતાની કાર્યકારીણીની ટીમમાં ઉપાધ્યક્ષ શ્રીમતી સંગીતાબેન વિકાસભાઇ ચૌહાણ, સચિવ શ્રીમતી ચેષ્ટાબેન રાજેશભાઇ રાઠોડ, સહ સચિવ શ્રીમતી પ્રિયાબેન હાર્દિકભાઇ ટાંક, કોષાધ્યક્ષ શ્રીમતી નમિતાબેન નુપેશભાઇ મારૂ તથા કાર્યકારિણી સદસ્યોમાં શ્રીમતી રાનીબેન મનોજભાઇ ટાંક, શ્રીમતી પૂજાબેન પંકજભાઇ ટાંક, શ્રીમતી હેમાક્ષીબેન યોગેશભાઇ ટાંક, શ્રીમતી અંજલિબેન મનોજભાઇ ચાવડા, શ્રીમતી કવિતાબેન જીતેન્દ્રભાઇ ચાવડાના નામોની ઘોષણા કરી સલાહકાર સમિતિમાં શ્રીમતી જ્યોતિબેન મહેશભાઇ ટાંક, શ્રીમતી ભાનુમતીબેન નરેન્દ્રભાઇ મારૂ, શ્રીમતી જસવંતીબેન હરિલાલભાઇ ચાવડા અને શ્રીમતી સરલાબેન હસમુખભાઇ ચાવડાનું નામ પ્રસ્તાવિત કરવામાં આવ્યું હતું.

## ગુજરાત પ્રા.મ.મંડળ

ગુજરાત પ્રાદેશિક મહિલા મંડળ તથા ગુજરાત પ્રાદેશિક યુવા મંડળ દ્વારા જામનગર, સિક્કા/ઓખા, દ્વારકા અને મીઠાપુર ઘટકોની મુલાકાત અને મીટીંગો ખુબજ સૌહાર્દપૂર્ણ, સુવ્યવસ્થિત અને સફળ રીતે યોજાઇ હતી. દરેક સ્થળે સ્થાનિક મહિલા મંડળ દ્વારા તિલકવિધી, પુષ્પગુચ્છ તથા ઉષ્માભર્યા સ્વાગત સાથે પ્રાદેશિક ટીમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. દીપ પ્રાગટ્ય અને સમુહ પ્રાર્થનાથી તમામ મિટીંગોનું શુભ શરૂઆત કરવામાં આવી.

પ્રાદેશિક પ્રમુખ શ્રીમતી કિરણબેન રાઠોડે સંસ્થાના ઉદ્દેશો, ભવિષ્યની યોજનાઓ અને મહિલા સશક્તિકરણ અંગે પ્રેરણાદાયી માર્ગદર્શન આપ્યું હતું. મહામંત્રી શ્રીમતી બિનિતા ટાંકે સંગઠનાત્મક એક્તા, સંયુક્ત પ્રવૃત્તિઓ તથા મહિલાઓ માટે જાગૃતિ અને તાલીમ કાર્યક્રમોની આવશ્યકતા ઉપર ભાર મૂક્યો હતો. જામનગર, મીઠાપુર, ઓખા તથા દ્વારકા મહિલા મંડળ અને યુવા મંડળ દ્વારા વર્ષ દરમિયાન થયેલી વિવિધ ધાર્મિક,



સાંસ્કૃતિક, સામાજિક, શૈક્ષણિક અને સેવા પ્રવૃત્તિઓના વાર્ષિક અહેવાલો રજુ કરવામાં આવ્યા. મહિલા દિવસ, તહેવાર ઉજવણી, ભજન-પ્રાર્થના, ચિટફંડ, રમત-ગમત, સન્માન સમારંભ, જાગૃતિ કાર્યક્રમો અને સામૂહિક પ્રવૃત્તિઓની વિશેષ નોંધ લેવાઇ. સાયબર ક્રાઇમ અવેરનેસ, મોબાઇલ સેફ્ટી,





ગવર્નમેન્ટ સબસીડી અવેરનેસ તથા તમામ ઘટકોને સાથે જોડતી સંયુક્ત પ્રવૃત્તિઓ યોજવાની મહત્વપૂર્ણ ભલામણ કરવામાં આવી. સલાહકારશ્રીઓએ ઉત્સાહવર્ધક સંબોધન દ્વારા તમામ બહેનોને વધુ સક્રિય બનવા પ્રેરિત કર્યા.

દરેક સ્થળે સ્મૃતિભેટ, સન્માન અને આભારવિધાપન સાથે મીટીંગોનું સુખદ સમાપન કરવામાં આવ્યું તથા સૌએ સાથે મળીને ચા-નાસ્તાનો આનંદ માણ્યો. આ પ્રવાસ માત્ર મુલાકાત પૂરતો ન રહી, પરંતુ એક્તા, સહકાર, સેવા અને સંગઠન મજબૂતીકરણનો પ્રેરણાદાયી સંદેશ આપતો યાદગાર પ્રવાસ સાબિત થયો હતો.

## હૈદ્રાબાદ-સિકંદરાબાદ મહિલા મંડળ

હૈદ્રાબાદ-સિકંદરાબાદ ઘટક દ્વારા દિવાળી સ્નેહમિલન તા. ૯-૧૧-૨૦૨૫, રવિવારના આયોજીત કરવામાં આવ્યું હતું. ઘટકના આમંત્રણને માન આપી મહાસભા પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પી. સોલંકી, વરીષ્ઠ મહામંત્રી શ્રી વિનોદભાઇ ખોડિયાર, મંત્રી શ્રી ગિરીશભાઇ ચૌહાણ હૈદ્રાબાદ-સિકંદરાબાદના આંગણે પધાર્યા હતા. હૈદ્રાબાદ નિવાસી મહાસભા ઉપપ્રમુખ શ્રી સુનિલભાઇ વિશ્રામભાઇ ચાવડા અને અન્ય મહાસભા પદાધિકારીઓ ઉપસ્થિત હતા. ઘટક, મહિલા મંડળ અને યુવા મંડળ દ્વારા મોંઘેરા મહેમાનોનું સ્વાગત કંકુ તિલક, ફુલહાર અને ઢોલક-શરણાઇ વગાડીને કરવામાં આવ્યું હતું. રામાયણ પાત્રની સુંદર વેશભૂષામાં બાળકોએ એમનું ભવ્ય સ્વાગત કર્યું હતું. સવારથી સાંજ સુધી હાજરી આપી આદ. 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇએ સ્નેહમિલનની શોભામાં અભિવૃદ્ધી કરી હતી. બાલક, બાલીકા અને બહેનો દ્વારા સ્વાગત નૃત્ય અને અન્ય સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રસ્તુત કરવામાં આવ્યા હતા.



મહિલા મંડળ દ્વારા આયોજીત સજાવટ સ્પર્ધામાં વિજેતા બહેનોના નામ પ્રથમ કલાબેન એન. પરમાર, દ્વિતીય - અર્પિતાબેન કેતનભાઇ રાઠોડ, તૃતિય - દેવાંશી ખોડિયાર. તોરણ સજાવટન પ્રાયોજક શ્રીમતી લેખાબેન ચૌહાણ, રામાયણ પાત્રના પ્રાયોજક શ્રીમતી રીતાબેન વિનોદભાઇ યાદવ હતા. મહાસભા પ્રમુખ 'સમાજરત્ન'ખ શ્રી વિનોદભાઇ સોલંકી દ્વારા આંધ્રપ્રદેશ પ્રાદેશિક પ્રમુખ અને હૈદ્રાબાદ-સિકંદરાબાદ મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી હર્ષાબેન મેહુલભાઇ સોલંકીનું શાલ ઓઢાળીને સન્માન કરેલ હતું.

રમત-ગમત સમિતિ અધ્યક્ષ શ્રીમતી વંદનાબેન વી.

ચાવડા, ઉત્સવ સમિતિ અધ્યક્ષ શ્રીમતી રીતાબેન વાય. પરમાર અને માનદ્ સભ્ય શ્રીમતી પારૂલબેન એસ. ચાવડાનું શ્રી વિનોદભાઇએ શાલ ઓઢાળીને સન્માન કર્યું હતું. મહિલા મંડળ દ્વારા લક્કી ડ્રો અને તંબોલાનું આયોજન કરવામાં આવ્યું હતું. મહિલા મંડળની નવી કાર્યકારીણીનું ગઠન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રમુખ - શ્રીમતી વનિતાબેન એન. ચાવડા, ઉપપ્રમુખ - શ્રીમતી હેતલબેન વી. પરમાર, મંત્રી - શ્રીમતી રિતુબેન શરદભાઇ ચાવડા, સહમંત્રી - શ્રીમતી પૂર્ણિમાબેન જીતીનભાઇ રાઠોડ, ખજાનચી - શ્રીમતી ઉમાબેન એ. ચાવડા, સહખજાનચી



- શ્રીમતી અર્પિતાબેન કે. રાઠોડની વરણી કરવામાં આવી હતી.

## ગાંધીધામ મહિલા મંડળ



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ ગાંધીધામ મહિલા મંડળ દ્વારા તારીખ ૫-૧૧-૨૦૨૫ના મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી મોનાબેન નીતિનભાઈ પરમારના અધ્યક્ષ સ્થાનેથી મીટીંગ રાખવામાં આવેલ હતી. સર્વપ્રથમ સ્માઈલી ગ્રુપ દ્વારા બધાયને ખૂબ સારા અંદાજમાં દિવાળીની શુભકામના આપી આ ગ્રુપમાં વધારે મોટી ઉંમરની બહેનો હતા પણ વગર પ્રેક્ટિસના પણ એમને ખૂબ સારો પરફોર્મન્સ કર્યો હતો અને પોતે પ્રથમ વખત સ્ટેજ ઉપર પર્ફોમન્સ કરીને બહુ ખુશ થયા હતા.

ત્યારબાદ અનાજથી રંગોળી બનાવવાની પ્રતિયોગિતા રાખવામાં આવી હતી. બધાયની એકથી એક રંગોળી હતી. તેમાં



(પ્રથમ )કવિતાબેન રાઠોડ, (દ્વિતીય) નિકિતાબેન જેઠવા, (તૃતીય ) જિજ્ઞાસાબેન ટાંક આવ્યા હતા ત્યારબાદ મસ્ત ગેમ રમાડવામાં આવી હતી તેમાં (પ્રથમ) રમાબેન રાઠોડ (દ્વિતીય) કવિતાબેન રાઠોડ આવ્યા હતા. ત્યારબાદ સવિતાબેન ચૌહાણને સાલ ઓઢાડી અને ગિફ્ટ આપી ગાંધીધામ 'નારીરત્ન'થી સન્માનિત કરવામાં આવ્યા હતા. ત્યારબાદ સર્વે વિજેતાને ઇનામ આપ્યા અને બધાએ સ્વાદિષ્ટ નાસ્તો કરી છુટા પડ્યા હતા.

## નિઝામાબાદ મહિલા મંડળ

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ નિઝામાબાદ મહિલા મંડળની મીટીંગ નવેમ્બર મહિનામાં રાખવામાં આવી હતી. મીટીંગની શરૂઆત ગણેશવંદના કરીને શરૂ કરવામાં આવી હતી. મીટીંગમાં તુલસી વિવાહની થીમ પર તુલસીનો ક્યારો સજાવવાની પ્રતિયોગીતા રાખવામાં આવી હતી. જેમાં વિજેતા બહેનોને પ્રથમ, દ્વિતીય, તૃતિય અને આશ્વાસન ઇનામો આપવામાં આવ્યા હતા. ત્યાર બાદ મહિલા મંડળ દ્વારા ૧ મીનીટ ગેમ રમાડવામાં આવી હતી. જેમાં વિજેતા બહેનોને પ્રથમ પુરસ્કાર આપવામાં આવ્યું હતું. ત્યાર બાદ સર્વે બહેનો મળીને




હાઉઝી રમ્યા હતા. ત્યાર બાદ સ્વલ્પાહાર લઇને બધાય છુટા પડ્યા હતા.

## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ અખિલ ભારતીય યુવા મહામંડળ

# યુવા મંચ




**પ્રમુખ : અ.ભા. યુવા મહામંડળ**
**શ્રી ગૌરવ જગદીશભાઇ ટાંક**
250, સી.એ. રોડ, આંબેડકર સ્કવેર,
પો. નાગપુર (મહારાષ્ટ્ર) ૪૪૦૦૦૮
મો. 8007161696



**વરીષ્ઠ મહામંત્રી : અ.ભા. યુવા મહામંડળ**
**શ્રી પ્રતિક દિનેશભાઇ ટાંક**
૮૦, બિલેશ્વરનગર, અંજાર (કચ્છ)
મો. 8128948884,
E-mail : pdtank@gmail.com




**યુવા મંચમાં અહેવાલ પ્રકાશીત કરવા માટે અ.ભા.યુવા મહામંડળના વરીષ્ઠ મહામંત્રી શ્રી પ્રતિક દિનેશભાઇ ટાંકનો સંપર્ક કરવો.**

## ગુજરાત પ્રા. યુવા મંડળ







શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ અખિલ ભારતીય યુવા મહામંડળના માર્ગદર્શનમાં કાર્યરત ગુજરાત પ્રાદેશિક યુવા મંડળ તથા મહિલા મંડળ અંતર્ગત ગુજરાત પ્રાદેશિક મહિલા મંડળ દ્વારા સત્ર ૨૦૨૪-૨૦૨૬ની ઘટક સંપર્ક યાત્રા કાર્યક્રમ અંતર્ગત આ વર્ષે વિવિધ સામાજીક ઘટકોની મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. બે દિવસ ચાલેલી આ અવિસ્મરણીય મુલાકાતમાં દ્વારકા, ઓખા, મીઠાપુર, જામનગર અને સિક્કા જેવા મુખ્ય ઘટકોની મુલાકાત કરવામાં આવી હતી.

મુલાકાતનો મુખ્ય હેતુ પ્રાદેશિક અને ઘટક યુવા મંડળ વચ્ચે જોડાણ અને સંવાદ મજબુત કરવો, સમાજ ઉત્થાન માટે યુવાનોને સક્રિય અને જવાબદાર બનાવવા, યુવા મંડળોની પ્રવૃત્તિઓનું પરસ્પર આદાન-પ્રદાન કરવું, યુવા મંડળ દ્વારા નવી પહેલ અને સંયુક્ત કાર્યક્રમો માટે માર્ગદર્શન તૈયાર કરવું, સમાજ ઉત્થાન માટે અગ્રેસર થવું. આ મુલાકાતમાં પ્રાદેશિક ટીમમાંથી પ્રમુખ શ્રી નિલેશભાઇ સોલંકી, મહામંત્રી શ્રી તુષારભાઇ ચાવડા, મંત્રી શ્રી દર્શનભાઇ ચૌહાણ, કલા અને શૈક્ષણિક વિભાગના સહમંત્રી શ્રી ઉર્વી ચૌહાણ તથા અન્ય કાર્યકર્તાઓ સક્રિયપણે જોડાયા હતા. મુલાકાતની શરૂઆત તા. ૧૪-૧૧-૨૦૨૫, શુક્રવારના સાંજે ૪ વાગ્યે વડોદરા ને અમદાવાદથી યુવા મંડળ ટીમે જય શ્રી દ્વારકાધીશના ઉદ્‌ઘોષ સાથે દ્વારકા માટે પ્રસ્થાન કર્યું હતું અને મોડી રાત્રે દ્વારકા સમાજ ભવનમાં પહોંચ્યા હતા. તા. ૧૫-૧૧ના વહેલી સવારે દ્વારકાથી બેટ દ્વારકા પ્રસ્તાન કરી બેટ દ્વારકામાં ભગવાન શ્રી કૃષ્ણના દર્શન કરી ભવ્યતા અનુભવી ત્યાર બાદ ઘટક મુલાકાતની શરૂઆત કરી હતી.

ઓખા ઘટક મુકામે યુવા મંડળ પ્રમુખ શ્રી ભરતભાઇ યાદવ તેમજ તેમની ટીમે પ્રાદેશિક પ્રતિનિધિઓનું સ્વાગત કરીને સમાજ ઉત્થાનમાં યુવા ભાગીદારી અને ભાવી આયોજન પર માર્ગદર્શક ચર્ચા કરી હતી. મીઠાપુર ખાતે યુવા મંડળ પ્રમુખ શ્રી હિતેશભાઇ બચુભાઇ ખોડિયાર તથા ટીમે ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. અહીં પ્રાદેશિક પ્રતિનિધિઓએ સ્થાનિક પ્રોજેક્ટ, યુવા પ્રવૃત્તિઓ અને સામાજીક કામગીરી અંગે વિગતવાર માહિતી મેળવી અને ચર્ચા






કરી હતી. તા. ૧૬-૧૧, રવિવારે સવારે દ્વારકાધીશના દર્શન બાદ દ્વારકા યુવા મંડળ સાથે બેઠક યોજાઇ હતી. પ્રમુખ ગીરીશભાઇ ચૌહાણ તથા તેમની ટીમે પ્રાદેશિક સભ્યોનું સ્વાગત કરીને વિસ્તારથી યુવા પ્રવૃત્તિઓ અંગે સમીક્ષા રજુ કરી હતી.

બપોરે ટીમ દ્વારકાથી જામનગર તરફ પ્રસ્થાન કરીને સાંજ સુધીમાં ત્યાં પહોંચી હતી. જામનગર યુવા મંડળ પ્રમુખ નવીનભાઇ પરમાર તથા તેમની ટીમે સ્વાગત કરીને યુવા મંડળમાં ચાલી રહેલી શૈક્ષણિક, સામાજિક અને વિકાસલક્ષી પ્રવૃત્તિઓ અંગે ચર્ચા કરી હતી. સાથે સાથે ભાવી કાર્યક્રમો માટે મુલ્યવાન સુચનોનું પણ આદાન-પ્રદાન કરેલ હતું. દરેક ઘટકની મુલાકાત દરમિયાન ત્યાંના ઘટક પ્રમુખો, મહિલા મંડળ અને યુવા મંડળના સદસ્યો દ્વારા પ્રાદેશિક ટીમને ઉમળકાભર્યો આવકાર મળ્યો હતો. દરેક ઘટકોથી મળેલો સકારાત્મક ઉષ્માભર્યો પ્રતિસાદ આ મુલાકાતની સફળતાને સુચવે છે. ગુજરાત પ્રાદેશિક યુવા મંડળ અને મહિલા મંડળની આ મુલાકાત યુવાનોમાં સંગઠન, સંકલન અને સામાજીક જવાબદારીની ભાવના વધારવા માટે એક મહત્વપૂર્ણ પહેલ બની છે. આ મુલાકાત દ્વારા સ્પષ્ટ થયું કે સમાજ ઉત્કર્ષના માર્ગે યુવાનોની ભૂમિકા અનિવાર્ય છે અને જ્યારે યુવાનો એકમંચે સંગઠીત થાય ત્યારે સમાજને વધુ સુવ્યવસ્થિત, પ્રગતિશીલ અને સશક્ત બનાવવા શક્ય બને છે.

# ધાણેટી મધ્યે શુરાપુરા દાદાના સ્થાનકના હવનનો કાર્યક્રમ યોજાયો





શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજના શુરવીરોના શુરાપુરા દાદાના સ્થાનકે દર વર્ષની જેમ કારતક માસની અંધારી ચૌદસના દિને ધાણેટી ખાતે ૧૯-૧૧-૨૦૨૫, બુધવારના હવનનું આયોજન કરવામાં આવેલ. જેમાં મુખ્ય દાતા તથા ભોજન અને ગાય માટેના ચારાના દાતા 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી હતા. શ્રી પરમાર, સોલંકી, રાઠોડ, ચૌહાણ અને વરૂ નુખના શુરાપુરા દાદા ધાણેટીમાં બિરાજમાન છે. આ સ્થળનો ઇતિહાસ એવો છે કે શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ સૌરાષ્ટ્રમાંથી સને ૧૨૩૪માં ૨૩ અવટંકોના જ્ઞાતિબંધુઓ ધાણેટી આવી વસ્યા હતા. એક સમયની કચ્છની રાજધાની ધાણેટીમાં સને ૧૬૯૩માં ગાયના ધણ લુંટી જનારી ટોળકી સાથે ધર્મયુદ્ધમાં ત્યારના કચ્છના રાજા સાથે તમામ કોમના લોકો સાથે જોડાઇ કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજના વડવાઓ પણ વીરગતિ પામ્યા હતા. જેઓના પાળીયાઓ આવેલા છે. આ સ્થળે હવનનું આયોજન કરવામાં આવેલ તેમજ મહાપ્રસાદનું આયોજન કરવામાં આવેલ હતું.

આ વર્ષે શ્રી પરમાર, સોલંકી, રાઠોડ, ચૌહાણ અને વરૂ નુખના ગોઠી ભાઇઓ હવનવિધિ ભરત જેઠાલાલ રાઠોડ - માધાપર, ધનંજય દયારામભાઇ રાઠોડ - માધાપર, મોહિત વિનોદભાઇ સોલંકી - માધાપર, વિમલ પ્રવિણભાઇ ચૌહાણ - રેહા, ભૂમિત નલીનકુમાર પરમાર - કુકમા, ધવલ કમલેશભાઇ પરમાર - માધાપર, મહેન્દ્રભાઇ વલમજીભાઇ વરૂ - માધાપરના હસ્તે કરવામાં આવેલ હતું. ત્યાર બાદ મુખ્ય યજમાન શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભાના આદ. પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી, પાતાળેશ્વર મંદિર - ધાણેટીના પૂજારી તેમજ શુરાપુરા દાદાના પૂજારીશ્રીનું અનુક્રમે માધાપર ઘટક પ્રમુખ શ્રી જયંતિલાલ વલમજીભાઇ વાઘેલા, શ્રી શાંતિલાલ ઓધવજીભાઇ ચૌહાણ, શ્રી જયંતિલાલ મુળજીભાઇ રાઠોડ તથા શ્રી જેઠાલાલ ભીમજીભાઇ રાઠોડના હસ્તે બહુમાન કરવામાં આવેલ હતું. આ પ્રસંગે ધાણેટી ગામની ગાયોને ચારો આપવામાં આવેલ હતો અને ગામના તમામ બાળકોને મહાપ્રસાદ આપવામાં આવેલ હતું. સમાજના તમામ ગામના લોકો મોટી સંખ્યામાં લાભ લીધો હતો.

હવન આયોજન માટે ભરત શાંતિલાલ રાઠોડ - માધાપર, ભરત જેઠાલાલ રાઠોડ - માધાપર, શૈલેષ રતિલાલ ચૌહાણ - નાગોર, મોહનભાઇ જેરામભાઇ રાઠોડ - નાગોર, ગીરીશભાઇ મોરારભાઇ ચૌહાણ - કુકમા, હરીલાલ પરસોત્તમભાઇ ચૌહાણ - માધાપર, મુકુન્દભાઇ પ્રાગજીભાઇ સોલંકી - માધાપર, પરેશભાઇ દયારામભાઇ વરૂ - માધાપર, મિતેશ જયંતિલાલ ચોકસી - માધાપર, મહેન્દ્રભાઇ વલમજીભાઇ વરૂ - માધાપર, રમેશભાઇ શાંતિલાલ રાઠોડ વગેરેએ જહેમત ઉઠાવેલ હતી. આ હવન પ્રસંગે મહાસભાના વરીષ્ઠ ઉપપ્રમુખ ડૉ. શ્રી મનોજભાઇ

પુરૂષોત્તમભાઇ સોલંકી, કુકમા ઘટકના પ્રમુખ શ્રી કેતનભાઇ હરીરામભાઇ ચૌહાણ, નાગોર ઘટકના પ્રમુખ શ્રી વ્રીજેશભાઇ ધનજીભાઇ સોલંકીએ હાજરી આપેલ હતી. હવનવિધ ધવલ મારાજ-માધાપર દ્વારા કરવામાં આવેલ હતી.

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કેળવણી મંડળની ત્રિ-વાર્ષિક સામાન્ય સભાનો અહેવાલ



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કેળવણી મંડળની ત્રિ-વાર્ષિક સામાન્ય સભા શ્રી ક.ગુ.ક્ષ. સમાજ કુકમા ઘટકના સ્નેહમય આમંત્રણથી સમાજ ભવન મધ્યે મંડળના પ્રમુખ ડૉ. શ્રી મનોજભાઇ પી. સોલંકીના અધ્યક્ષ સ્થાને તા. ૩૦-૧૧-૨૦૨૫ના રોજ યોજવામાં આવેલ હતી. મુખ્ય અતિથિ તરીકે મહાસભાના આદ. પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પી. સોલંકી ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે મંચસ્થ મહાનુભાવોએ દિપ પ્રાગટ્ય કરેલ હતું. કુકમા ઘટકના પ્રમુખ શ્રી કેતનભાઇ ચૌહાણે શાબ્દિક સ્વાગત કરેલ હતું. સભાના પ્રારંભે સમાજના દિવંગત મહાનુભાવોને શ્રદ્ધાંજલી આપી મૌન પાડવામાં આવેલ હતું. શુભેચ્છા સંદેશાઓના વાંચન બાદ મંત્રી શ્રી અનિલભાઇ ચૌહાણ દ્વારા ગત બેઠકની મિનિટ્સનું વાંચન અને કોષાધ્યક્ષ શ્રી વિનોદભાઇ પઢિઆર દ્વારા બન્ને ભવનો તથા મંડળના વાર્ષિક ઓડિટેડ હિસાબો તથા ઋણાભિધાન સમારોહની આવક તથા જાવકની રજુઆત કરવામાં આવેલ હતી. જેને સભા દ્વારા સર્વાનુમતે બહાલી આપવામાં આવી હતી.

અંજાર ભવનનો અહેવાલ પ્રમુખ શ્રી પાર્થભાઇ ચાવડાએ અને ભુજ ભવનનો અહેવાલ મંત્રી શ્રી ઉમંગભાઇ પરમારે રજુ કરેલ હતો. જેમાં અંજાર ભવન મધ્યે ચાલતી શ્રી કે.જી.કે. ટ્રેનિંગ ઇન્સ્ટીટ્યુટ તથા ભુજ ભવનમાં વિદ્યાર્થીઓના આવાસ-નિવાસ અને રોજગારલક્ષી તામીમ પ્રવૃત્તિઓની વિસ્તૃત ચર્ચા કરી આવી ઉપયોગી પ્રવૃત્તિઓને વેગ આપવા નિર્ણય થયો હતો.

પ્રાસંગિક પ્રવચનમાં મહાસભા તથા મંડળના ઉપપ્રમુખ શ્રી વિનોદભાઇ ચૌહાણે હાલના પ્રમુખ ડૉ. શ્રી મનોજભાઇ સોલંકીના નેતૃત્વ હેઠળ શૈક્ષણિક ગતિવિધિઓની થઇ રહેલ પ્રગતિ અંગે હર્ષ વ્યક્ત કરી સંસ્થા દ્વારા થતી પ્રવૃત્તિઓમાં સહયોગી બનવાની સાથે સમાજના વધુમાં વધુ છાત્રો તેનો લાભ લે તેવો અનુરોધ કરેલ હતો. કચ્છ પ્રાદેશિક સમિતિના પ્રમુખ શ્રી બાબુભાઇ ચૌહાણે બન્ને વિદ્યાર્થી ભવનો તથા મંડળની વિકાસગાથાનું વર્ણન કરી માજી વિદ્યાર્થી રૂપે આનંદ તથા ગૌરવની લાગણી વ્યક્ત કરેલ હતી.

સભાના મુખ્ય અતિથિ અને મહાસભાના ક.ગુ.ક્ષ. કન્યા છાત્રાલયના આદ. પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીજીએ કેળવણી ક્ષેત્રે આપણા સમાજના વડીલોના યશસ્વી યોગદાનનું સ્મરણ કરીને વંદન કરેલ હતા તેમજ, તેમના અદ્‌ભૂત વારસાને આગળ વધારવા તથા જાળવી રાખવાના થતા ઉમદા પ્રયાસો બદલ પૂર્વ પ્રમુખો અને વર્તમાન પ્રમુખ શ્રી ડૉ. મનોજભાઇ સોલંકીની ટીમને અભિનંદન આપેલ હતા. અધ્યક્ષ સ્થાનેથી પ્રવચન આપતા ડૉ. મનોજભાઇ સોલંકીએ સંસ્થાના તમામ પૂર્વ સંચાલકોના યોગદાનને યાદ કરી આવી ઐતિહાસિક સંસ્થાને ટકાવી રાખવાના ઉમદા પ્રયાસને બિરદાવેલ હતો. મંડળના ઋણાભિધાન સમારોહમાં દાતાશ્રીઓ તેમજ પૂર્વ વિદ્યાર્થીઓના સહયોગ તથા વિશેષ રૂપે સમાજના ભવ્ય ભૂતકાળની ઝાંખી કરાવતા પ્રદર્શનની પ્રસંશા કરેલ હતી. શ્રી કે.જી.કે. ટ્રેનિંગ ઇન્સ્ટીટ્યુટની વિવિધ તાલીમોનો સમાજના વધુને વધુ છાત્રો લાભ લે તેવી અપેક્ષા રાખી આગામી આયોજનોનો ચિતાર આપેલ હતો.

સભામાં એજન્ડા મુજબની અન્ય કાર્યવાહી ઉપરાંત આગામી સત્ર માટે ડૉ. શ્રી મનોજભાઇ પી. સોલંકીના નેતૃત્વ હેઠળ નવી કારોબારી સમિતિની રચના કરવામાં આવેલ હતી. સભાનું સંચાલન મંડળના મંત્રીઓ શ્રી વિનોદભાઇ ખોડિયાર તથા શ્રી અનિલભાઇ ચૌહાણે કરેલ હતું. શ્રી ઉમેશભાઇ ચૌહાણ, શ્રી ઉમંગભાઇ પરમાર, શ્રી પિયુષભાઇ ટાંક, શ્રી અંકિતભાઇ ચૌહાણ તથા કુકમા ઘટકના કાર્યકર્તાઓએ વ્યવસ્થા સંભાળી હતી.

# શ્રી ક.ગુ.ક્ષ. કન્યા છાત્રાલય - કુકમા



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કન્યા છાત્રાલય - કુકમાના ઉપપ્રમુખ શ્રી પ્રભુલાલભાઇ પુરૂષોત્તમભાઇ પરમારના પુત્રવધુ શ્રીમતી ભૂમિકાબેન જીતેનભાઇ પરમારના જન્મ દિવસ પ્રસંગે તેમના પરિવાર દ્વારા છાત્રાલયની તમામ વિદ્યાર્થીનીઓને યુનિફોર્મના ગરમ સ્વેટર તથા નોટબુકો ભેટ આપવામાં આવ્યા હતા તેમજ વિદ્યાર્થીનીઓને પ્રીતિ ભોજન આપેલ હતું. આ પ્રસંગે શ્રીમતી કલાબેન પ્રભુલાલભાઇ પરમાર તથા કુ. અવંતિકા જીતેનભાઇ પરમાર સાથે રહી ભેટ વિતરણ કરેલ. છાત્રાલય પરિવાર વતી માનદ્ વ્યવસ્થાપક શ્રી મોહનભાઇ ચૌહાણ, સહ વ્યવસ્થાપક શ્રીમતી અનસુયાબેન પરમાર તથા કોષાધ્યક્ષ શ્રી અનિલભાઇ ચૌહાણ હાજર રહેલ અને સમગ્ર પરિવારનો આભાર વ્યક્ત કરેલ હતો.

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સાર્વજનિક ટ્રસ્ટ



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા પ્રતિ વર્ષ કચ્છ પ્રાદેશિક અંતર્ગતના ઘટકોના આર્થિક રીતે નબળા છાત્રોને શિષ્યવૃતિ આપવામાં આવે છે. ચાલુ વરસે શિષ્યવૃતિ મંજુર કરીને વિતરણ કરવાનો કાર્યક્રમ કન્યા છાત્રાલય-કુકમા મધ્યે પ્રમુખ શ્રી મોહનલાલ કુંવરજીભાઇ ચૌહાણના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવેલ હતો. જેમાં શિષ્યવૃતિ માટે આવેલ કુલ ૨૧ જેટલી અરજીઓને ગ્રાહ્ય રાખી રૂા. ૭૫,૦૦૦/- જેટલી રકમનું ટ્રસ્ટના પદાધિકારીઓ એવા પ્રમુખશ્રીની સાથે ઉપપ્રમુખ શ્રી વિનોદભાઇ ચૌહાણ, મંત્રી શ્રી વેલજીભાઇ ચૌહાણ, ટ્રસ્ટીઓ શ્રી રમેશચંદ્ર આર. ચૌહાણ, શ્રી અનિલભાઇ ડી. ચૌહાણ, શ્રી હરીલાલભાઇ યાદવના હસ્તે વિતરણ કરવામાં આવેલ હતું. સમાજરત્ન સ્વ. હિરજીબાપા તથા માધાપર નિવાસી સન્માનનીય વડીલ સ્વ. નરસિંહભાઇ મનજીભાઇ રાઠોડના પ્રયાસોથી સ્થપાયેલ આ ટ્રસ્ટ છેલ્લા ૫૦ વર્ષથી કાર્યરત છે અને કચ્છના વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ આપવાની સેવા કરે છે.

# સમાજ ગૌરવ



નાગલપર નિવાસી ખ્યાતિ બેન કિરીટભાઇ ચૌહાણની સુપુત્રી જહાન્વી ચૌહાણએ શિક્ષણ, વકતૃત્વ, નૃત્ય અને કલાના અનેક પ્રતિષ્ઠિત મંચો પર સતત સર્વોત્તમ પ્રદર્શન કરી સમાજનું તથા દેશનું ગૌરવ વધારેલ છે. જેમાં યુનેસ્કોના ભાગીદાર એવા અખિલ ભારતીય સંસ્કૃતિક સંઘ (એબીએસએસ) દ્વારા પુણે ખાતે રાષ્ટ્રીય સ્તરે યોજાયેલ નૃત્ય સ્પર્ધામાં જહાન્વીએ સમગ્ર ભારતમાંથી આવેલા કલાકારો વચ્ચે પ્રથમ સ્થાન હાંસલ કર્યું. ત્યાર બાદ થાઇલેન્ડના ૧૫મા કલ્ચરલ ઓલમ્પીયાડ ઓફ પરફોમીંગ આર્ટસ-૨૦૨૫માં શાસ્ત્રીય નૃત્યનું પ્રદર્શન કરી આર્ટીસ્ટ ઓફ ધી યર એવોર્ડ મેળવી આંતરરાષ્ટ્રીય સ્તરે સમાજનું માન વધાર્યું. શિમલા ખાતે યોજાયેલ ઓલ ઇન્ડીયા આર્ટીસ્ટ એસો.ની રાષ્ટ્રીય સ્પર્ધામાં ૧૦૦૦ કલાકારો વચ્ચે જહાન્વીએ કુલ ૭ કૃતિઓમાં ક્લાસીક સોલો - પ્રથમ, કલાસિક ડ્યુએટ - દ્વિતીય, સેમીક્લાસીકલ - પ્રથમ, ત્રણ ક્લાસીકલ ગ્રુપ - પ્રથમ, બે ફોક ગ્રુપ - દ્વિતીય તેમજ રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર દ્વારા આયોજીત કલા મહાકુંભ ૨૦૨૪-૨૫માં પણ સિદ્ધીઓ મેળવી સમાજનું નામ રોશન કરેલ છે. તે બદલ તેમને ખુબ ખુબ અભિનંદન...



રાઉરકેલા નિવાસી શ્રી શિવલાલભાઇ ચાવડાની સુપુત્રી ડૉ. ખુશ્બુ ચાવડાને એકેડેમી ઓફ સાયન્ટિફિક્સ એન્ડ ઇનોવેટિવ રિસર્ચ દ્વારા બાયોલોજિકલ સાયન્સ ફેકલ્ટી હેઠળ ડૉક્ટર ઓફ ફિલોસોફી ઇન સાયન્સની ડીગ્રી એનાયત કરવામાં આવી છે, ચાવડા પરિવાર તથા રાઉરકેલા સમાજનું નામ રોશન કરવા બદલ ખૂબ ખૂબ અભિનંદન... ઉતરોત્તર પ્રગતિની શુભકામના.

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ - રેહા સંચાલિત

## "સમાજરત્ન શ્રી હિરજીભાઈ ખીમજીભાઈ ચૌહાણ સમાજ ભવન" નવીનીકરણ



## દાતાશ્રીઓનો આભાર

'સમાજરત્ન' સ્વ. શ્રી હીરજીબાપાની સ્મૃતિમાં માદરે વતન રેહા ગામે વર્ષ ૨૦૦૪માં નિર્માણ પામેલ સમાજભવનમાં શેડની સુવિધા અને અન્ય નવિનીકરણની જરૂરત જણાતાં અંદાજે રૂા. ૧૫ લાખના ખર્ચે શેડ, ફ્લોર તથા વોલ ટાઈલ્સ અને અન્ય સુવિધાઓનું કામ પૂર્ણતાના આરે છે. આ સેવાકાર્યમાં પોતાનો આર્થિક સહયોગ આપનાર તમામ વતન પ્રેમી દાતાશ્રીઓનો રેહા ઘટક હાર્દિક આભાર માને છે.

### :: શેડ નિર્માણના દાતાશ્રીઓ ::



શ્રી ધરમશીભાઈ હીરજીભાઈ ચૌહાણ - રત્નાગીરી



સ્વ. હેમરાજભાઈ લાલજીભાઈ ચૌહાણ - રાયપુર



શ્રી રાજેશભાઈ દયારામભાઈ રાઠોડ - નાઈરોબી

શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહિલા મંડળ - રેહા



### :: ટાઈલ્સ ફીટીંગ તથા નવીનીકરણના દાતાશ્રીઓ ::

**:: મુખ્ય દાતા ::**

સ્વ. દાદાજી અર્જુનભાઈ બેચરભાઈ ચૌહાણ, સ્વ. દાદીમાં શાન્તાબેન, સ્વ. પિતાશ્રી જયંતિલાલભાઈ અર્જુનભાઈ ચૌહાણ તથા માતુશ્રી કંચનબેન ચૌહાણની સ્મૃતિમાં
હસ્તે : શ્રી જીતેશભાઈ જયંતિલાલભાઈ ચૌહાણ - અમદાવાદ (રૂા. ૨,૧૫,૦૦૦/-)

| | |
|---|---|
| રૂા. ૫૧,૦૦૦ | સ્વ. માતુશ્રી ઉર્મિલાબેન તથા સ્વ. પિતાશ્રી રમેશભાઈ અર્જુનભાઈ ચૌહાણની સ્મૃતિમાં હ. સુપુત્ર શ્રી કુનાલભાઈ તથા સુપુત્રી શ્રી સેજલબેન રમેશભાઈ ચૌહાણ (ઉપરોક્ત બંને દાનના પ્રેરક : શ્રી વિજયભાઈ અર્જુનભાઈ ચૌહાણ - મુંબઈ) |
| રૂા. ૨૫,૦૦૦ | શ્રી બાબુલાલભાઈ સામજીભાઈ ચૌહાણ - માધાપર |
| રૂા. ૨૫,૦૦૦ | સ્વ. પિતાશ્રી કેશવજીભાઈ માધવજીભાઈ ચૌહાણ - હ. શ્રી જગદીશભાઈ કેશવજીભાઈ ચૌહાણ - માધાપર |
| રૂા. ૨૧,૦૦૦ | શ્રી વિનોદભાઈ લીલાધરભાઈ ચૌહાણ - ભુજ |
| રૂા. ૨૧,૦૦૦ | સ્વ. માતુશ્રી અમૃતબેન તથા સ્વ. પિતાશ્રી ગોપાલજીભાઈ વેલજીભાઈ ચૌહાણ - હ. પ્રવિણભાઈ ગોપાલજીભાઈ ચૌહાણ - માધાપર |
| રૂા. ૧૫,૦૦૦ | ગં.સ્વ. ભાગેરથીબેન વેલજીભાઈ ચૌહાણ - હ. શ્રી બિહારીલાલ ચૌહાણ - કુકમા |
| રૂા. ૧૫,૦૦૦ | ગં.સ્વ. હંસાબેન હરસુખભાઈ પરમાર - હ. શ્રી દિલખુશભાઈ પરમાર - માધાપર |
| રૂા. ૧૫,૦૦૦ | શ્રી ગોવર્ધનભાઈ હરીલાલભાઈ ચૌહાણ - માધાપર |

### :: રૂા. ૧૧૦૦૦/-ના દાતાશ્રીઓ ::

શ્રી પ્રકાશભાઈ પ્રાગજીભાઈ ચૌહાણ - રેહા
શ્રી મોહનલાલ હીરજીભાઈ ચૌહાણ - રેહા
શ્રી વાસુદેવભાઈ રતનશીભાઈ પરમાર - ભુજ
શ્રી રોમેક્ષ મહેશભાઈ ચૌહાણ - રેહા
સ્વ. નરભેરામ અર્જુનભાઈ ટાંક પરિવાર - માધાપર
સ્વ. ભવાનભાઈ ખેતસીભાઈ ચૌહાણ - ગાંધીધામ

શ્રી કિરીટભાઈ પુરૂષોત્તમભાઈ પરમાર - રેહા
શ્રી અરૂણભાઈ નરોત્તમભાઈ ચૌહાણ - ગાંધીધામ
શ્રી નિતીનભાઈ દેવશીભાઈ પરમાર - ગાંધીધામ
શ્રી પ્રવિણભાઈ નારાયણભાઈ ચૌહાણ - ગાંધીધામ
શ્રી પ્રવિણભાઈ ગોપાલભાઈ પરમાર - ગાંધીધામ

શ્રી હેમરાજભાઈ હરીલાલ ચૌહાણ - ભુજ
શ્રી રતિલાલ બાબુલાલ ચૌહાણ - ભિલાઈ
શ્રી અતુલભાઈ જગમાલભાઈ ચાવડા - રેહા
શ્રી ઉમેશભાઈ ભવાનભાઈ ચૌહાણ - બારસી
શ્રી રમેશભાઈ સામજીભાઈ ચૌહાણ - માધાપર
(યાદી અપૂર્ણ... વધુ દાનની અપેક્ષા)

ઉપરોક્ત તમામ દાનદાતાશ્રીઓનો શ્રી ક.ગુ.ક્ષ. સમાજ - રેહા ઘટક દ્વારા હાર્દિક આભાર માનવામાં આવે છે તથા આ કામ પૂર્ણ કરવા વધુ દાન નોંધાવવા માટે વતનપ્રેમી દાતાશ્રીઓને અપીલ કરવામાં આવે છે. તા.ક. રૂા. ૧૧,૦૦૦- તથા તેથી વધુ દાનની નોંધ તકતી સ્વરૂપે લેવામાં આવશે.

### :: આપના દાન માટે સંપર્ક ::

શ્રી વિનોદભાઈ લીલાધર ચૌહાણ - સંયોજક
ભુજ - મો. ૯૮૭૯૧૫૦૧૧૩

શ્રી પ્રકાશભાઈ પ્રાગજીભાઈ ચૌહાણ - ઘટક પ્રમુખ
રેહા-કોટડા - મો. ૯૯૭૪૪૪૯૪૭૬

શ્રી કિરીટભાઈ પુરૂષોત્તમભાઈ પરમાર - કાર્યવાહ
રેહા - મો. ૯૨૬૫૨૦૯૮૬૭

**પ્રથમ સમુહ ભાગવત સપ્તાહ**

વર્ષ : ૨૦૦૯
વકતા : શ્રી શાસ્ત્રીજી કશ્યપભાઈ જોશી
ઘટક પ્રમુખશ્રી : મોહનલાલભાઈ ચૌહાણ
: યજમાનશ્રી :
સ્વ. હેમરાજભાઈ હરજીભાઈ ચૌહાણ
સમસ્ત પરિવાર



**દ્વિતીય સમુહ ભાગવત સપ્તાહ**

વર્ષ : ૨૦૧૫
વકતા : શ્રી શાસ્ત્રીજી દિનેશભાઈ રાવલ
ઘટક પ્રમુખશ્રી : શાંતિલાલભાઈ પરમાર
યજમાનશ્રી : સમાજરત્નશ્રી-મહાસભાના પ્રમુખશ્રી
વિનોદભાઈ પુરષોત્તમભાઈ સોલંકી
સમસ્ત પરિવાર

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ કુકમા ઘટક દ્વારા આયોજીત

**:: તૃતીય વખત ::**

# અસ્ટોતરશત્ ૧૦૮ સમુહ ભાગવત સપ્તાહ

**:: ભાગવત કથા પ્રારંભ ::**
વિ.સં.૨૦૮૩, કારતક સુદ આઠમ,
તા. ૧૭-૧૧-૨૦૨૬, મંગળવાર

**:: ભાગવત કથા વિરામ ::**
વિ.સં.૨૦૮૩, કારતક સુદ ચૌદશ,
તા. ૨૩-૧૧-૨૦૨૬, સોમવાર



**: કથા વકતા :**
**શ્રી શાસ્ત્રીજી કશ્યપભાઈ જોશી**
**(મોટા ભાડીયા)**

## એક માસમાં હાલ સુધીમાં '૬૧' પોથીજી નોંધાઈ ચૂકી છે.



**પ્રતિ પોથીદીઠ રૂ.૨૫,૦૦૦/- નક્કી કરેલ છે.**

**:: પોથી નોંધવવા માટે સંપર્ક સૂત્રો ::**

કેતનભાઈ એચ.ચૌહાણ
પ્રમુખશ્રી, મો. ૯૭૨૭૭ ૩૪૪૫૪

ઉમેશભાઈ પી.ચૌહાણ
ઉપપ્રમુખશ્રી, મો. ૯૪૦૯૦ ૩૭૬૭૫

| દિલીપભાઈ ડી.ટાંક | નલીનભાઈ જે.પરમાર | અંકિતભાઈ એ.ચૌહાણ | શોભનાબેન જે.ટાંક | ઉત્તમભાઈ એસ.રાઠોડ |
|---|---|---|---|---|
| મંત્રીશ્રી, મો. ૯૯૭૯૧ ૬૦૨૬૭ | ખજાનચીશ્રી, મો. ૯૮૨૫૧ ૮૯૨૩૮ | પ્રચાર પ્રસાર ઈન્ચાર્જ, મો. ૯૪૨૬૬ ૦૬૫૦૪ | મહિલા મંડળ પ્રમુખ, મો. ૭૯૮૪૯ ૪૫૦૦૭ | યુવા મંડળ પ્રમુખ, મો. ૯૦૯૯૦ ૦૪૪૭૪ |

**શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજના કચ્છમાં ૧૮ ઘટકમાંનું એક ઘટક જેના પર સમગ્ર ક.ગુ.ક્ષ. સમાજ ગૌરવ લઈ શકે...!!**
**'કુકમા' જેવી ભૂમિએ આપણા સમાજ થી ૪ જેટલા બ્રહ્મલીન સંતો આપ્યા...**

(૧) પ.પૂ. શ્રી ગરીબદાસજી મહારાજ (કુકમા)
(૨) પ.પૂ. શ્રી ભાણદાસજી મહારાજ (કુકમા)
(૩) પ.પૂ. શ્રી વાસુદેવદાસજી મહારાજ (કુકમા)
(૪) પ.પૂ. શ્રી કરસનદાસજી મહારાજ (વાંઢાય)

આ સાથે સમાજમાં આવતા ગોઠી ભાઈઓના વિવિધ ૬ જેટલા કુળદેવી માતાજી સ્થાનકોના આશીર્વાદ પણ કુકમા ગામને મળેલ છે.

- **વર્ષ ૨૦૦૯ અને વર્ષ -૨૦૧૫ એમ બે વખત** શાસ્ત્રોમાં દર્શાવેલ - આધ્યાત્મના નિયમો મુજબ પૂજન, અર્ચન, વાંચન સાથે તમામ ભાગ લેનાર ભાવિકોના આત્મસંતોષ અને ભવ્ય સફળતા સાથે ૧૦૮ પોથી વાળી સમુહ ભાગવતના આયોજનનો **શ્રેય પણ કુકમા ગામ અને કુકમા ઘટક**ને જાય છે.
- એ પરંપરાને આગળ વધારતા સમાજમાં આવતા સૌ વર્ગોના પરિવારો જેમને સ્વ પિતૃઓના મોક્ષાર્થે ભાગવત કથા કરાવવાની ઈચ્છા હોય એ માટે, કુકમા ઘટક દ્વારા **ફરીથી ત્રીજી વખત, ''અસ્ટોતરશત્ ૧૦૮ - તૃતીય સમૂહ ભાગવત સપ્તાહ''**નું આયોજન કરેલ છે. જેના વક્ત તરીકે **પ.પૂ. શ્રી કશ્યપભાઈ શાસ્ત્રીજી (મોટા ભાડીયા)** પાસેથી તા. ૨૬/૧૧/૨૦૨૫ના રોજ કથાની તારીખ બાબતે **શ્રીફળ મેળવ્યું છે.** કથાની તારીખ/સમય/પોથી દીઠ ચાર્જ /સંપર્ક સુત્રો ઉપરોક્ત દર્શાવેલ છે.

**સમગ્ર ભારત વર્ષમાં વસતા સૌ સમાજબાંધવોને આ સમૂહ ભાગવત સપ્તાહમાં જોડાવવા માટે કુકમા ઘટકનું જાહેર આમંત્રણ છે.**

# કુકમા ઘટકનું ગૌરવ - હાર્દિક અભિનંદન



## ડૉ. સંકેત ઉમેશભાઈ ચૌહાણ - કુકમા

### ડૉક્ટર ઓફ મેડિસિન (M.D.)

કુળદેવી માં શ્રી બ્રહ્માણી માતાજી તથા વડીલોના આશીર્વાદથી શ્રી ઉમેશભાઈ પુરુષોત્તમભાઈ ચૌહાણ (ઉપપ્રમુખશ્રી-કુકમા ઘટક) તથા શ્રીમતી ભાવનાબેન ઉમેશભાઈ ચૌહાણના સુપુત્ર

ડૉ. સંકેત ચૌહાણ એ જ્ઞાન અને વિદ્યાના પાવન ધામ એશિયા ખંડની સુપ્રસિદ્ધ બી.જે. મેડિકલ કોલેજ - અમદાવાદ મધ્યેથી Doctor of Medicine (M.D.) ની ડિગ્રી ઉચ્ચ ગુણાંક સાથે મેળવેલ છે. આ વિરાટ ઉપલબ્ધીથી સમગ્ર શ્રી ક.ગુ.ક્ષ. સમાજ / કુકમા ઘટક / ચૌહાણ પરિવાર કુકમા તથા પારિવારિક મિત્રવર્તુળને ગૌરવ અપાવેલ છે.

ડૉ. સંકેતને તેમના ઉજ્જવલ ભવિષ્ય અને સેવાના માર્ગે સદા સફળતા પ્રાપ્ત થતી રહે તેવી અંતરની શુભકામનાઓ સહ તેમનું ડૉક્ટરી જીવન લોકસેવા અને માનવતાની સુગંધથી નિરંતર દિપક સમાન પ્રકાશિત રહે તેવા શુભ આશિષ.

:: શુભેચ્છક ::

| | |
|---|---|
| કેતનભાઈ હરિરામભાઈ ચૌહાણ (પ્રમુખશ્રી - કુકમા ઘટક) | અનિલભાઈ ધનજીભાઈ ચૌહાણ (પ્રમુખશ્રી - ચૌહાણ પરિવાર કુકમા) |
| ઉમંગભાઈ મુકુંદલાલ પરમાર | વિપુલભાઈ ચંદ્રકાન્તભાઈ ચૌહાણ |
| અંકિતભાઈ અનિલભાઈ ચૌહાણ | નવીનભાઈ કુંવરજીભાઈ ચૌહાણ |
| રાજભાઈ ચંદુલાલભાઈ ચૌહાણ | નરેશભાઈ પ્રાગજીભાઈ રાઠોડ |
| દિલિપભાઈ ધીરજલાલભાઈ ટાંક | કિશોરભાઈ દામજીભાઈ પરમાર |
| પિયુષભાઈ મૂળજીભાઈ ટાંક | ભાવિકભાઈ હરીશભાઈ ચૌહાણ |
| શિરીષભાઈ શશિકાંતભાઈ વરૂ | અલ્પેશભાઈ ઈશ્વરલાલભાઈ પરમાર |
| ગોવર્ધનભાઈ ખેંગારભાઈ ટાંક | કપિલભાઈ રમેશભાઈ ચૌહાણ |
| પ્રવિણભાઈ દેવશીભાઈ પરમાર | રાજેશભાઈ નાનલાલભાઈ યાદવ |

## રાષ્ટ્રીય સ્તરે ઉત્તમ પાત્રની પસંદગી માટે મંગલ પાત્ર પરિચય



### HARSH CHAWDA

| | | |
|---|---|---|
| Gender | : | Male |
| Date of Birth | : | 04-11-1996 |
| Place of Birth | : | Aurangabad (MH) |
| Time of Birth | : | 5:55 am |
| Rashi | : | Karka (Cancer) |
| Height | : | 6 Feet 0 inches (183 cm) |
| Gotra | : | Kashyap |
| Manglik | : | No |
| Complexion | : | Fair |
| Education | : | Master of Business Administration (Finance) |
| Occupation | : | Business |
| Annaul Income | : | 15-20 Lpa |
| Kuldevi | : | Shri Chamunda Maa |
| Native Place | : | Chandiya |
| Hobbies | : | Playing Basketball, Trekking and Cycling |
| **Grand Father** | **:** | **Lt. Yadunandan Madhavji Chawda** |
| **Grand Mother** | **:** | **Lt. Kanaklata Yadunandan Chawda** |
| **Father** | **:** | **Shri Harish Yadunandan Chawda** |
| **Mother** | **:** | **Smt. Deepa Harish Chawda** |
| **Contact No.** | **:** | **9850647048 (Father)**<br>**9822383854 (Mother)** |
| Address | : | Kanaknandan Niwas, Opp. to Jindani Path Lab,<br>Rajshree Colony, Jubli Park,<br>Aurangabad - Maharashtra - 431001. |


આપણા સમાજના સર્વે ભાઈઓ અને બહેનો માટે

**સુવર્ણ તક**

ભગવાન શ્રીમહાકાલની નગરી અને ભવ્ય તીર્થસ્થળ ઉજ્જૈન પધારતા દરેક સમાજજનો માટે અમારી હોટેલમાં

**ખાસ ૨૦% ડિસ્કાઉન્ટ**

ની સુવિધા ઉપલબ્ધ છે.
આ પાવન અવસરનો લાભ લઈ અમને સેવાનો અવસર આપશો.

**HOTEL Shrimmaya GROUP UJJAIN**

Freeganj, Ujjain (M.P.) ☎0734 2514402 +91 79998 90676
Email : shrimmaya@outlook.com www.shrimmaya.com

**અન્ય વિશેષ સેવાઓ**

- દરેક પ્રકારની પૂજા-પાઠ
- મંગલ દોષ નિવારણ પૂજા / કાલસર્પ દોષ પૂજા
- ભસ્મ આરતી તથા અભિષેક દર્શન
- ઉજ્જૈન દર્શનની સુવિધા પણ ઉપલબ્ધ

**ભગવાન શ્રીમહાકાલની કૃપા સર્વે પર વરસતી રહે**






**Shrimm Tours & Travels**

- International & Domestic Packages
- Flight, Cruise & All Ticketing
- MICE & Foreign Education
- All Country VISA & Forex

+91 99933 60753 ☎ 0734 42530174
www.shrimmaya.com Email : travels.mp@shrimmaya.com



## Surbhi Uniforms

Mundra's first professional uniform manufacturer catering to all types of industrial, corporate, school and hospitality uniforms with precision and quality.

**HARI GADHVI**
+91-88499 50576
Email : info@surbhiuniforms.com
Web : www.surbhiuniforms.com

Surbhi uniforms



Hotel Surbhi™ The Relief Home

## Surbhi Hotel

A legacy of serving with the highest regard for quality and comfort since 2007. Offering luxury with convenience, Hotel Surbhi is Mundra's premier choice for business and leisure stays.

**HOTEL SURBHI**
+91-99796 70996
Email : info@hotelsurbhi.com
Web : www.hotelsurbhi.com

## Saarvin Custom Clearance

Licensed custom's broker at Mundra port facilitating smooth and hassle free import and export cargo operations.

**NIGAM CHAVDA**
+91-99208 43135
Email : saarvincc@gmail.com

SAARVIN
CUSTOM CLEARANCE





Gayatri estate

## Gayatri Estate

Your Real Estate Dreams, Under One Roof. With a legacy since 1998, Gayatri Estate is Mundra's premier real estate developer and realtor. From residential projects to commercial spaces, we deliver trust, transparency, and timeless value.

**NISHANT CHAVDA**
+91-81419 06635

# SURBHI GROUP OF COMPANIES

## B.D. CHAVDA & FAMILY - MUNDRA KUTCH



*आत्मिय प्रियजन,*

मैं आपका किमती समय लेना चाहता हु मेरा परिचय देने हेतु, मेरा नाम *मितेष जे. खोडियार* है। मैं अल.आई.सी., मेडीक्लेम एवं जनरल बीमा पोलीसी के माध्यम द्वारा बचत करना, बच्चो की उच्च शिक्षा हेतु बचत, रीटार्यमेन्ट पेन्सन का आयोजन एवं इनकम टेक्समे लाभ हेतु लोगो की और उनके परिवारजनोकी मदद करता हु। मैं पिछले 15 वर्षो से लगभग 1800 जीतने लोगो की और उनके परिवारजनोकी मदद करता आया हु। जिसकी S.A.U.M 48 Cr. से अधीक है। मैं मेरे अनुभव द्वारा अपने समाजके लोगो का भविष्य सुरक्षीत करना चाहता हु। कृप्या मुजे आपकी सेवा का अवसर प्रदान करने का मोका दे।

**भविष्य सुरक्षा हेतु सुझाव**

- संपूर्ण परिवार सुरक्षा बीमा
- स्वास्थ बीमा केशलेश सुविधा के साथ
- जिवनभर आय की बचत योजना
- बच्चो की उच्च शिक्षा और विवाह कि बचत योजना
- स्पेश्यल कन्यादान बीमा योजना
- पेन्शन बीमा बचत योजना
- वाहन, मकान एवं दुकान का बीमा
- करोड़पति योजना
- विदेश यात्रा बीमा

*घर बेठे आनलाईन, पेपरलेश, टाईमलेश बीमा पोलीसी की सेवा अपलब्ध है।**

FINANCIAL PEACE PRODUCER
TRANSFORMING STRESS IN TO PEACE

LIC
भारतीय जीवन बीमा निगम
LIFE INSURANCE CORPORATION OF INDIA

MDRT®

Insurance for NRI & FNIO*

STAR Health Insurance — The Health Insurance Specialist
HDFC ERGO — Take it easy!
IFFCO-TOKIO GENERAL INSURANCE — Muskurate Raho

Subscribe to my

Plot No. 104/1, Chitrakut Society, Anjar (Kutch) 370110. +91 94298 15099 mitesh.khodiar@gmail.com
Facebook.com/insurancebimapolicy insurance_bima_policy YouTube @InsuranceBimaPolicy
Jd Mitesh J. Khodiar Gandhidham



॥ ઓમ શાંતિઃ ॥

# ભૂમિપૂજા એસ્ટેટ એજન્સી

**લેન્ડ ડેવલોપર્સ એન્ડ એસ્ટેટ એજન્ટ**

જમીન, વાડી, પ્લોટ, બંગલા લે-વેંચ માટે વિશ્વાસપાત્ર સ્થળ

કચ્છ જીલ્લાના કોઈપણ તાલુકામાં જમીન મળી શકશે



**બ્રહ્માકુમાર બાબુલાલભાઈ અરજણભાઈ પરમાર**
(ખંભરા)

ઉપપ્રમુખશ્રી, શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

**Mob. 98252 97341**

ઓફીસ : વિજયનગર, હોસ્પિટલ રોડ, ભુજ (કચ્છ) ફોન : **Mo. 9537738640 (Deep)**

*In loving memory of*

# MR. HARDIK SUNIL CHAWDA

**2000-2025**



It is with unbearable grief that we inform the sad demise of Mr. Hardik Sunil Chawda who left for his heavenly abode on 14-12-2025. Hardik's untimely departure has left our family devastated and heartbroken. Losing him at such a young age is a sorrow we may never fully overcome.

As a family rooted in faith we pray for his soul to attain eternal peace. We seek strength to help us move forward.

We express our gratitude to everyone who has shared our grief and stood with us in this time of immense loss.

## CHAWDA FAMILY

Sunil Vishram Chawda | Parul Sunil Chawda | Manoj Sunil Chawda | Aakanksha Manoj Chawda | Vihaan Manoj Chawda

His sudden departure has left all of us heartbroken. We pray for his soul to attain eternal peace and for the bereaved family to be granted strength during this hour of immense loss.

CLASSIC CHEMICALS

Gone too soon, he will always be remembered for his warmth, values, and gentle nature. We offer our heartfelt prayers for his soul's eternal peace and seek blessings for the family to endure this loss.

Narayan Bhai Chawda
Velu Ben Chawda
Vimal Chawda, Hema Chawda
Khushi Chawda, Aanvee Chawda

VNR

His passing has brought deep sorrow and an irreplaceable loss to the family. May the almighty grant eternal peace to the departed soul and give courage to the bereaved family during this difficult time.

CYBERCITY
BUILDERS & DEVELOPERS PVT. LTD.

A young life taken away so soon, his passing has brought deep sorrow and an irreplaceable loss to the family. May the almighty grant strength and courage to the bereaved family during this difficult time.

SRIVILAS HYDROTECH PVT. LTD.
Manufacturers of Biocides and Speciality Chemicals

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય (મિસ્ત્રી) સમાજ અંજાર ઘટકના આંગણે યોજાયેલ નવરંગ નવરાત્રી મહોત્સવ–૨૦૨૫ની તસવીરો



# અશ્રુભીની શ્રદ્ધાંજલિ



## સ્વ. હાર્દિક સુનિલભાઇ ચાવડા

૨૦૦૦-૨૦૨૫

(દેશમાં ગામ : ચંદિયા, હાલ મુકામ : હૈદ્રાબાદ)

રડી પડે છે આંખો અમારી, જોઇ તસવીર તારી,
નાની ઉંમરે તારી અણધારી વિદાય અમારા સૌના કાળજા કંપાવી ગઇ,
મન હજુ માનતું નથી કે તું અમારી વચ્ચે નથી...
પ્રભુ તારા દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના....

પરિવારજનો

સુનિલભાઇ વિશ્રામભાઇ ચાવડા  પારૂલબેન સુનિલભાઇ ચાવડા
મનોજ સુનિલભાઇ ચાવડા  આકાંક્ષા મનોજભાઇ ચાવડા
વિહાન મનોજભાઇ ચાવડા

# અશ્રુભીની શ્રદ્ધાંજલિ



## સ્વ. હાર્દિક સુનિલભાઇ ચાવડા

સ્વ. તા. ૧૪/૧૨/૨૦૨૫
(દેશમાં ગામ : ચંદિયા, હાલ મુકામ : હૈદ્રાબાદ)

નથી હયાત પણ સાથે છે એવું લાગ્યા કરે છે, હર પળે આપની ઉપસ્થિતિનો આભાસ થયા કરે છે, યાદમાં તમારા પ્રત્યક્ષ દર્શન થયા કરે છે... મન હજુ માનતું નથી કે આપ અમારી વચ્ચે નથી.... પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય અને પવિત્ર આત્માને શાશ્વત શાંતિ આપે એજ પ્રાર્થના... ૐ શાંતિ... શાંતિ...

**:: શોકમગ્ન ::**

**સ્વ. ભાણીબેન મોનજીભાઇ વીરજીભાઇ ચાવડા પરિવાર - રાયપુર**
**સ્વ. નિર્મળાબેન ડાયાભાઇ મોનજીભાઇ ચાવડા પરિવાર - રાયપુર**
**સ્વ. હીરાબેન રતિલાલભાઇ મોનજીભાઇ ચાવડા પરિવાર - રાયપુર**
**સ્વ. પ્રભાબેન હેમરાજભાઇ મોનજીભાઇ ચાવડા પરિવાર - રાયપુર**
**ડૉ. નારાયણભાઇ મોનજીભાઇ ચાવડા - રાયપુર**
**શ્રીમતી વેલુબેન નારાયણભાઇ ચાવડા - રાયપુર**
**શ્રી એવં શ્રીમતી હેમાબેન વિમલભાઇ ચાવડા - રાયપુર**
**ચિ. ખુશી એવં ચિ. આન્વી વિમલભાઇ ચાવડા - રાયપુર**
**શ્રી એવં શ્રીમતી રોમીબેન કમલેશભાઇ ટાંક - યુ.એસ.એ.**
**ચિ. સાહીલ એવં ચિ. શ્રેયા કમલેશભાઇ ટાંક - યુ.એસ.એ.**
**ગં.સ્વ. નિરૂબેન કાંતિલાલભાઇ ચૌહાણ પરિવાર - રાયપુર**
**ગં.સ્વ. અનુરાધાબેન સંજયભાઇ ચૌહાણ પરિવાર - રાયપુર**

**સમસ્ત VNR પરિવારના જયશ્રી કૃષ્ણ**

# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



## સ્વ. હાર્દિક સુનિલભાઈ ચાવડા

સ્વ. તા. ૧૪/૧૨/૨૦૨૫
(દેશમાં ગામ : ચંદિયા, હાલ મુકામ : હૈદ્રાબાદ)

તમો એક પળમાં જીંદગીનું સંભારણું છોડી ગયા, જીંદગી હતી ટૂંકી પણ લાગણીઓ અપાર મુકી ગયા,
સ્તબ્ધ થઈ જીંદગી અમારી તમારા વગર....
પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના...

**:: શોક મગ્ન ::**

| | | | |
|---|---|---|---|
| સ્વ. ગજાનંદભાઈ વિશ્રામભાઈ ચાવડા | (મોટા બાપા) | ગીતાબેન ગજાનંદભાઈ ચાવડા | (મોટા બા) |
| હિંમતલાલ વિશ્રામભાઈ ચાવડા | (મોટા બાપા) | પુષ્પાબેન હિંમતલાલ ચાવડા | (મોટા બા) |
| સ્વ. ચંદ્રકાન્ત વિશ્રામભાઈ ચાવડા | (મોટા બાપા) | વિમલાબેન ચંદ્રકાન્તભાઈ ચાવડા | (મોટા બા) |
| નિરજ હિંમતલાલ ચાવડા | (ભાઈ) | નેહા નિરજભાઈ ચાવડા | (ભાભી) |
| વિલાસ ચંદ્રકાન્તભાઈ ચાવડા | (ભાઈ) | | |
| કરણ ચંદ્રકાન્તભાઈ ચાવડા | (ભાઈ) | અનુજા કરણભાઈ ચાવડા | (ભાભી) |
| પાર્થ ચંદ્રકાન્તભાઈ ચાવડા | (ભાઈ) | પૂજા પાર્થભાઈ ચાવડા | (ભાભી) |
| ક્રિશિવ નિરજભાઈ ચાવડા | (ભત્રીજો) | વૈદિકા કરણભાઈ ચાવડા | (ભત્રીજી) |
| ગૌર્વિક કરણભાઈ ચાવડા | (ભત્રીજો) | ક્રિષ્નવી પાર્થભાઈ ચાવડા | (ભત્રીજી) |

# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ





## સ્વ. હાર્દિક સુનિલભાઈ ચાવડા

સ્વ. તા. ૧૪/૧૨/૨૦૨૫

(દેશમાં ગામ : ચંદિયા, હાલ મુકામ : હૈદ્રાબાદ)

અંજલી અર્પણ કરીએ તો આંસુ સરી પડે છે, તસવીર તમારી જોતા હૈયું રડી પડે છે,
દરીયા જેવું નિખાલસ હૃદય, કુટુંબ સાથેનો આપનો અતૂટ નાતો કાયમી સંભારણું બની રહેશે...
ઈશ્વર તમારા દિવ્ય આત્માને શાશ્વત શાંતિ આપે એજ પ્રાર્થના...

**:: શોક મગ્ન ::**

| | | | |
|---|---|---|---|
| હંસાબેન | ફઈ | ડોલરભાઈ રાઠોડ | ફુઆ |
| મીનાબેન | ફઈ | અરવિંદભાઈ ચૌહાણ | ફુઆ |
| રીટાબેન | ફઈ | યોગેશભાઈ પરમાર | ફુઆ |
| વંદના જીતેન સાવરીયા | બહેન | જીતેન સાવરીયા | જીજાજી |
| જીજ્ઞાસા દિપક ચૌહાણ | બહેન | દિપક ચૌહાણ | જીજાજી |
| ઉજ્વલા વિકાસ વરૂ | બહેન | વિકાસ વરૂ | જીજાજી |
| કિર્તી નિમિત વરૂ | બહેન | નિમિત વરૂ | જીજાજી |
| નિધી વિજય ચૌહાણ | બહેન | વિજય ચૌહાણ | જીજાજી |
| શ્રદ્ધા કલ્પેશ રાઠોડ | ભાભી | કલ્પેશ ડોલરભાઈ રાઠોડ | ભાઈ |
| ભૂમિ નિર્ભય ચૌહાણ | ભાભી | નિર્ભય અરવિંદભાઈ ચૌહાણ | ભાઈ |
| ઉર્જા સિદ્ધાર્થ પરમાર | ભાભી | સિદ્ધાર્થ યોગેશભાઈ પરમાર | ભાઈ |
| રૂપાલી યશ પરમાર | ભાભી | યશ યોગેશભાઈ પરમાર | ભાઈ |

॥ જય સિયારામ ॥

# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



## સ્વ. હાર્દિક સુનિલભાઈ ચાવડા

**સ્વ. તા. ૧૪/૧૨/૨૦૨૫, મુળ ગામ : ચંદિયા, હાલ મુકામ : હૈદ્રાબાદ**

આપનો સદાય હસમુખો ચહેરો અને જીવન જીવવાની ખુમારી, જીંદાદીલી અને સહાનુભૂતિથી ધબકતું વ્યક્તિત્વ સ્મૃતિપટ પરથી ક્યારેય ભુલાશે નહીં. પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના... ૐ શાંતિ... શાંતિ... શાંતિ...

**'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી**
પ્રમુખશ્રી, મહાસભા
પ્રમુખશ્રી, કન્યા છાત્રાલય - કુકમા

**ડૉ. શ્રી મનોજભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી**
વરીષ્ઠ ઉપપ્રમુખશ્રી, મહાસભા
પ્રમુખશ્રી, ક.ગુ.ક્ષ. કેળવણી મંડળ - અંજાર

**સ્વ. પુષ્પાબેન પુરૂષોત્તમભાઈ ડાયાભાઈ સોલંકી સમસ્ત પરિવાર - માધાપર**

# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



**: જન્મ :**
**તા. ૨૪/૦૯/૨૦૦૦**

**: સ્વર્ગવાસ :**
**તા. ૧૪/૧૨/૨૦૨૫**

## સ્વ. હાર્દિક સુનિલભાઇ ચાવડા

**(દેશમાં ગામ : ચંદિયા, હાલ મુકામ : હૈદ્રાબાદ)**

સ્નેહના અખૂટ ઝરણા સમા સ્મરણો હવે પાંપણો ભીંજવશે. નિર્મળ સ્નેહ યાદ કરતાં હૈયું ભરાઇ આવે છે. જેમણે કુટુંબ-પરિવાર અને સ્નેહીઓને મીઠી સુવાસ આપી એવા પરમ સ્નેહીની યાદ જીવનભર અમારી માટે જીવનનો રાહ બની રહેશે. પરમકૃપાળુ કુળદેવી શ્રી ચામુંડા માતાજી આપના દિવ્ય અને પવિત્ર આત્માને શાશ્વત શાંતિ પ્રદાન કરે એજ પ્રાર્થના... ૐ શાંતિ... શાંતિ... શાંતિ...

**:: શોકમગ્ન ::**

## સમસ્ત ચાવડા ગોઠી પરિવારજનો

**ચંદિયા (કચ્છ)**

જીવનમાં કેટલું જીવ્યા તે મહત્વનુ નથી... જીવન કેવું જીવ્યા તે મહત્વનું છે...

# ભાવભરી શ્રધ્ધાજંલી



જન્મ
તા.:- ૨૦-૦૨-૧૯૬૧

સ્વર્ગવાસ
તા.:- ૦૭-૧૨-૨૦૨૫

## સ્વ. અશ્વિનભાઈ નરશીભાઈ યાદવ

મૂળગામ:- હાજાપર - ભુજ :: હાલ :- માધાપર

નામ તેનો નાશ... અને જન્મ તેનુ મૃત્યુ... આ કુદરતી ક્રમ છે. છતાપણ અમુક વ્યકિત પોતાનું વિરલ વ્યકિતત્વ સાથે એવુ જીવન જીવી જાય છે, જે એક ઈતિહાસમાં અંકિત થઈ જાય છે.

મારા, તમારા અને આપણા સૌના લોકલાડીલા યાદવ “ચાવલ માતાજી” માં અતુટ આસ્થા ધરાવનારા પરમભકત એવા સ્વ શ્રી...શ્રી...અશ્વીનભાઈ નરશીભાઈ યાદવનું અચાનક નિધન થતા, સમાજ, પરિવાર અને યાદવકુળના સર્વે ગોઠીભાઈઓ અને બહેનોને અસહ્ય આઘાત લાગ્યો છે. જાણે યાદવકુળનો “ધ્રુવ તારો” ખરી ગયો હોય, તેવો આભાસ થઈ રહ્યો છે.

BSNL સર્વીસમાંપૂર્ણ પ્રમાણીકતાના સિક્કારૂપે માનભેર વિદાય બાદ તેમનું આજીવન યાદવ “ચાવલ માતાજી”ની સેવાનો જીવનમંત્ર લીધો હોય, તે રીતે સર્વે યાદવ પરિવારજનોને રૂપ ઉપવનને સમૃધ્ધ બનાવી, ચંદન જેવું જીવન જીવી, સૌના લોકહૃદયમાં બિરાજી રહ્યા. યાદવ “ચાવલ માતાજી”ના મંદિરની સ્વયંભૂ જવાબદારી સંભાળી, “સોનામાં સુગંધ” કહેવતને સાર્થકતારૂપે તેમના સંપૂર્ણ પરિવારજનો પણ પૂર્ણ આસ્થાપૂર્વક સહકાર આપતા રહ્યા . કોઈ પણ માતાજીનું કાર્ય હોય તેમના પરિવારજનો “અવસરને ઉત્સવ” જેવું વાતાવરણ ઊભુ કરવામાં તેમની ગજબની નિપુણતા હતી, યોગ્ય સંચાલન કરી, વિશેષથી વિશેષ સર્વે ગોઠીભાઈઓ અને બહેનોને માતાજી પ્રત્યે આસ્થા - શ્રધ્ધા વધતી રહે, તેવા નિરંતર પ્રયાસો કરતા રહ્યા. હાજાપરગામમાં યાદવકુળ- “ચાવલ માતાજી” નુ નવનિર્માણ મંદિર સર્વે ગોઠીભાઈઓ સાથે સ્વ.શ્રી અશ્વીનભાઈનું “દિવ્ય સપનુ” હતુ. જે તેમને અથાગ પરિશ્રમ કરી, પુરી નિષ્ઠા અને આસ્થાપૂર્વક પૂર્ણ કરી જીવન ધન્ય કર્યું. પરમ આદરણીય સ્વ. અશ્વીનભાઈ... હવે નથી હયાત આપ અમારા સાથે પણ એવુ લાગ્યા કરે છે, હરપળ આપની ઉપસ્થિતિનો આભાસ થયા કરે છે.

હાજાપર ગામની સમૃધ્ધી... યાદવ “ચાવલ માતાજી” માં આસ્થા, ભકિતમાં સર્વે પરિવારજનોમાં નિરંતર વધારો થાય, એ જ સ્વ. અશ્વીનભાઈ યાદવની સાચી સાત્વીક શ્રધ્ધાજંલી ગણાશે.

પરમકૃપાળુ પરમાત્મા આપશ્રીના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે, તથા તેમના પ્રેમાળ પરિવારજનોને અસહ્ય: દુઃખ સહન કરવાની શકિત આપે તેવી પ્રાર્થના...

ૐ શાંતિ.... ૐ શાંતિ.... ૐ શાંતિ....

**શોકમગ્ન સમસ્ત યાદવ પરિવાર**

# પ્રાદેશિક સમિતિ તથા ઘટકોના સમાચાર

## પૂર્વ ઓડિશા પ્રા.સ.



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ પ્રેરીત, રાયપુર ઘટક સહકારીત તથા ઓડિશા પ્રાદેશિક સમિતિ દ્વારા આયોજિત સમૂહ ભાગવત કથા, મંગળ પરીચય કાર્યક્રમ તથા મહાસભાનું વાર્ષિક અધિવેશન પુરીમાં તા. ૧૭ થી ૨૩ ડિસેમ્બરના સમયગાળા દરમિયાન ભવ્ય રીતે આયોજિત થવા જઈ રહ્યું છે. આ સમગ્ર આયોજનને સફળ બનાવવાના હેતુથી તેમજ વિવિધ વ્યવસ્થાઓ અંગે ચર્ચા-વિચારણા કરવા આયોજન સમિતિની એક બેઠક રાયપુરમાં તા. ૧૮.૧૧.૨૦૨૫ ના રોજ યોજાઈ હતી. આ બેઠકમાં કટકથી પૂર્વ ઓડિશા પ્રાદેશિક પ્રમુખ શ્રી દિનેશભાઈ નાનાલાલ ટાંક ઉપસ્થિત હતા. બેઠક દરમિયાન આ આયોજન સંબંધિત તમામ કાર્યક્રમોની સુવ્યવસ્થિત આયોજન માટે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી તથા કાર્યક્રમને સફળ બનાવવા માટેની દરેક બાબતોનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું.

તેમજ આ ભવ્ય આયોજનની સમગ્ર વ્યવસ્થાનો જાતે જઈને જાયજો લેવા માટે રાયપુરથી શ્રી ભરતભાઈ ચાવડા, શ્રી રસિકભાઈ પરમાર તથા શ્રી વિનોદભાઈ ટાંક તા. ૭.૧૨.૨૦૨૫ના રોજ પૂરી પહોંચ્યા હતા. તેમની સાથે કટકથી પ્રાદેશિક પ્રમુખ શ્રી દિનેશભાઈ ટાંક, કટક ઘટક પ્રમુખ શ્રી પ્રકાશભાઈ ટાંક, યુવક મંડળ પ્રમુખ શ્રી સિદ્ધાર્થભાઈ રાઠોડ તથા મંત્રી શ્રી જયમીતભાઈ ટાંક પણ જોડાયા હતા. પૂરીમાંયોજાનાર આ ભવ્ય આયોજન અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી તેમજ સમગ્ર વ્યવસ્થાનો સ્થળ પર જઈને સુક્ષ્મ રીતે જાયજો લેવામાં આવ્યો હતો. આ ભવ્ય આયોજન તથા અધિવેશનના ઉદઘાટન માટે આયોજન સમિતિના સદસ્યો તા. ૯.૧૨.૨૦૨૫ના રોજ ઓડિશાના માનનીય મુખ્યમંત્રી શ્રી મોહન ચરણ માંઝી સાથે ભુવનેશ્વરમાં તેમના નિવાસસ્થાને મુલાકાતે ગયા હતા અને તેમને અધિવેશનનું ઉદઘાટન કરવા માટે સન્માનપૂર્વક આમંત્રણ આપ્યું હતું.



આ મુલાકાત દરમિયાન પૂર્વ ઓડિશા પ્રાદેશિક પ્રમુખ શ્રી દિનેશભાઈ ટાંક, પ્રાદેશિક મંત્રી શ્રી મનોજભાઈચાવડા, કટક ઘટક પ્રમુખ શ્રી પ્રકાશભાઈ ટાંક, યુવક મંડળ પ્રમુખ શ્રી સિદ્ધાર્થભાઈ રાઠોડ, મંત્રી શ્રી જયમીતભાઈ ટાંક, ભુવનેશ્વર ઘટક મંત્રી શ્રી અતુલભાઈ ચાવડા તથા કેંજોરગઢ યુવક મંડળ પ્રમુખ શ્રી શિવકુમાર રાઠોડ ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી મનોજભાઈ તથા શ્રી જયમીતભાઈએ માનનીય મુખ્યમંત્રીને સાલ ઓઢાડી સન્માન કર્યું હતું તેમજ શ્રી સિદ્ધાર્થભાઈ અને શ્રી અતુલભાઈ એ પુષ્પગુચ્છ અર્પણ કરી તેમનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ શ્રી દિનેશભાઈ, શ્રી પ્રકાશભાઈ તથા શ્રી શિવકુમારભાઈ એ આયોજનની કંકોત્રી તથા આમંત્રણ પત્ર આપીને માનનીય મુખ્યમંત્રીને અધિવેશનનું ઉદઘાટન કરવા માટે ઔપચારિક આમંત્રણ પાઠવ્યું હતું.

# છત્તીસગઢ પ્રા.સ.

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા છત્તીસગઢ પ્રાદેશિક સમિતિની વાર્ષિક બૈઠક પ્રાદેશિક સમિતિ પ્રમુખશ્રી હેમંતભાઈ નાનાલાલભાઈ ચૌહાણનાં અધ્યક્ષ સ્થાનેથી બિલાસપુર ઘટકનાં લાગણી ભર્યા આતિથ્યમાં ઘટક આંગણે રાખવામાં આવી હતી.

મુખ્ય અતિથિ રીતે મહાસભા સલાહકાર પ્રમુખ શ્રી પ્રફુલભાઈ કેશવજીભાઈ પરમાર મંચ પર શોભાયમાન હતા. સાથે-સાથે મહાસભા ઉપપ્રમુખ શ્રી હેમંતભાઈહરિરામભાઈ ગોહિલ, મહાસભા મંત્રી શ્રી સુરેશભાઈ રતિલાલભાઈચૌહાણ, મહાસભા કોષાધ્યક્ષ શ્રી હિતેશભાઈ મગનભાઈ વરૂ, મહાસભા ન્યાયપંચ પ્રભારી શ્રી મહેન્દ્રભાઈ કેશવજીભાઈ રાઠોડ, સભાધ્યક્ષ શ્રી હેમંતભાઈ નાનાલાલભાઈ ચૌહાણ (છ. ગ. પ્રા. સમિતિ પ્રમુખશ્રી), શ્રીમતી જયશ્રીબેન ચંદુભાઈ ચાવડા (અ. ભા. મહિલા મહામંડળ જોનલ પ્રમુખ), શ્રીમતી ભારતીબેન મહેન્દ્રભાઇ વરૂ (છ.ગ.પ્રા.મહિલા મંડળ ઉપપ્રમુખશ્રી), મહાસભા ઉપપ્રમુખ અને બિલાસપુર ઘટક પ્રમુખ ઘટક રત્નશ્રી અંબાલાલભાઈ વિરજીભાઈ ચૌહાણ, છ.ગ.પ્રા.મંત્રી તથા ઘટક મંત્રી શ્રી ભાવેશભાઈ નરસીભાઈ ગોહિલ, ઘટક મ.મંડળ પ્રમુખ શ્રીમતી ભારતીબેન યોગેનભાઈ રાઠોડ, ઘટક યુવા મંડળ પ્રમુખ-શ્રી પરિચયભાઈ રમણિકભાઈ જેઠવા પણ મંચાસીન હતા. બિલાસપુર ઘટક દ્વારા સમસ્ત અતિથિઓને મંચ પર સાદર આમંત્રિત કરતા દીપ પ્રજવલ્લનના સાથે પ્રભુ પ્રાર્થના શ્રીમતી ઊર્મિલાબેન વિનોદભાઈ સોલંકી દ્વારા રજૂ કરવા માં આવી હતી, સાથે સભા પ્રારંભ કરવામાં આવી. મધુરસ્વરમાં શ્રીમતી શર્મિલાબેન ભૂપેશભાઈ ચાવડા દ્વારા સ્વાગત ગીત પ્રસ્તુત કરવામાં આવ્યુ હતું. ઘટક પ્રમુખશ્રી અંબાલાલભાઈ ચૌહાણ દ્વારા પોતાના ઉદબોધનમાં મંચાસીન અતિથિઓં તથા સર્વે ઉપસ્થિત મહાનુભાવોંનું સ્વાગત કર્યુ હતું. બિલાસપુર ઘટકમાં અતિરિક્ત કક્ષોંના નવનિર્માણની વિસ્તૃત રૂપરેખા રાખી હતી.

ઘટક યુવા મં. પ્રમુખ શ્રી પરિચયભાઈજેઠવા દ્વારા સભા મંચ છ.ગ.પ્રાદેશિક મંત્રીશ્રી ભાવેશભાઈ નરસીભાઈ ગોહિલને સોંપ્યું હતું. પ્રા.મંત્રી દ્વારા મંચસ્થ મુખ્ય અતિથિશ્રી, મંચાસીન મહાસભાનાં હોદેદારો, સમિતિ પ્રભારી-સહપ્રભારી, પદાધિકારિયોં, કાર્યવાહક સભ્યોં, વિભિન્ન ઘટકોંથી પધારેલ પ્રમુખશ્રી, મંત્રીશ્રી, પ્રતિનિધિગણોં, મહિલા મંડળ, યુવા મંડળનું સભામાં પધારવા હેતુ છ.ગ.પ્રા.સમિતિ વતી ઉષ્માભર્યુ શાબ્દિક સ્વાગત કર્યુ હતું, મહાસભા પ્રમુખ સમાજરત્નશ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી, સમાજ સંરક્ષકશ્રી ભરતભાઈ કાંતિલાલભાઈ સાવરીયા, વરિષ્ઠ ઉપપ્રમુખશ્રી મનોજભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી, મહાસભા માનદ સભ્યો શ્રી રસીકભાઈ વિશ્રામભાઈ પરમાર, શ્રી વિમલભાઈ નારાયણભાઈ ચાવડા, શ્રી સૂર્યકાંતભાઈ નરભેરામભાઈ રાઠોડ, છ.ગ.પ્રા.મ.મંડળ પ્રમુખ શ્રીમતી નીતાબેન રાજેશભાઈ રાઠોડ, છ.ગ.પ્રા. સલાહકાર શ્રી દયારામભાઈ હિરજીભાઈ ટાંક અને અન્ય મહાનુભાવોં દ્વારા પાઠવેલ શુભેચ્છા સંદેશોનું વાંચન સાથે બૈઠકને વિધિવત પ્રારંભ કરતા મંચસ્થ અતિથિઓનું સ્વાગત કરવામાં આવ્યું હતું. પ્રાદેશિક સમિતિ દ્વારા બિલાસપુર ઘટક પ્રમુખ તથા મ.મંડળ અને યુવા મંડળનું પારંપરિક સ્વાગત શાલ શ્રીફળથી કરી માન આપવામાં આવ્યું હતું. ઉપસ્થિત ઘટક પ્રમુખશ્રી / મંત્રીશ્રી / ઘટક પ્રતિનિધિઓં દ્વારા ઘટક અહેવાલ પ્રસ્તુત કરવામાં આવ્યું હતું.







જગદલપુર ઘટક પ્રમુખશ્રી સુનીલભાઈ રમણિકભાઈ ટાંક - ઘટક કાર્યકારિણીનું સત્ર પુરૂ થતા ત્રણે પાંખની નવી કાર્યાકારિણી નવા પ્રમુખ શ્રી સુનીલભાઈ રમણીકભાઈ ટાંકનાં નેતૃત્વમાં ગઠીત કરવામાં આવી. દર વર્ષે ઑડીટ કરાવામાં આવે છે અને ત્રણે પાંખની નવી કાર્યકારિણી લિસ્ટ પ્રાદેશિકનેં આપવામાં આવી હતી.

કોરબા ઘટક મંત્રી શ્રી કૈલાશભાઈ માધવજીભાઈ ટાંક - મહાસભા પ્રમુખ સમાજરત્નશ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકીજીની ઘટક આંગણે શુભેચ્છઆ મુલાકાત ઉલ્લાસભર્યો તથા ઉત્સાહભર્યો રહ્યો હતો મ દેવપહરીમા હિંગલાજ માતાનાં મંદિરની પ્રાણ પ્રતિષ્ઠામાં પાવાગઢથી અખંડ જ્યોત ઘટક પ્રમુખ તથા મંત્રી દ્વારા લાવી પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. સકલ

ગુજરાતી સમાજનોં સારો સહયોગ મલ્યો હતો. ઘટક પ્રમુખશ્રી રવિન્દ્રભાઇ ચૌહાણ, મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી પ્રીતિબેન પઢિયાર તથા એમની ટીમ દ્વારા ધાર્મિક અને સામાજીક આયોજનોં સારી રીતે સંપન્ન કરવા માં આવે છે.

સુઝાવ છ.ગ.પ્રા. તથા મહાસભાને કોરબા ઘટક વતી વિગત પ્રા. સભામાં અનુરોધ કરવામાં આવ્યો હતો અને ફરી કરીયે છીયે કે કોરબા ઘટકથી કોઈ પરિવાર વસવાટ કરવા બાહર આવે તો કોરબા ઘટકથી સંપર્ક કરી એમને ઘટક સદસ્યતા આપવા વિનંતી, કેમ કે હાલમાં ઘણા પરિવારો અન્ય ઘટકોમાં રહેવા ગયા છે પરંતુ તેઓએ કોરબા ઘટકથી લીધેલ લોનની રકમનું ભુગતાન નથી કરયું, જેથી ઘટકનેં આર્થિક નુકસાન થાય છે. આ બાબત કોઈ ઠરાવ કે ચર્ચા કરવામાં આવી નથી તો આશા છે કે આ વિષયે ત્વરીત પગલા લેવામાં આવશે.

ભિલાઈ ઘટક મંત્રી શ્રી મનીષભાઈ મનોહરલાલભાઈ વાઢેર- મહાસભા ઘટકોનાં આંગણે અંતર્ગત ભિલાઈ ઘટક



પધારેલ મહાસભા પ્રમુખ સમાજરત્ન શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી તથા અન્ય મહાનુભાવોંને ઘટક સમાજ ભવનનાં પ્લાટની મુલાકાત લીધી હતી તથા ત્યા તેમના વરદ હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. સમાજ ગૌરવ રીતે ઘટકનાં બાળક બાળિકાઓંએં રાષ્ટ્રીય સુનામ મેળવેલ, એમને સમ્માનિત કરવામાં આવ્યું હતું.

સુઝાવ- પ્રા.સભામાં પ્રા.મહિલા મંડળ તથા પ્રા. યુવા મંડળને અલગથી મિટિંગ કરવા માટે સમય મલવો જોઈએ.

પ્રાદેશિક પ્રમુખ શ્રી હેમંતભાઈ દ્વારા પ્રતિ ઉત્તરમાં વાત રાખી કે સમયની અછત હોય છે તથા આવી વ્યવસ્થા કરવા થી પ્રાદેશિક મંચનાં હોદેદારોના ઉદબોધનનો લાભ ઉપસ્થિત મહિલા મંડળ અને યુવા મંડળને નહી મળી શકે. તેઓ પોતાની મીટિંગ પ્રાદેશિક મેટીંગ પુરી થવા બાદ રાખી શકે છે, જેને મહિલા મંડળ અને યુવા મંડળ એ સહર્ષ સ્વીકાર કર્યું હતું.

બિલાસપુર ઘટક મંત્રી શ્રી ભાવેશ નરસીભાઈ ગોહિલ- મહાસભા ઘટકોનાં આંગણે અંતર્ગત બિલાસપુર ઘટક પધારેલ મહાસભા પ્રમુખ સમાજરત્નશ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી તથા અન્ય મહાનુભાવોનું ઉષ્માભર્યુ સમ્માન કરવામાં આવ્યું, ભવ્ય સમાજ ભવનમાં અતિરિક્ત સર્વ સુવિધા યુક્તરૂમોના નિર્માણ કાર્યમાં સમાજરત્નશ્રી દ્વારા રૂ. ૫ લાખની સહાય ઘોષણા કરવામાં આવી. ઘટકવાસિઓ દ્વારા ઘટક પ્રમુખશ્રી અંબાલાલભાઈ વિરજીભાઈ ચૌહાણનેં ઘટક રત્નની પદવીથી અલકૃંત કરવામાં આવ્યું. અન્નપૂર્ણા યોજના-નિરાશ્રીત સહાય તથા તબિબિ સહાય ઘટક દ્વારા નિરંતર આપવામાં આવે છે. મહિલા મંડળ તથા યુવા મંડળના સહયોગથી સર્વે સામાજીક આયોજનો સફળ રીતે સંપન્ન કરવામાં આવે છે.

રાજનાંદગાંવ ઘટક ટ્રસ્ટ પ્રમુખશ્રી પ્રફુલભાઈ કેશવજીભાઈ પરમાર - રાજનાંદગાંવ ઘટકમાં સત્ર સમાપ્ત થતા નવા ઘટક પ્રમુખશ્રી રીતે શ્રી ગિરીશભાઈ પુરૂષોત્તમભાઈ ચાવડાની વરણી કરવામાં આવી. ઘટક પ્રમુખશ્રી દ્વારા મહામંત્રી રીતે શ્રી ચિમનભાઈ હરિરામભાઈ રાઠોડ તથા મંત્રી રીતે શ્રી હંસરાજભાઈ મન્નુભાઈ ચૌહાણને ચયનીત કરવામાં આવ્યા હતા. ઘટક ટ્રસ્ટ પ્રમુખશ્રી તથા ઘટક સલાહકાર પ્રમુખશ્રી પ્રફુલભાઈપરમારનાં માર્ગદર્શનમાં સમાજ ભવનમાં વિસ્તાર તથા અન્ય નિર્માણ નિરંતર પ્રગતિ પર છે. નિદાન સમિતિ (તાત્કાલિક સહાયતા) દ્વારા મેડિસીન શિવિરનું આયોજન કરવામાં આવ્યું હતું. ઘટક, મહિલા મંડળ તથા યુવા મંડળ સક્રિય રીતે દરેક કાર્યોમાં સહભાગિતા રાખી સમાજ ઉત્કર્ષ હેતુ કાર્ય કરી રહ્યા છે.

દુર્ગ ઘટક પ્રમુખશ્રી તુષારભાઈ તુલસીરામભાઈ ચૌહાણ- ઘટકનાં નવા નિર્માણાધિન સમાજભવન નિર્માણ કાર્યની ચાલી રહેલ રૂપરેખા રાખી હતી. આ નિર્માણ કાર્યમાં સહુનેં સહયોગ માટે અનુરોધ કર્યો હતો. ઘટકમાં અન્ય સામાજીક કાર્યો નિરંતર ચાલી રહ્યા છે. બિલાસપુર ઘટકનેં આ વાર્ષિક બૈઠકની સરસ

વ્યવસ્થા હેતુ સાધુવાદ આપ્યો હતો.

રાયપુર ઘટક મંત્રી શ્રી રાજેશભાઈ કાંતિપ્રસાદભાઈ રાઠૌડ- રાયપુર ઘટકનું સત્ર પુરુ થતા નવા ઘટક પ્રમુખ રીતે સર્વસમ્મતિથી શ્રી હેમંતભાઈ હરિરામભાઈ ગોહિલની વરણી કરવામાં આવી હતી. મહાસભા ઘટકોનાં આંગણે અંતર્ગત રાયપુર ઘટક પધારેલ મહાસભા પ્રમુખ સમાજરત્ન શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી તથા અન્ય મહાનુભાવોને ઘટક આંગણે ભવ્ય સ્વાગત સમારોહ કરવામાં આવ્યું. સમય અનુસારે મૈરેજ સર્ટિફિકેટની અનિવાર્યતા હોવાથી હવે ઘટકમાં લગન સમયે લાગા સાથે એનુ પણ ફોર્મ ભરાવી ઝડપ થી સર્ટિફિકેટ અપાવામાં આવે છે. દર મહિનાનાં છેલ્લા શનિવારે શ્રી હનુમાન ચાલીસનું પાઠ રાખવામાં આવે છે. ઘટક વતી અયોધ્યા તથા વારાણાસીની ધાર્મિક યાત્રા જાન્યુઆરી ૨૦૨૬ મહિનામાં યોજાવામાં આવી છે. પુરી મધ્યે આયોજીત થવાની સમૂહ ભાગવતમાં ઘટક મહતિ યોગદાન આપે છે. ઘટક દ્વારા બ્લડ ચેકઅપમાં ૫૦ ટકા છુટની વ્યવસ્થા કરવામાં આવી છે. નવનિર્મિત સમાજ ભવનનું કાર્ય પ્રગતિ પર છે, વસ્તિ પત્રક સુધારનું કાર્ય પ્રગતિ પર છે. જાતિ જનગણનામાં જાતિ શું લખવી એ બાબત ઘટક સામાન્ય સભા રાખવામાં આવી હતી, ગુર્જર જાતિ લખવા માટે સહમતિ બની હતી.

પ્રાદેશિક મહિલા મંડળ ઉપપ્રમુખ શ્રીમતી ભારતીબેન મહેન્દ્રભાઇ વરૂ -મહિલા દિવસ પર નિઃસ્વાર્થ સેવા આપતા બહેનોંનું સમ્માન ઑનલાઈન કરવામાં આવ્યું હતુ. ગંગાસાગર ધાર્મિક યાત્રામાં સારી રીતે સમાજ બાંધવોં જોડાયા હતા. વિભિન્ન ધાર્મિક ઉત્સવોં તથા આયોજનોં નિરંતર સંપન્ન કરવામાં આવે છે. સમાજરત્નશ્રી મહાસભા પ્રમુખશ્રીની પ્રાદેશિક શુભેચ્છા મુલાકાતમાં સક્રિયતા સાથે પ્રવાસ કર્યો હતો. પરસ્પર મિલન યાત્રાનાં આયોજનમાં રાયગઢ, કોરબા, ચિરમિરી, મનેન્દ્રગઢ, બિલાસપુર ઘટક મહિલા મંડળની સાર્થક મુલાકાત લેવામાં આવી હતી. પ્રાદેશિક મ.મંડળ દ્વારા ઑનલાઈન ધાર્મિક-સામાજીક-બાળકો વિશે-સાંસ્કૃતિક આયોજનોં અવાર-નવાર કરવામાં આવે છે. ઘટકોની સર્વે બહેનોં વિશેષ રીતે સહભાગિતા આપી રહ્યા છે.

અ.ભા.મહિલા મહામંડળ જોનલ પ્રમુખ શ્રીમતી જયશ્રીબેન ચંદુલાલભાઈ ચાવડા- જોનલનાં ઘટક મહિલા મંડળો સાથે સમન્વય બનાવતા ચર્ચાઓંની જાણકારી મહિલા મહામંડળ પ્રમુખ શ્રીમતી ગીતાબેન નટવરલાલભાઈ ચૌહાણનેં અવગત કરાવામાં આવે છે. ઘટકો સાથે નિરંતર સંપર્ક રાખી મહિલા ઉત્થાનનાકાર્યોમાં સહયોગ અપાય છે.

મહાસભા ન્યાયપંચ પ્રભારી શ્રી મહેન્દ્રભાઈ રાઠૌડ દ્વારા ઉદબોધનમાં મહાસભા દ્વારા ન્યાય પ્રક્રિયા તથા છુટાછેડા વિશેની પુરી પ્રક્રિયા તથા પેપર વર્ક વિશે માહિતિ આપી હતી તથા એના વિભિન્ન ફોર્મસ દરેક ઘટકોમાં અનિવાર્ય ઉપલબ્ધ રહેવા જોઈએ એવી વાત રાખી હતી. આ ફાર્મસ નો ફૈમિલી કોર્ટમાં કેટલો મહત્વ હોય છે એ પણ જાણકારી આપી હતી. અત્યાર સુધી ન્યાયપંચ પાસે આવેલ રજુઆતોં-કેસની જાણકારી આપી હતી.

મહાસભા કોષાધ્યક્ષશ્રી હિતેશભાઈ મગનભાઈ વરૂ દ્વારા મહાસભાનું નાણાકીય પ્રપત્ર વિશે વિસ્તૃત જાણકારી આપવામાં આવી મ ઘટકોંનેં મહાસભાનાં લાગા સમયસર જમા કરવા માટે કેવામાં આવ્યું. પ્રાદેશિક મિટિંગમાં પ્રા. યુવા મંડળની મિટિંગની સાર્થકતા વિશે વાત રાખી હતી, સમાજરત્નશ્રીનાં પ્રાદેશિક પ્રવાસમાં સહભાગિતાની જાણકારી આપી હતી.

મહાસભા મંત્રી તથા સંજીવની સહપ્રભારી શ્રી સુરેશભાઈ રતનસીભાઈચૌહાણ- સંજીવની સહાય વિશે જાણકારિયોં આપી હતી, બિલાસપુર ઘટક પ્રમુખ તથા ટીમનેં બૈઠક આયોજન તથા વ્યવસ્થા માટે ધન્યવાદ આપ્યો હતો.

મહાસભા ડિજીટલ વસ્તી પત્રક પ્રભારી શ્રી હેમંતભાઈ હરિરામભાઈ ગોહિલ દ્વારા વિસ્તૃત જાણકારી આપવામાં આવી તથા શેષ રહેલ પરિવારોંનેં અતિશીઘ્ર પોતાનું વસ્તી પત્રક પત્ર ભરી આપવા આવ્હાન કર્યુ હતું. સાથે સાથે વસ્તી પત્ર અપડેટ કરવા બાબત જાહેર કરેલ ફાર્મની વિગતવાર માહિતિ આપી હતી, આવતા જાતિ જનગણનામાં આપણી જાતી ગુર્જર લખવું એવું આવ્હાન કર્યુ હતું. આ બાબત પ્રાદેશિક સમિતિનું એક ઠરાવ પુરી અધિવેશનમાં રાખવા સલાહ આપી હતી. વસ્તિ પત્ર સુધાર માટે પ્રાદેશિક તથા ઘટકોંનેપરિવારોંથી સંપર્ક કરી કાર્ય કરાવા માટે પણ સુઝાવ આપવામાં આવ્યો.

છ.ગ.પ્રાદેશિક સમિતિ પ્રમુખશ્રી હેમંતભાઈ નાનાલાલભાઈ ચૌહાણ દ્વારા પોતાના અધ્યક્ષીય ઉદબોધનમાં બિલાસપુર ઘટકનેં સભા આયોજન માટે ધન્યવાદ આપ્યો હતો. રાષ્ટ્રીય વસ્તી પત્રક અપડેટ માટે પ્રાદેશિકનાં ઘટકોંનેં આવ્હાન કર્યુ હતું. ઘટકમાં રાષ્ટ્રીય વસ્તી પત્રક અપડેટ કરવા માટે કેમ્પ રાખી કાર્ય કરવા અનુરોધ કર્યો હતો. સમાજરત્નશ્રીનાં પ્રાદેશિક પ્રવાસમાં પ્રાદેશિક સમિતિનાં સક્રિય સહયોગ તથા દરેક ઘટકની મુલાકાત લેવા વિષયે જાણકારી આપી હતી. પ્રાદેશિક સભાઓંમાં ઘટકોંની અનુપસ્થિતિ વિશે પણ વાત રાખી હતી. પ્રાદેશિક મ.મંડળની મિટિંગ બાબત સુઝાવ આપ્યો હતો કે મુખ્ય અતિથિના ઉદબોધન પશ્ચાત રાખી શકાય છે.

મુખ્ય અતિથિશ્રી પ્રફુલભાઈપરમાર દ્વારા પોતાના મહતિ ઉદબોધનમાં મહાસભાનીં આવતા ડિસેમ્બર મહિનામાં યોજાતી વાર્ષિક બૈઠક-સગપણ સમ્મેલન-સમૂહ શ્રીમદ ભાગવત કથા વિશે વિસ્તૃત જાણકારી આપતા સહુનેં પુરી પધારવા આમંત્રણ

આપ્યું હતું. ભારત સરકાર દ્વારા થવાની જાતીય જનગણના વિશે આપણા સમાજની જ્ઞાતિ શુલખવી એ બાબત ખુલાસો કરતા કહ્યુ હતુ કે જ્ઞાતિ કોલમમાં ગુર્જર જ લખવુ જોઈએ ઓબીસી બેનિફીટ કચ્છનાં બારે પ્રાપ્ત થતી નથી. મહાસભા મેરેજ બ્યુરો દ્વારા ગાંધીધામ ખાતે આયોજીત સગપણ સમ્મેલનની સફળતાને સાધુવાદ આપ્યો હતો. મહાસભાની નાણાકીય વ્યવસ્થાનેં સારી રીતે સધ્ધર બનાવતા માનદ સભ્ય શ્રી વિમલભાઈ નારાયણભાઈ ચાવડા, તથા કોષાધ્યક્ષ શ્રી હિતેશભાઈ વરૂને સાધુવાદ આપ્યો હતો.

મહાસભાની અન્ય સમિતિઓંની કારકિર્દી વિશે પણ વિસ્તારથી ચર્ચા કરતા પ્રભારીશ્રીઓંનેં સાધુવાદ આપ્યો હતો. સમાજમાં થતા અંતર્જાતિયલગનોં પછી છુટાછેડા વખતે મધ્યસ્થ ન્યાય પંચ સમિતિનેં થતી મુશ્કેલીયોં વિશે મુખર ચર્ચા થઈ હતી, ઘટકોં દ્વારા પણ પોતાના અનુભવોં રાખવામાં આવ્યા હતા.

અન્ય કોઈ ચર્ચા ન થતા પ્રાદેશિક મંત્રીશ્રી ભાવેશભાઈ ગોહિલ દ્વારા છત્તીસગઢ પ્રાદેશિક સમિતિ વતી મુખ્ય અતિથિશ્રી, વિશિષ્ટ અતિથિશ્રીઓ, મંચાસીન મહાસભા હોદેદારો, ઘટકોથી પધારેલ પ્રમુખશ્રીઓં, મંત્રીશ્રીઓં તથા પ્રતિનિધિગણોંનું આભાર પ્રકટ કરવામાં આવ્યું હતું. બિલાસપુર ઘટકનાં આતિથ્યની, વ્યવસ્થિત વ્યવસ્થાની, લાગણીભર્યા આવકાર હેતુ ઘટક પ્રમુખશ્રી અંબાલાલભાઈ ચૌહાણ તથા એમની ટીમને ધન્યવાદ સાથે અભિનંદન આપવામાં આવ્યું હતું. રાષ્ટ્રગાન સાથે સભાધ્યક્ષની અનુમતિથી પ્રાદેશિક મંત્રીશ્રી દ્વારા સભાની વિધિવત સમાપ્તિની ઘોષણા કરવામાં આવી હતી. આતિથ્ય ઘટક દ્વારા સ્વાદિષ્ટ સ્નેહભોજ પિરસવામાં આવ્યું હતું. સ્નેહભોજ માણી સહુ છુટા પડયા હતા.

## જામનગર-સિક્કા ઘટક



તા. ૨૩-૧૧-૨૦૨૫, રવિવારના રોજ જામનગર-સિક્કા હાઈવે પર આવેલ શ્રી દયામન ઇન્સ્ટિટ્યુટ ઓફ નર્સિંગ એન્ડ રિસર્ચ લાખાબાવળ મુકામે ઘટકના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઇ ચૌહાણના અધ્યક્ષ સ્થાને વાર્ષિક સ્નેહમિલનનું આયોજન કરવામાં આવેલ હતું. અંદાજીત નાના-મોટા સિત્તેર જેટલા વ્યક્તિઓએ હાજરી આપી હતી. સાંજે ૪.૦૦ વાગ્યાથી શરૂ થયેલ કાર્યક્રમમાં મહાનુભાવોનું પુષ્પગુચ્છથી સ્વાગત બાદ દિપ પ્રાગટ્ય કરવામાં આવેલ. બાદમાં ઘટકના ખજાનચી શ્રી ઉમેશભાઇ ટાંક તરફથી ઘટકનો વાર્ષિક આર્થિક અહેવાલ રજુ કરવામાં આવેલ.

ત્યાર બાદ સૌ પ્રથમ યુવા મંડળના પ્રમુખ શ્રી નવીનભાઇ પરમાર દ્વારા અંગત કારણોસર રાજીનામું આપતા યુવા મંડળના નવા હોદ્દેદારોની વરણી કરવામાં આવી અને મહિલા મંડળના



મંત્રી નયનાબેન ટાંક દ્વારા મહિલા મંડળનો વાર્ષિક અહેવાલ રજુ કરવામરાં આવેલ. બાદમાં મંત્રી શ્રી જીતેન્દ્રભાઇ ચૌહાણ તરફથી ઘટકનો વાર્ષિક અહેવાલ રજુ કરવામાં આવેલ. છેલ્લે મહિલા મંડળના ઉપપ્રમુખ શ્રીમતી કવિતાબેન, ઘટક ઉપપ્રમુખ શ્રી સંજયભાઇ ટાંક અને પ્રમુખ શ્રી મહેન્દ્રભાઇ ચૌહાણ દ્વારા ઉદ્‌બોધન આપવામાં આવેલ તેમજ સમાજબાંધવોને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ.

મહાનુભાવોના ઉદ્‌બોધન બાદ સાંસ્કૃતિક કાર્યક્રમ શરૂ કરવામાં આવેલ અને ત્યાર બાદ ઘટકના સર્વે કુટુંબોએ ઘટકની વાર્ષિક સભ્ય ફી તેમજ ઘટકને યથાશક્તિ ફાળો નોંધાવેલ અને યુવા મંડળ અને મહિલા મંડળ દ્વારા વાર્ષિક સભ્ય ફી લેવામાં આવેલ અને બાદમાં હાઉસી ગેમ, લક્કી ડ્રો જેવી ઇન્ડોર રમતોનું આયોજન કરવામાં આવેલ. જેમાં સર્વે સમાજબંધુઓને ખુબજ મનોરંજન મળેલ.

છેલ્લે ઘટકના તેજસ્વી વિદ્યાર્થીઓ માટેના ઇનામ માટેના આજીવન દાતાશ્રી ડૉ. દિપેશભાઇ પરમાર તરફથી કે.જી.થી લઇને કોલેજ સુધીના સર્વે વિદ્યાર્થીઓને ગીફ્ટ આપી પ્રોત્સાહિત કરવામાં આવેલ. છેલ્લે ઘટક મંત્રી શ્રી જીતેન્દ્રભાઇ ચૌહાણ અને ખજાનચી શ્રી ઉમેશભાઇ ટાંક તરફથી સૌના માટે સ્વાદિષ્ટ ડિનરનું આયોજન કરવામાં આવેલ અને છેલ્લે એન્કરીંગ કરનાર શ્રીમતી ફોરમબેન ટાંક તરફથી આભારવિધી કરવામાં આવેલ અને રાત્રે ૯.૦૦ વાગ્યે સૌ છુટા પડેલ હતા.

## માધાપર ઘટક







શ્રી ક.ગુ.ક્ષ. સમાજ માધાપર ઘટક દ્વારા સમાજ ભવન મધ્યે તા. ૦૮-૧૨-૨૦૨૫, સોમવારના રોજ સુવર્ણપ્રાશન ઔષધી પીવડાવવાનો ૧૧મો કેમ્પ યોજવામાં આવેલ હતો. જેમાં સર્વે સમાજના ૧૫ વર્ષ સુધીના ૧૨૧ બાળકોને સુવર્ણપ્રાશનના ટીપા નિ:શુલ્ક પીવડાવવામાં આવેલ હતા. આ વખતે પુષ્ય નક્ષત્રના દિવસે માધાપર ઘટકના પ્રમુખ શ્રી જયંતીલાલભાઇ વલમજીભાઇ વાઘેલાના માર્ગદર્શન હેઠળ માધાપર ઘટકના સહમંત્રી અને પ્રોજેક્ટ ચેરમેન શ્રી દિનેશભાઇ નરેન્દ્રભાઇ ચાવડા અને શ્રી ગીરીશભાઇ હીરજીભાઇ ચૌહાણ, શ્રી રાજેશભાઇ રસીકભાઇ ચાવડાએ જહેમત ઉઠાવી હતી અને તેમના વરદ હસ્તે બાળકેને ટીપા પીવડાવવામાં આવ્યા હતા. સુવર્ણપ્રાશન ઔષધી અભિયાનમાં દરેક સમાજના બાળકો અને નૂતન કેળવણી મંડળના બાળકોએ પણ લાભ લીધો હતો. જેમાં નુતન કેળવણી મંડળના પ્રિન્સીપાલ શ્રીમતી પ્રતિમાબેન રાઠોડ, શિક્ષિકા શ્રીમતી કંચનબેન સોલંકી અને શ્રીમતી કવિતાબેન ચૌહાણનો સહકાર મળેલ હતો.

માધાપર ઘટક અને રામકૃષ્ણ મઠ ભુજ દ્વારા આયોજીત દરેક સમાજ માટે નિ:શુલ્ક હોમિયોપેથિક નિદાન અને સારવાર કેમ્પ માધાપર સમાજ ભવન મધ્યે તા. ૧૦-૧૨-૨૦૨૫ના







બુધવારના રોજ યોજવામાં આવેલ હતો. જેમાં માધાપર ઘટકના પ્રમુખ શ્રી જયંતીલાલભાઇ વલમજીભાઇ વાઘેલાના માર્ગદર્શન હેઠળ દરેક સમાજના લોકો માટે ફ્રીમાં નિદાન કરી એક માસની ફ્રીમાં દવાઓ આપવામાં આવેલ હતી. રામકૃષ્ણ મઠ ભેજના ડૉ. યશ્વી પરમાર અને ડૉ. વિશ્વા પારેખે સેવા આપેલ હતી. નિઃશુલ્ક હોમિયોપેથિક નિદાન અને સારવાર કેમ્પમાં કુલ ૫૮ લોકોએ નિદાન કરાવેલ હતું. કેમ્પમાં માધાપર ઘટકના કારોબારી સભ્ય શ્રી કમલેશભાઇ મુળજીભાઇ પરમાર, શ્રી ગીરીશભાઇ હીરજીભાઇ ચૌહાણ, શ્રી છોટાલાલભાઇ નાનાલાલભાઇ વરૂ અને શ્રી રાજેશભાઇ રસિકભાઇ ચાવડાએ જહેમત ઉઠાવેલ હતી.

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ માધાપર ઘટક દ્વારા શ્રી રાધેમોહનરાય ભગવાનના પાટોત્સવ નિમિત્તે શિવ મહાપુરાણ કથાનું આયોજન કરવામાં આવેલ હતું. જેના સંદર્ભમાં તા. ૨૭-૧૦-૨૨૫ના સોમવારના રાત્રે ૯.૦૦ કલાકે સમાજરત્ન શ્રી વિનોદભાઇ સોલંકી સમાજ ભવખ ખાતે જનરલ મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શિવ મહાપુરાણ કથાના સફળ આયોજન માટે વિવિધ સમિતિઓની રચના કરવામાં આવેલ હતી. તેમજ કથાના પ્રભારી તરીકે 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીને સર્વાનુમતે નિમણુંક કરવામાં આવેલ હતી. કથા શ્રવણ પ.પૂ. શાસ્ત્રી શ્રી કશ્યપ જોષી

પાર્વતી વિવાહ, ગણપતિ અને કાર્તિકેય ઉત્પતિ અને બાર જ્યોતિર્લિંગ પ્રાગટ્ય જેવા ઉત્સવો ઉજવવામાં આવશે. ત્યાર બાદ માગસર સુદ-૮ તા. ૨૮-૧૧-૨૦૨૫ના રૂદ્ર યજ્ઞ કરી કથાને વિરામ આપવામાં આવશે. સાથે માગસર સુદ-૫, તા. ૨૫-૧૧-૨૦૨૫ના રોજ શ્રી રાધેમોહનરાય મંદિરનો પાટોત્સવ ઉજવવામાં આવશે. જે મીટીંગ દરમ્યાન નક્કી કરવામાં આવેલ.

કથાના મુખ્ય યજમાન શ્રી મોહિતભાઇ વિનોદભાઇ સોલંકી પરિવાર - રૂા. ૪,૦૦,૦૦૦, કથાના ઉત્સવ શિવ પાર્વતી વિવાહના દાતાશ્રી ડૉ. શ્રી મનોજભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી પરિવાર - રૂા. ૧,૧૦,૦૦૦, ગણપતિ અને કાર્તિકેય ઉત્પતિ ઉત્સવના દાતા ગં.સ્વ. મંજુલાબેન હરિલાલભાઇ ગોહિલ પરિવાર - રૂા. ૧,૧૦,૦૦૦, બાર જ્યોતિર્લિંગ પ્રાગટ્ય ઉત્સવના દાતા બ્ર.કુ. બાબુભાઇ અરજણભાઇ પરમાર પરિવાર - રૂા. ૧,૧૦,૦૦૦, દ્વારા સહયોગ મળેલ હતો. ગાયના લીલા ચારાના દાતા તરીકે રૂા. ૧૧,૦૦૦ અને સુકા પ્રસાદના દાતા તરીકે રૂા. ૫,૦૦૦નો સહયોગ દાતાશ્રીઓ તરફથી મળેલ હતો. કથાના આયોજન માટે માધાપર મહિલા મંડળ તરફથી રૂા. ૨૫,૦૦૦ અને શ્રી નાનાલાલભાઇ અમૃતલાલભાઇ ચૌહાણ તરફથી રૂા. ૨૫,૦૦૦ સહયોગ મળેલ હતો.



દ્વારા કરાવવામાં આવશે. કથાનો પ્રારંભ માગસર સુદ-૧ તા. ૨૧-૧૧-૨૦૨૫ થી માગસર સુદ-૭, તા. ૨૭-૧૧-૨૦૨૫ સુધી આયોજન કરવામાં આવેલ. કથા દરમિયાન શિવ

કથાના પ્રથમ દિવસ માગસર સુદ-૧, તા. ૨૧-૧૧-૨૦૨૫ના શુક્રવારે સવારે ૯.૩૦ કલાકે બારદા મંદિરથી ઠાકર મંદિર કથા સ્થળ સુધી વાજતે-ગાજતે ધામધુમથી ભવ્ય






શોભાયાત્રાનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં આર્ષ અધ્યયન કેન્દ્ર - માધાપરના પ.પૂ. શ્રી સ્વામી પ્રદીપાનંદ સરસ્વતીજી, લાલ હનુમાન ટેકરી-અંજારના મહંત શ્રી મનીરામદાસજી બાપુ, રાષ્ટ્રીય મહાસભાના પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી, મહાસભાના વરીષ્ઠ ઉપપ્રમુખ ડૉ. શ્રી મનોજભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી, મહાસભાના ઉપપ્રમુખ બ્ર.કુ. બાબુભાઇ અરજણભાઇ પરમાર, માધાપર ઘટક, મહિલા મંડળ, યુવા મંડળ અને યુવતી મંડળ તેમજ ગ્રામજનો મોટી સંખ્યામાં લાભ લીધો હતો. ત્યાર બાદ સર્વે ગુરૂજનો, હોદ્દેદારો અને સમાજ અગ્રણીઓ દ્વારા દીપ પ્રાગટ્ય કરી કથાની શરૂઆત કરાવેલ હતી. ત્યાર બાદ માધાપર ઘટક પ્રમુખ શ્રી જયંતિલાલભાઇ વલમજીભાઇ વાઘેલાએ ઉપસ્થિત સર્વે ગુરૂજનો, હોદ્દેદારશ્રીઓ અને કથાકાર પ.પૂ. શાસ્ત્રી શ્રી કશ્યપ જોષી તેમજ તેમની ટીમનું શાબ્દિક સ્વાગત કરેલ હતું. ત્યાર બાદ ઉપસ્થિત સંતો-મહંતોનું શાલ ઓઢાડી અને ફુલહાર દ્વારા સન્માન કરવામાં આવેલ હતું. સંતો-મહંતોએ પ્રાસંગીક પ્રવચન આપ્યા હતા અને આશીર્વચન પાઠવ્યા હતા.

કથાના પ્રથમ દિવસે ભવ્ય શોભાયાત્રાથી શરૂઆત થઇ ત્યાર બાદ બીજા દિવસે ભસ્મ, બીલીપત્ર તથા રૂદ્રાક્ષ મહિમા અને ત્રીજા દિવસે શિવલીંગનું આધ્યાત્મિક રહસ્ય વિષે રસપાન કરવામાં આવેલ હતું. કથાના ત્રીજા દિવસે રાત્રે ભવ્ય સંતવાણીનું આયોજન કરવામાં આવેલ હતું. ત્યાર બાદ ચોથા દિવસે શાસ્ત્રી શ્રી કશ્યપ જોષી મારાજે શિવ પાર્વતી વિવાહનું મહત્વ જણાવ્યું હતું કે વર્તમાન સમયમાં સફળ દામ્પત્ય માટે શિવ મહાપુરાણમાંથી પ્રેરણારૂપ છે. ત્યાર બાદ શિવ પાર્વતી વિવાહ ઉત્સવ ધામધુમથી ઉજવવામાં આવેલ હતો. જેના યજમાન ડૉ. શ્રી મનોજભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી પરિવાર હતો. જેમાં જયદીપ સોલંકી અને નંદીનીબેન સોલંકી દંપતી હસ્તે શિવ પાર્વતી વિવાહ ધાર્મિક રીતે ભવ્યતા સાથે ઉજવવામાં આવેલ હતો. શ્રી કેતનભાઇ હરીરામ ચૌહાણ પરિવાર - કુકમા દ્વારા કન્યાદાનનો લાભ લીધેલ હતો. કથાના મુખ્ય યજમાન શ્રી મોહિતભાઇ વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી પરિવાર પણ શિવ પાર્વતી ઉત્સવમાં ભાગ લઇ પ્રસંગોચીત દાનનો લાભ લીધેલ હતો. શિવ પાર્વતી ઉત્સવને ધામધુમથી ઉજવવા માટે મહિલા મંડળ, યુવા મંડળ અને યુતવી મંળે જહેમત ઉઠાવેલ હતી.

કથાના પાંચમા દિવસે રાધે મોહનરાય ભગવાનના પાટોત્સવ નિમિત્તે સવારે વિષ્ણુ સહસ્ત્ર પાઠ તથા શ્રી યુક્ત પાઠ કરવામાં આવેલ હતા. શાસ્ત્રી શ્રી શ્યામભાઇ જોષી તથા હિરેન મારાજ દ્વારા શાસ્ત્રોક્ત વિધી કરાવવામાં આવેલ હતી. જેમાં શ્રી મોહિતભાઇ વિનોદભાઇ સોલંકી દંપતીએ લાભ લીધેલ હતો. આ પ્રસંગે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવેલ હતું. જેના દાતાશ્રી 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી પરિવાર હતા. સાંજે ગણપતિ અને કાર્તિકેય ઉત્પતિ ઉત્સવના દાતા ગં.સ્વ. મંજુલાબેન હરિલાલભાઇ ગોહિલ પરિવાર દ્વારા ધામધુમથી જન્મોત્સવ ઉજવવામાં આવેલ હતો. જેમાં માધાપરના સર્વે ગ્રામજનોએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો. એજ દિવસે રામ જન્મ ભૂમિ મંદિર અયોધ્યા ખાતે ધજા ચડાવવાના પ્રસંગની ખુશીમાં ગં.સ્વ. જ્યોતિબેન મહેશભાઇ સોલંકી અને ગં.સ્વ. નયનાબેન રમેશભાઇ ચૌહાણ તરફથી તમામને પેંડાનો પ્રસાદ વહેંચવામાં આવેલ હતો.

કથાના છઠ્ઠા દિવસે વક્તાશ્રીએ જણાવ્યું હતું કે, બાળકોના નામકરણ સંસ્કાર જન્મ સમયના નક્ષત્રો પ્રમાણે રાખવા જોઇએ તેમજ નક્ષત્ર મુજબના વૃક્ષો નીચે તપ કરવાથી વિશેષ ફળ મળે છે. રાધે મોહનરાય ભગવાનના પાટોત્સવ નિમિત્તે યોજાયેલ મહાપ્રસાદના દાતા 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકીનો સમાજના હોદ્દેદારો દ્વારા શાલ, ફુલહાર, પાઘ અને મોમેન્ટો આપી બહુમાન કરવામાં આવેલ હતું. ત્યાર બાદ બ્ર.કુ. બાબુભાઇ અરજણભાઇ પરમારનો જન્મદિવસ હોઇ તેમનું બહુમાન કથાના વક્તાશ્રીના વરદ હસ્તે કરવામાં આવેલ હતું.જન્મદિવસની ખુશી નિમિત્તે બ્ર.કુ. બાબુભાઇ અરજણભાઇ પરમારે કથા મંડપમાં હાજર સૌને આઇસ્ક્રીમનો પ્રસાદનું વિતરણ કરવામાં આવેલ હતું. રાધે રામમોહનરાય ભગવાનના પાટોત્સવ નિમિત્તે રાત્રે સમાજના લોકો દ્વારા ભક્તિ સંગીત અને ભારત

નાટ્યમનો સાંસ્કૃતિક કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. જેમાં સમાજના નાના બાળકો, યુવાનો અને વયસ્કોએ પોતાની કૃતિ અને ભજન દ્વારા ભક્તિમય વાતાવરણ ઉભું કરેલ હતું. જેમાં મોટી સંખ્યામાં ગ્રામજનો હાજર રહેલ હતા તેમજ દરેક કલાકારને મોમેન્ટો અને ૧૧૦૦ આપી સન્માનિત કરેલ હતા. ભક્તિ સંગીત કાર્યક્રમને સફળ બનાવવા જ્યોતિર્મય નિરંજન પરમાર, યોગેશભાઇ અમરશી ચૌહાણ અને પલ્લવી રાઠોડએ જહેમત ઉઠાવી હતી.

કથાના સાતમા દિવસે બાર જ્યોતિર્લિંગ પ્રાગટ્ય ઉત્સવ ધામધુમથી ઉજવવામાં આવેલ હતો. જેના દાતાશ્રી બ્ર.કુ. બાબુભાઇ અરજણભાઇ પરમાર હતા. જેમાં તેમના પરિવાર દ્વારા બાર જ્યોતિર્લિંગની પૂજા કરવામાં આવેલ હતી. શાસ્ત્રી શ્રી કશ્યપ જોષી દ્વારા બાર જ્યોતિર્લિંગના મહિમા અંગે જણાવ્યું હતું કે શિવલિંગની પૂજા કરવાથી શાંતિ પ્રાપ્ત થાય છે તેમજ તમામ પાપનો નાશ થાય છે. જેથી સૌએ શિવની પૂજા કરી શિવમય બનવું જોઇએ. ત્યાર બાદ બ્રહ્માકુમારી આઇયાનગર ભુજ સેવા કેન્દ્રના સંચાલીકા કુમારી રીનાબેને જણાવ્યું હતું કે, કથા શ્રવણમાં મળેલા આધ્યાત્મિક જ્ઞાનને જીવનમાં ઉતારી તેનું અનુકરણ કરવું જોઇએ. ત્યાર બાદ કુમાર રીનાબેન અને કુમારી રશ્મિબેન દ્વારા વ્યાસપીઠ પર બિરાજમાન શાસ્ત્રીશ્રી કશ્યપ જોશી મારાજ, શ્રી શ્યામ જોશી, શ્રી હિરેન મારાજ અને તેમની ટીમ તથા કથાના મુખ્ય યજમાન શ્રી મોહિતભાઇ વિનોદભાઇ સોલંકી, ઉત્સવના દાતા ડૉ. શ્રી મનોજભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી, ગં.સ્વ. મંજુલાબેન હરિલાલભાઇ ગોહિલ, બ્ર.કુ. બાબુભાઇ અરજણભાઇ પરમાર તેમજ માધાપર ઘટકના પ્રમુખ શ્રી જયંતિલાલભાઇ વલમજીભાઇ વાઘેલાનું મોમેન્ટો આપી સન્માન કરેલ હતું.

ત્યાર બાદ માધાપર ઘટકે પણ કુમારી રીનાબેન અને કુમારી રશ્મીબેનું શાલ ઓઢાડી સન્માન કરેલ હતું. મહાસભાના વરીષ્ઠ ઉપપ્રમુખ ડૉ. મનોજભાઇ સોલંકી દ્વારા કથામાં આવેલ સર્વેને સંકલ્પ લેવા આહ્વાન કરવામાં આવેલ હતું અને સંકલ્પની સૂચી પણ લોકો સમક્ષ રજુ કરી હતી. ગયા વર્ષે ગૌ કથામાં જે લોકોએ લીધેલ સંકલ્પને પૂરો કર્યો તે બદલ સૌનો આભાર માન્યો હતો. શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ માધાપર દ્વારા જન્મદિવસના દિવસે સહ પરિવાર સવાર અને સાંજના આરતી સમયે મંદીરમાં હાજર રહેશે એવો સંકલ્પ જાહેર કરવામાં આવેલ હતો. કથાના મુખ્ય યજમાન શ્રી મોહિતભાઇ વિનોદભાઇ સોલંકીએ પોતાની વાડીએ ગૌશાળા બનાવવાનો સંકલ્પ તેમજ સહપરિવારે દરરોજ સાંજે હનુમાન ચાલિસાનો પાઠ કરવાનો સંકલ્પ લીધેલ હતો. શાસ્ત્રી શ્રી શ્યામભાઇ જોશીએ માતાજીના અષ્ટભૂજામાં ધારણ કરેલ શસ્ત્રો બનાવી તેની દરરોજ પૂજા કરવાનો સંકલ્પ લીધો હતો. ત્યાર બાદ સ્વ. ચંદ્રકાન્તભાઇ ધનજીભાઇ સોલંકીની પુણ્યતિથિ નિમિત્તે હસ્તે અપૂર્વ ચંદ્રકાંત સોલંકી તરફથી કેળાની પ્રસાદીનું વિતરણ કરવામાં આવેલ હતું.

ત્યાર બાદ કથામાં આર્થિક સહયોગ આપનાર દાતાશ્રીઓના સન્માન કરવામાં આવેલ હતા. જેમાં શિવ મહાપુરાણ જ્ઞાનયજ્ઞના મુખ્ય યજમાન શ્રી મોહિતભાઇ વિનોદભાઇ સોલંકીનું પાઘ પહેરાવી, શાલ ઓઢાડી અને મોમેન્ટો આપી માધાપર ઘટક દ્વારા સન્માન કરવામાં આવેલ હતું. ત્યાર બાદ શિવ પાર્વતી વિવાહના દાતાશ્રી ડૉ. મનોજભાઇ સોલંકી, ગણપતિ અને કાર્તિકેય ઉત્પતિના દાતાશ્રી ગં.સ્વ. મંજુલાબેન હરિલાલભાઇ ગોહિલ, બાર જ્યોતિર્લિંગ પ્રાગટ્ય ઉત્સવના દાતાશ્રી બ્ર.કુ. બાબુભાઇ પરમાર,નું શાલ ઓઢાડી અને મોમેન્ટો આપી સન્માન કરવામાં આવેલ હતું. સંચાલન માધાપર ઘટકના સહમંત્રી શ્રી દિનેશભાઇ નરેન્દ્રભાઇ ચાવડાએ કરેલ હતું. સન્માન બાદ આરતી કરી કથાને વિરામ આપવામાં આવેલ હતો.

ત્યારબાદ આઠમા દિવસે રૂદ્ર યજ્ઞનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં કથાના મુખ્ય યજમાન શ્રી મોહિતભાઇ વિનોદભાઇ સોલંકી, શિવ પાર્વતી વિવાહના દાતાશ્રી જયદીપભાઇ મનોજભાઇ સોલંકી, માધાપર ઘટક પ્રમુખ શ્રી


## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ (ઓખા મંડળ) ટ્રસ્ટ, દ્વારકા

તીર્થધામ દ્વારકા મુકામે આપણી ધર્મશાળામાં આપને આવકાર છે. આપના આગમનની તારીખ અને સમય અઠવાડીયા પહેલા ફોન દ્વારા જણાવશો તો વિશેષ અનુકુળતા રહેશે. ધાર્મિક કે સામાજિક પ્રસંગો માટે ચાર મહિના પહેલાં સંપર્ક કરવો જરૂરી છે.

ખાસ નોંધ : સરકારી નિયમ મુજબ, યાત્રીએ પોતાનું આઇકાર્ડ સાથે રાખવું ફરજિયાત છે. ફોન કરનારે પ્રથમ પોતાની ઓળખ વતન-ગામ સાથે આપવી જરૂરી છે.

**સરનામું :** કચ્છી સમાજ ભવન, ગોમતી રોડ, રામેરામ ધર્મશાળા પાસે, દ્વારકા - ૩૬૧૩૩૫
મેનેજર : ૮૯૮૦૦૫૮૧૫૬

**ફોનથી બુકીંગ કરવા માટેનો સમય :**
**સવારે** ૧૦.૦૦ થી ૧.૦૦ વાગ્યા સુધી, **સાંજે** ૫.૦૦ થી ૮.૦૦ સુધી
**ચેકઇન ટાઇમ :** સવારે ૯.૦૦, **ચેકઆઉટ ટાઇમ :** બીજા દિવસે સવારે ૯.૦૦

જયંતિલાલભાઇ વલમજીભાઇ વાઘેલા તથા મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી તારાબેન રમેશભાઇ ટાંક અને સર્વે સભ્યો તેમજ યુવા મંડળના સભ્યોએ લાભ લીધેલ હતો. રૂદ્ર યજ્ઞની શાસ્ત્રોક્ત વિધી શ્યામભાઇ જોશી અને અર્જુન મારાજ દ્વારા કરાવવામાં આવેલ હતી. સમગ્ર કથાને સફળ બનાવવા માધાપર ઘટક, મહિલા મંડળ અને યુવા મંડળ અને યુવતી મંડળના સભ્યોનો સહયોગ મળેલ હતો તથા સમાજના અગ્રણી અને ગ્રામજનોએ પણ જહેમત ઉઠાવેલ હતી.

## ભુજ ઘટક



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ ભુજના વાર્ષિક સ્નેહમિલન કાર્યક્રમમાં સમાજ અને સંસ્કૃતિને મજબુત બનાવતા સંયુક્ત પરિવાર ભાવને બિરદાવી ૩૦ જેટલા એકજ ઘરમાં રહેતા અને એકજ રસોડે જમતા સંયુક્ત પરિવારોનું સન્માન કરવામાં આવેલ હતું.

સમાજના પ્રમુખ ડૉ. દેવેન્દ્રભાઇ પરમારના અધ્યક્ષ સ્થાને આયોજીત કાર્યક્રમમાં તેમની સાથે આઇયાનગર સેન્ટરના બ્ર.કુ. રીનાબેન, મહાસભાના ઉપપ્રમુખો બ્ર.કુ. બાબુભાઇ પરમાર, વિનોદભાઇ ચૌહાણ, મેરેજ બ્યુરો પ્રભારી શ્રીમતી અમિતાબેન સોલંકી, મહિલા પ્રાદેશિક પ્રમુખ શ્રીમતી રીટાબેન ચૌહાણ, યુવા મંડળના પ્રમુખ સ્નેહલભાઇ પરમાર, જ્ઞાતિ પ્રસાદના દાતા શ્રીમતી સુશિલાબેન તથા શ્રી જીતેન્દ્રભાઇ દેવરામભાઇ વરૂ તથા શ્રી સુરેશભાઇ પરમારે દીપ પ્રાગટ્ય કરેલ હતું. બ્ર.કુ. રીનાબહેને આદર્શ અને મુલ્યનિષ્ઠ સમાજ રચનાની જરૂરત ઉપર ભાર મુકી સમાજના પરિવારોને સંગઠીત રહી સમાજ સેવા કરતા રહેવાની શિખ આપેલ હતી. બ્ર.કુ. બાબુભાઇ પરમારે જીવનમાં આધ્યાત્મિક્તા કેળવવા તથા શ્રીમતી અમિતાબેન સોલંકીએ સમાજની સગપણ સમસ્યાના નિવારણ બાબતે ચિંતિત રહેવા અનુરોધ કર્યો હતો. વિનોદભાઇ ચૌહાણે રાષ્ટ્રીય મહાસભાની વિવિધ સેવા યોજનાઓ તથા આગામી ડિસેમ્બર માસમાં જગન્નાથ પુરી મુકામે આયોજીત રાષ્ટ્રીય અધિવેશન અને શ્રીમદ્ ભાગવત સપ્તાહની જાણકારી આપેલ હતી. કાર્યક્રમના અધ્યક્ષ ડૉ. દેવેન્દ્રભાઇ પરમારે ઘટકની સેવાકીય પ્રવૃત્તિઓનો અહેવાલ આપી આજના આયોજનમાં સહભાગી અને સન્માનિત સમાજબાંધવોને અભિનંદન આપેલ હતા.

ત્યાર બાદ દાતા શ્રીમતી રસીલાબેન સુરેશભાઇ પરમારના સૌજન્યથી સમાજના ૩૦ જેટલા સંયુક્ત પરિવારોનું સન્માન કરવામાં આવેલ હતું. વિશેષ સન્માન અંતર્ગત પાંચ વિશિષ્ટ સિધ્ધી પ્રાપ્ત છાત્રો તેમજ ભુજ ઘટક અને સમાજના વિવિધ ક્ષેત્રોમાં તન, મન, ધનથી દિર્ઘકાલીન સેવાઓ આપનાર પૂર્વ પ્રમુખો સ્વ. નાનજીભાઇ બેચરભાઇ ચૌહાણ તથા શ્રી વ્રજલાલભાઇ સામજીભાઇ પરમારને 'ઘટક રત્ન' એવોર્ડથી








સન્માનિત કરવામાં આવેલ હતા. સ્નેહમિલનના જ્ઞાતિપ્રસાદના દાતા શ્રીમતી સુશીલાબેન તથા શ્રી જીતેન્દ્રભાઇ દેવરામભાઇ વરૂનું મંચસ્થ મહાનુભાવોના હસ્તે સેવા સન્માન કરવામાં આવેલ હતું. કાર્યક્રમના પ્રારંભે પ્રાર્થના તથા સ્વાગત ગીત રજુ કરનાર કુ. કિંજલ પરમાર તથા કુ. સંભવી વાઘેલાને પણ પુરસ્કૃત કરવામાં આવેલ હતા. મનોરંજન કાર્યક્રમ અંતર્ગત નાના બાળકોએ ભારત વર્ષના વિવિધ પ્રેરક પાત્રોની વેશભૂષા સાથે એકપાત્રિય અભિનય રજુ કરેલ હતો. મહિલા મંડળ દ્વારા વિવિધ પારિવારિક પાત્રોની જોડી બનાવીને હળી શૈલીમાં સામાજીક સંદેશ આપતી ''જોડી કમાલ કી'' ની પ્રસ્તુતિ કરવામાં આવેલ હતી તેમજ ઇનામી ડ્રો, પ્રશ્નોતરી તથા લક્કી ફેમિલી ડ્રોનું આયોજન કરવામાં આવેલ હતું. કાર્યક્રમનું સંચાલન અને આભારવિધી શ્રીમતી ગીતાબેન ચૌહાણે કરેલ હતા. સુરેશ પરમાર, હરીલાલ યાદવ, જનાર્દન રાઠોડ, કિંજલ ચૌહાણ તથા વિજયભાઇ સોલંકીએ વ્યવસ્થા સંભાળી હતી. સમાજની વિવિધ સંસ્થાના હોદ્દેદારો વિનોદભાઇ ખોડિયાર, ડૉ. વિનાયક ચૌહાણ, બાબુભાઇ ચૌહાણ, અનિલભાઇ ચૌહાણ, અનસુયાબેન પરમાર, ઉષાબેન ચૌહાણ ઉપસ્થિત રહ્યા હતા.

## બિલાસપુર ઘટક



બિલાસપુર ઘટકના લાગણી ભર્યા આતિથ્યમાં ઘટક આંગણે છત્તીસગઢ પ્રાદેશિક સમિતિની વાર્ષિક બૈઠક રાખવામાં આવી હતી. મુખ્ય અતિથિ રીતે મહાસભા સલાહકાર પ્રમુખશ્રી પ્રફુલભાઈ કેશવજીભાઈ પરમાર મંચ પર શોભાયમાન હતા. સાથે-સાથે મહાસભા ઉપપ્રમુખ અને બિલાસપુર ઘટક પ્રમુખ ઘટકરત્ન શ્રી અંબાલાલભાઈ વિરજીભાઈ ચૌહાણ, મહાસભા ઉપપ્રમુખ શ્રી હેમંતભાઈ હરિરામભાઈ ગોહિલ, મહાસભા મંત્રી શ્રી સુરેશભાઈ રતિલાલભાઈ ચૌહાણ, મહાસભા કોષાધ્યક્ષ-શ્રી હિતેશભાઈ મગનભાઈ વરૂ, મહાસભા ન્યાયપંચ પ્રભારી શ્રી મહેન્દ્રભાઈ કેશવજીભાઈ રાઠોડ, શ્રી હેમંતભાઈ નાનાલાલભાઈ ચૌહાણ (છ.ગ.પ્રા.સમિતિપ્રમુખશ્રી), શ્રીમતી જયશ્રીબેન ચંદુભાઈ ચાવડા (અ.ભા. મહિલા મહામંડળ જોનલ પ્રમુખ), શ્રીમતી ભારતીબેન મહેન્દ્રભાઇ વરૂ (છ.ગ.પ્રા.મહિલા મંડળ ઉપપ્રમુખશ્રી), છ.ગ.પ્રા.મંત્રી શ્રી ભાવેશભાઈ નરસીભાઈ ગોહિલ, ઘટક મ.મંડળ પ્રમુખ શ્રીમતી ભારતીબેન યોગેનભાઈ રાઠોડ, ઘટક યુવા મંડળ પ્રમુખ - શ્રી પરિચયભાઈ રમણિકભાઈ જેઠવા પણ મંચાસીન હતા. બિલાસપુર ઘટક દ્વારા સમસ્ત અતિથિઓને મંચ પર સાદર આમંત્રિત કરતા દીપ પ્રજવલ્લનના સાથે પ્રભુ પ્રાર્થના શ્રીમતી ઊર્મિલાબેન વિનોદભાઈ સોલંકી દ્વારા રજૂ કરવામાં આવી હતી, સાથે સભા પ્રારંભ કરવામાં આવી.

ઘટક પ્રમુખશ્રી દ્વારા મુખ્ય અતિથિ શ્રી પ્રફુલભાઈ પરમારનું શાલ-શ્રીફળ-મોમેન્ટો સાથે ઉષ્માભર્યુ સ્વાગત કરવામાં આવ્યું હતું. ઘટક હોદેદારો તથા કાર્યકારિણી સભ્યો દ્વારા મંચાસીન અતિથિયોંનું સમ્માન કરવામાં આવ્યું. શ્રીમતી શર્મિલાબેન ભૂપેશભાઈ ચાવડા દ્વારા સ્વાગત ગીત પ્રસ્તુત કરવામાં આવ્યું. છ.ગ. પ્રાદેશિક સમિતિ દ્વારા ઘટક પ્રમુખ-મહિલા મંડળ પ્રમુખ-યુવા મંડળ પ્રમુખનું બહુમાન કરવામાં આવ્યું હતું.

ઘટક પ્રમુખશ્રી અંબાલાલભાઈ ચૌહાણ દ્વારા પોતાના ઉદબોધનમાં મંચસ્થ મુખ્ય અતિથિશ્રી, મંચાસીન મહાસભાનાં હોદેદારો, સમિતિ પ્રભારી-સહપ્રભારી, પદાધિકારિયોં, કાર્યવાહક સભ્યોં, વિભિન્ન ઘટકોંથી પધારેલ પ્રમુખશ્રી, મંત્રીશ્રી, પ્રતિનિધિગણોં, મહિલા મંડળ, યુવા મંડળનું બિલાસપુર ઘટક આંગણે પધારવા આભાર પ્રકટ કરી શાબ્દિક સ્વાગત કર્યું હતું. બિલાસપુર ઘટકમાં અતિરિક્ત કક્ષોંના નવ નિર્માણની વિસ્તૃત રૂપરેખા રાખી હતી. ઘટક યુવા મં.પ્રમુખ શ્રી પરિચયભાઈ જેઠવા દ્વારા ઘટક વતી સંચાલન કરી સભા મંચ છ.ગ.પ્રાદેશિક મંત્રીશ્રી ભાવેશભાઈ નરસીભાઈ ગોહિલને સોંપ્યું હતું.

આ વાર્ષિક બૈઠકમાં ઘટક પ્રમુખ શ્રી અંબાલાલભાઈ વિરજીભાઈચૌહાણ વતી ઘટક મંત્રી શ્રી ભાવેશ નરસીભાઈ ગોહિલ દ્વારા ઘટકનું અહેવાલ રજુ કરવામાં આવ્યું હતું. મહાસભા ઘટકોનાંઆંગણે અંતર્ગત બિલાસપુર ઘટકની શુભેચ્છા





મુલાકાત મહાસભા પ્રમુખ સમાજરત્નશ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી, મહાસભા વરિષ્ઠ મહામંત્રી શ્રી વિનોદભાઈ મોહનલાલભાઈ ખોડિયાર તથા અન્ય મહાનુભાવોં ઘટક આંગણે પધાર્યા હતા. સહુનું ઉષ્મા ભર્યુ સમ્માન કરવામાં આવ્યું હતું. ભવ્ય સમાજ ભવનની મહાસભા પ્રમુખશ્રી દ્વારા પ્રશંસા કરવામાં આવી હતી અને સમાજ ભવન અતિશીઘ્ર નવા રૂમોંનું નિર્માણ કરવામાં આવવાનું છે. આ અતિરિક્ત સર્વ સુવિધા યુક્ત રૂમોનાં નિર્માણ કાર્યમાં સમાજ રત્નશ્રી દ્વારા રૂ. ૫ લાખ સહાયની ઘોષણા કરવામાં આવી.

ઘટકવાસિયો દ્વારા ઘટક પ્રમુખશ્રી અંબાલાલભાઈ વિરજીભાઈ ચૌહાણનેં ઘટકરત્નની પદવીથી અલકૃંત કરવામાં આવ્યું. અન્નપૂર્ણા યોજના-નિરાશ્રીત સહાય તથા તબિબિ સહાય ઘટક દ્વારા નિરંતર આપવામાં આવે છે. મહિલા મંડળ તથા યુવા મંડળના સહયોગથી સર્વે સામાજીક આયોજનોં સફળ રીતે સંપન્ન કરવામાં આવે છે. મહાસભા સમિતિઓંનાં પ્રભારી/સહપ્રભારીશ્રીઓં દ્વારા ઉદબોધનો આપવામાં આવ્યા હતા. મુખ્ય અતિથિશ્રી પ્રફુલભાઈ પરમાર દ્વારા પોતાના ઉદબોધનમાં મહાસભાની આવતા ડિસેમ્બર મહિનામાં યોજાતી વાર્ષિક બૈઠક-સગપણ સમ્મેલન-સમૂહ શ્રીમદ ભાગવત કથા વિશે વિસ્તૃત જાણકારી આપતા સહુને પુરી પધારવા આમંત્રણ આપ્યું હતું. ઘટક પ્રમુખશ્રી દ્વારા બિલાસપુરઘટકનેં સુનામ અપાવા બદલ સાધુવાદ આપ્યો હતો... ઘટક ટીમનેં આ આતિથ્ય બદલ ધન્યવાદ આપ્યો હતો.

ભારત સરકાર દ્વારા થવાની જાતીય જનગણના વિશે આપણા સમાજની જ્ઞાતિ શુલખવી એ બાબત ખુલાસો કરતા કહ્યું હતું કે જ્ઞાતિ કોલમમાં ગુર્જર જ લખવું જોઈએ. મહાસભાની અન્ય સમિતિઓંની કારકિર્દી વિશે પણ વિસ્તારથી ચર્ચા કરતા વિસ્તારથી જાણકારિયોં આપી હતી. સમાજમાં થતા અંતર્જાતિય લગ્નો પછી છુટાછેડા વખતે મધ્યસ્થ ન્યાય પંચ સમિતિનેં થતી મુશ્કેલીયોં વિશે ચર્ચા થઈ હતી, ઘટકોં દ્વારા પણ પોતાના અનુભવોં રાખવામાં આવ્યા હતા. ઘટકમાં વસ્તિપત્રક સુધારાનાં કાર્યને વ્હેલાસર પૂર્ણ કરવા આવ્હાન કરવામાં આવ્યું હતું.

ઘટકમંત્રી શ્રી ભાવેશભાઈ ગોહિલ દ્વારા ઘટક વતી આજની આ સભામાં મુખ્ય અતિથિશ્રી, વિશિષ્ટ અતિથિશ્રીઓ, મંચાસીન મહાસભા હોદેદારો, ઘટકોથી પધારેલ પ્રમુખશ્રીઓ, મંત્રીશ્રીઓ તથા પ્રતિનિધિગણોનું આભાર પ્રકટ કરવામાં આવ્યુ મ બિલાસપુર ઘટકને આ આતિથ્યનું લાગણીભર્યા આવકાર આપવા હેતુ છ.ગ. પ્રા. પ્રમુખ શ્રી હેમંતભાઈ ચૌહાણ તથા એમની ટીમને ધન્યવાદ સાથે અભિનંદન આપવામાં આવ્યું હતં. રાષ્ટ્રગાન સાથે સભાની વિધિવત સમાપ્તિની ઘોષણા કરવામાં આવી હતી. બિલાસપુર ઘટક દ્વારા સ્વાદિષ્ટ સ્નેહભોજ પિરસવામાં આવ્યું હતું. સ્નેહભોજ માણી સહુ છુટા પડયા હતા.

## જગદલપુર ઘટક

તા. ૦૯-૧૧-૨૦૨૫ના દિવસે જગદલપુર ઘટક દ્વારા દિવાળી સ્નેહમિલનનો કાર્યક્રમ રાખવામાં આવેલ. જેમાં ઘટકના સર્વે સદસ્યોએ સહપરિવાર સમ્મિલિત થઇ કાર્યક્રમને આનંદપૂર્વક ઉજવ્યો હતો. કાર્યક્રમમાં પૂર્વ પ્રમુખો દ્વારા દીપ પ્રાગટ્ય બાદ સરસ્વતી વંદના, બાળકોને સરસ્વતી સમ્માન, યુવા મંડળ દ્વારા રમત-ગમત આદીનો કાર્યક્રમ યોજવામાં આવેલ.



જગદલપુર ઘટકના વર્તમાન કાર્યકારિણીનું કાર્યકાળ પૂર્ણ થતાં નવા પદાધિકારીઓનું ચયન કરવામાં આવેલ. જેમાં અધ્યક્ષ પદ માટે શ્રી સુનિલકુમાર રમણીકલાલ ટાંકનું નામ સર્વસંમતિથી

લેવામાં આવેલ. નવા અધ્યક્ષ શ્રી સુનિલકુમાર રમણીકલાલ ટાંક દ્વારા જાહેર પદાધિકારીઓના નામોમાં ઉપાધ્યક્ષ શ્રી રમેશભાઇ મુળજીભાઇ ચાવડા, સચિવ શ્રી વિકાસભાઇ મોહનલાલ ચૌહાણ, સહસચિવ શ્રી હાર્દિકભાઇ ભીમજીભાઇ ટાંક અને કોષાધ્યક્ષ શ્રી આયુષભાઇ કન્હૈયાલાલ ખોડિયાર. કાર્યકારિણી સમિતિ સદસ્યમાં શ્રી ભરતભાઇ હિરાલાલભાઇ ચાવડા, શ્રી મનોજભાઇ ઓધવજીભાઇ ટાંક, શ્રી જીતુભાઇ હરિલાલ ચાવડા, શ્રી દિપેશભાઇ દિનેશભાઇ ટાંક, શ્રી દીપકભાઇ હેમરાજભાઇ ચાવડા અને શ્રી ભાવેશભાઇ ભરતભાઇ ટાંકની વરણી કરવામાં આવેલ હતી. સલાહકાર પ્રમુખ શ્રી અશોકભાઇ દેવજીભાઇ રાઠોડ, સલાહકાર શ્રી હસમુખભાઇ હીરાલાલભાઇ ચાવડા અને નરેન્દ્રભાઇ આર. મારૂના નામની ઘોષણા કરવામાં આવેલ હતી.

## બેંગ્લોર ઘટક







શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ, બેંગલોર ઘટક દ્વારા સિલ્વર જ્યુબીલી સ્નેહ મિલનનો ભવ્ય કાર્યક્રમ તા. ૯-૧૧-૨૦૨૫ના રોજ કેજીકેજી સમાજ બેંગલુરુ વોલન્ટિયર્સ ગ્રુપના આયોજન હેઠળ ઉજવાયો હતો. આ ઐતિહાસિક પ્રસંગે સમાજના ૩૩૦ સભ્યોની રેકોર્ડ હાજરી રહી હતી. જે અમારા સમાજના ઇતિહાસમાં સૌથી યાદગાર મેળાવડો બની રહ્યો.





આ ઉજવણીમાં સમાજના વરીષ્ઠ સભ્યો જેમણે આ સફરમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. આ વિશેષ પ્રસંગની યાદગીરી તરીકે દરેક સભ્યને સુવિનિયર કિટ આપવામાં આવી, જે અમારી એક્તા અને વારસાનું પ્રતિક છે. સાંજના કાર્યક્રમમાં વિવિધ સાંસ્કૃતિક રજુઓતો યોજાઇ હતી. જેમાં બાળકોના સુંદર પરફોર્મન્સ, મનમોહક મેજિક શો, પરંપરાગત અને આધુનિક નૃત્ય, વોલન્ટિયર્સ દ્વારા સરપ્રાઇઝ ડાન્સ અને પ્રોફેશનલ ડાન્સ પરફોર્મન્સ સાથે જ લક્કી ડ્રો, તંબોલા અને જીવંત સંગીત સાથે ગરબાનો આનંદ માણવામાં આવ્યો હતો. જેનાથી કાર્યક્રમમાં ઉમંગ અને ઉત્સાસ છવાઇ ગયો હતો. આ કાર્યક્રમમાં સભ્યોની ઉત્સાહભરી હાજરી રહી અને સૌએ તેની પ્રશંસા કરી હતી. આ મેળાવડો ખરેખર સમાજની ભાવના-એક્તા, સંસ્કૃતિ અને ઉજવણીને પ્રતિબિંબિત કરે છે. કાર્યક્રમને સફળ બનાવવા માટે સૌનો આભાર માનેલ હતો.

## પરભણી-પુરના ઘટક

દર વર્ષ પ્રમાણે આ વર્ષે પરભણી પૂરના માનવત સંયુક્ત ઘટકનો સ્નેહમિલનનો કાર્યક્રમ ૧૬-૧૧-૨૦૨૫, રવિવારના ઘટક પ્રમુખ શ્રી પ્રવિણભાઇ રાઠોડના આંગણે રાખવામાં આવ્યું હતું. સવારે ૯:૦૦ વાગે ચાય અને નાસ્તા સાથે ગપ્પા કરી કાર્યક્રમની શરૂઆત કરી, કાર્યક્રમમાં મહિલા મંડળનો વિશેષ યોગદાન હતું.

દીપ પ્રજ્વલન પ્રમુખ અતિથિ હૈદરાબાદ ઘટક થી આવેલ શ્રી વિનોદભાઈ રાઠોડ, ઘટક પ્રતિનિધિ શ્રી વિઠ્ઠલભાઈ ચૌહાણ, ઘટક પ્રમુખ શ્રી પ્રવીણભાઈ રાઠોડ, ખજાનચી શ્રી સુરેન્દ્રભાઇ ચૌહાણ,

યુવા મંડળ પ્રમુખ શ્રી સંદીપભાઈ સોલંકી, મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી ચંચળબેન રાઠોડ, એમના હસ્તે કરી પ્રભુ પ્રાર્થના કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી.

પ્રથમ વરિષ્ઠ સદસ્યનો સન્માન કરવામાં આવ્યો ત્યારબાદ ઘટકના નાના-મોટા બાળકો જે શિક્ષા ગ્રહણ કરે છે એમનો સરસ્વતી સન્માન કરીને પુરસ્કાર દેવામાં આવ્યા. યુવા મંડળ અને મહિલા મંડળ એ વિવિધ પ્રકારના પ્રકારના રમત રમાડ્યા અને એમાં વિજેતાઓને પુરસ્કાર દેવામાં આવ્યા. બધાએ હાઉસી રમીને મજા કરી. બપોરે સ્વાદિષ્ટ ભોજન કર્યું જમણ પછી મહિલા મંડળ, યુવા મંડળ અને વડીલો સાથે વિવિધ વિષયો પર



ચર્ચા કરી. કાર્યક્રમનું સંચાલન કુ. વંશીતા, કુ. રાધિકાએ સરસ રીતે કર્યું. સાંજે અલ્પાહાર લઇ બધા છુટા પડ્યા હતા.

## છત્રપતિ સંભાજીનગર ઘટક







છત્રપતિ સંભાજીનગર (ઔરંગાબાદ) ઘટક દ્વારા તા. ૨૨-૧૦-૨૦૨૫ના રોજ સ્નેહમિલન સમારોહ ઘટક, મહિલા મંડળ અને યુવા મંડળના સંયુક્ત નેતૃત્વમાં આયોજીત કરવામાં આવેલ. આ અવસરે ૭૫ વર્ષથી ઉપરના ૨૮ વડીલોના આશીર્વાદ સાથે સત્કાર કરવામાં આવેલ.

જેમાં જે વડીલો તબિયતના કારણે સ્નેહમિલનમાં ઉપસ્થિત ન હતા રહી શક્યા તેમને તેઓના ઘરે જઇને સત્કાર કરી આશીર્વાદ મેળવવામાં આવ્યા હતા.

## કાગજનગર-રેબેના ઘટક

તા. ૩-૧૧-૨૦૨૫ના કાગજનગર સમાજ ભવન મધ્યે તુલસી વિવાહ તથા મહાપ્રસાદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. આ જવાબદારી શ્રી અનિલભાઇ પુરૂષોત્તમભાઇ ટાંક તથા શ્રી મુકેકભાઇ પુરૂષોત્તમભાઇ ટાંક તથા તેમના પરિવારના સદસ્ય અને શ્રીમતી રશ્મિબેન ચૌહાણ તેમના પરિવારના સદસ્યએ લીધેલ હતી. શ્રી હરીશભાઇ રાઠોડના નિવાસ સ્થાનેથી કાનાની જાન વાજતે-ગાજતે સમાજ ભવનમાં લઇ આવ્યા હતા તેમજ રેબેના ગામમાં પણ સોમવાર, તા. ૩-૧૧-૨૦૨૫ના માતાજીના મંદિરમાં તુલસી વિવાહ તથા મહાપ્રસાદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. શ્રી ઘનશ્યામભાઇ વિજયભાઇ ચાવડા તથા એમના કાર્યકારી સદસ્યો અને મહિલા મંડળએ આ કાર્યક્રમની જવાબદારી લીધેલ. આ પ્રસંગે સમાજના સર્વે ભાઇઓ-બહેનો, યુવા મંડળ સારા પ્રમાણમાં ઉપસ્થિતિ આપેલ. હર્ષોલ્લાસ સાથે ભજન-આરતી કરીને મહાપ્રસાદનો આનંદ લીધો હતો અને સર્વે છુટા પડ્યા હતા.

# કચ્છ પ્રાદેશિક સમિતિ

કચ્છ પ્રાદેશિક અંતર્ગત આવતા ઘટકોના પ્રતિનિધિઓની મીટીંગ તા.૩૦.૧૧.૨૦૨૫ રવિવારના રોજ કુકમા ઘટકના સ્નેહમય આમંત્રણથી, સમાજ ભવન કુકમા મધ્યે પ્રાદેશિક પ્રમુખ શ્રી બાબુલાલભાઈ શામજીભાઈ ચૌહાણના અધ્યક્ષ સ્થાને બોલાવવામાં આવેલ હતી. આ મિટિંગમાં પ્રતિનિધિશ્રીઓ, મહાસભાના હોદ્દેદારશ્રીઓ, કાર્યવાહક તથા આમંત્રિત સભ્યશ્રીઓ, કચ્છ પ્રાદેશિક સમિતિના પદાધિકારીઓ તથા કારોબારી સભ્યશ્રીઓ, કચ્છ મહિલા પ્રાદેશિક તથા યુવા પ્રાદેશિકના પદાધિકારીશ્રી તેમજ અખિલ ભારતીય મહિલા મંડળના પદાધિકારીશ્રીઓએ ઉપસ્થિત રહી ચર્ચામાં ભાગ લીધેલ હતો. પ્રારંભે કચ્છ પ્રાદેશિકના મહામંત્રી શ્રી અનિલભાઈ ચૌહાણએ ઉપસ્થિત મહાનુભાવોને મંચપર સ્થાન ગ્રહણ કરાવ્યા બાદ, મહાસભાના આદ.પ્રમુખ સમાજરત્ન શ્રી વિનોદભાઈ પી.સોલંકીજી, કચ્છ પ્રાદેશિક પ્રમુખ બાબુભાઈ એસ.ચૌહાણ, મહાસભા વરિષ્ઠ ઉપપ્રમુખ ડૉ. શ્રી મનોજભાઈ પી.સોલંકીજી, ઉપપ્રમુખો શ્રી વિનોદભાઈ એલ. ચૌહાણ, શ્રી વિનોદભાઈ એસ. જેઠવા, શ્રી ભોગીલાલભાઈ ડી.ચાવડા, વરિષ્ઠ મહામંત્રી વિનોદભાઈ ખોડીયાર, મંત્રી શ્રી અજયભાઈ પઢિયાર, અ.ભા.મ.મંડળના ઉપપ્રમુખ પુષ્પાબેન જે.ટાંક, મીનાબેન વેગડ, મહિલા પ્રાદેશિક પ્રમુખ રીટાબેન વી. ચૌહાણ, ઘટક પ્રમુખ શ્રી કેતનભાઇ એચ.ચૌહાણ, પ્રાદેશિક સમિતિના ઉપપ્રમુખશ્રીઓ રાજુભાઈ ટાંક, કિશનભાઇ રાઠોડ, ખજાનચી શ્રીરાકેશભાઈ ટાંક વગેરેના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવેલ હતુ.

પ્રભુશ્રીરામ સ્તુતિના સમુહગાન બાદ, કચ્છ પ્રાદેશિક મહામંત્રી શ્રી અનિલભાઈ ડી.ચૌહાણએ મીટીંગનું સંચાલન કરતા, ઉપસ્થિત તમામ મહાનુભાવો તથા અન્ય તમામનું શાબ્દિક સ્વાગત કરેલ હતુ. કુકમા ઘટકમંત્રી શ્રી દિલીપભાઈ ટાંક એ પણ ઉપસ્થિત મહેમાનોનું કુકમા ઘટક વતી શાબ્દિક સ્વાગત કરેલ હતું. ગત મીટીંગની મિનિટસનું વાંચન પ્રાદેશિક મંત્રી શ્રી રમેશભાઈ ચૌહાણ દ્વારા કરવામાં આવેલ, જેને સર્વાનુમતે બહાલ રાખવામાં આવેલ. કચ્છ પ્રાદેશિક સમિતિના છ માસિક અહેવાલની રજૂઆત મહામંત્રીશ્રી અનિલભાઈ ચૌહાણ દ્વારા કરવામ આવેલ. મહિલા પ્રાદેશિક મંડળનો અહેવાલ શ્રીમતી ઉષાબેન ચૌહાણ દ્વારા રજૂ કરવામાં આવેલ. પ્રતિનિધિઓના સૂચન સુઝાવના એજન્ડાએ, અંજાર ઘટક તરફથી બે સુઝાવ શ્રી વિનોદભાઈ કે.પઢિયાર દ્વારા અને બે સુઝાવ શ્રી અજયભાઈ પી.પઢીયાર દ્વારા રજૂ કરવામાં આવેલ. કુકમા ઘટકના પ્રતિનિધિ શ્રી ઉમંગભાઈ પરમાર તેમજ શ્રી અંકિતભાઈ ચૌહાણ દ્વારા પણ પોતાના સુઝાવ રજૂ કરવામાં આવેલ. ગાંધીધામ ઘટક તરફથી તેમના પ્રમુખશ્રી નીતિનભાઈ પરમાર દ્વારા પણ સુઝાવ રજૂ કરવામાં આવેલ. આ તમામ સૂચન/સુઝાઓ પર વિસ્તૃત ચર્ચા વિચારણા કરવામાં આવેલ અને મિટિંગમાં ઉપસ્થિત મહાસભાના વરિષ્ઠ ઉપપ્રમુખશ્રી મનોજભાઈ પી.સોલંકી દ્વારા મહાસભાને લગતા સુચનો પર વિસ્તૃત પ્રત્યુતર પણ આપવામાં આવેલ. શ્રી વિનોદભાઈ જેઠવાએ સંજીવની યોજનાની વિગતવાર માહિતી આપેલ. આ તમામ સુઝાઓ પૈકી નક્કી થયા મુજબના સુઝાવો મહાસભાને આગામી જગન્નાથપુરીની મીટીંગમાં યોગ્ય નિર્ણય થવા માટે મોકલી આપવામાં આવેશે. ઘટકોના અહેવાલમાં સૌપ્રથમ કુકમા ઘટકનો અહેવાલ તેમના મંત્રીશ્રી દ્વારા રજૂ કરવામાં આવેલ, માધાપર ઘટકનો અહેવાલ તેમજ ગાંધીધામ ઘટકના લેખિત અહેવાલની પણ રજૂઆત કરવામાં આવેલ.

કચ્છ પ્રાદેશિક અંતર્ગતના ઘટકોમાં સગપણલાયક પાત્રો તથા વાલીઓને સહાયરૂપ થવા સગપણ સમસ્યા નિવારણ અભિયાન ૨૦૨૬ નામથી પરિણામ લક્ષી આયોજન માટે તૈયાર કરવામાં આવેલ પ્રારૂપનો, મેરેજ બ્યુરો સમિતિના માર્ગદર્શન અને કચ્છ પ્રાદેશિક મહિલા મંડળના સહકારથી મહામંત્રીશ્રી દ્વારા રજૂ



કરવામાં આવ્યો અને વિસ્તૃત ચર્ચા બાદ એક સંકલન સમિતિની રચના કરી અને કચ્છમાં આપણા તમામ ગામોમાંથી રસ ધરાવતા મેન્ટરોનું લિસ્ટ પણ મિટિંગમાં રજૂ કરવામાં આવ્યુ.આ બાબતે મહાસભા વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી મનોજભાઈ સોલંકીજી દ્વારા ઉપયોગી માર્ગદર્શન આપવામાં આવ્યું, ઉપપ્રમુખશ્રી ભોગીલાલભાઈ ચાવડા દ્વારા પણ પોતાના સૂચનો રજૂ કરવામાં આવ્યા. ઉપપ્રમુખ શ્રી વિનોદભાઈ ચૌહાણએ પણ પોતાના મંતવ્યો રજૂ કરેલ, ઉપપ્રમુખશ્રી વિનોદભાઈ જેઠવા દ્વારા પણ પોતાના મંતવ્યો રજૂ કરવામાં આવેલ. એજ રીતે મહિલા





પ્રાદેશિક પ્રમુખ શ્રીમતી વિનોદ રીટાબેન ચૌહાણ દ્વારા પણ ઉપયોગી સૂચનો રજુ કરવામાં આવ્યા. આ તમામ સૂચન સુઝાઓ પર મિટિંગમાં ચર્ચા કરી તમામ મેન્ટરોને સાથે રાખી અને સંકલન સમિતિ સાથે રહી યોગ્ય નિર્ણય કરી તેની જાહેરાત કરવામાં આવશે એવું નક્કી કરવામાં આવ્યુ. પ્રસંગિક ઉદબોધનોમાં સભાના ઉપપ્રમુખ શ્રી વિનોદભાઈ જેઠવાએ સંજીવની યોજનાની વિગતવાર માહિતી આપેલ. ઉપપ્રમુખ શ્રી ભોગીલાલભાઈ ચાવડાએ પણ મેડિકલ કમિટી બનાવવાનું સૂચન કરેલ.ઉપપ્રમુખ શ્રી વિનોદભાઈ ચૌહાણએ કચ્છ પ્રાદેશિક દ્વારા સગપણ સમસ્યા નિવારણ માટે જે પહેલ કરવામાં આવી છે તેને આવકારી અને એ સફળ થાય એમાં સૌએ સાથ સહકાર આપવા વિનંતી કરેલ. મહામંત્રી વિનોદભાઈ ખોડીયારએ પણ પ્રાદેશિક સમિતિને તમામ કાર્યક્રમોમાં મહાસભા વતીથી સહકારની ખાતરી આપેલ, કુકમા ઘટક પ્રમુખ શ્રી કેતનભાઇ ચૌહાણ એ ઘટકમા મિટિંગ આયોજન બદલ ખુશીવ્યક્ત કરેલ.મહિલા પ્રાદેશિક પ્રમુખ શ્રીમતી રીટાબેન ચૌહાણ એ ગાંધીધામ સગપણ સંમેલન ની વિસ્તૃત માહિતી આપી,આ કાર્યમાં આર્થિક તથા અન્ય કાર્યમાં ઉપયોગી થનાર સમાજના દાતાશ્રીઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરેલ. મહાસભાના વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી મનોજભાઈ પી.સોલંકીજીએ પણ પોતાના મંતવ્યો વ્યક્ત કરેલ અને સમાજમાં ભાઈચારો તથા સંપ જળવાઈ રહે તે માટે સૌએ સાથે રહી કાર્યો કરવા જોઈએ અને ખાસ તો સગપણ જેવી વિકટ સમસ્યાનું સમાધાન થાય તેના માટે સૌએ જાગૃત રહેવું જોઈએ એમ જણાવેલ.

મહાસભા પ્રમુખશ્રી સમાજરત્ન વિનોદભાઈ પી. સોલંકીજીએ પણ કચ્છ પ્રાદેશિક સમિતિ નિયમિત આવી પ્રતિનિધિ સભાનું આયોજન કરે છે અને ઘટકના નાનામાં નાના વ્યક્તિના વિચારો મહાસભા સુધી પહોંચે તે માટે પ્રયત્નશીલ છે તેને આવકારી, પ્રાદેશિક સ્તરે આવા આયોજનનો થકી સમાજમાં સદભાવનાનો સંચાર થાય છે અને એકબીજાને જાણવાનો, તેમના પ્રશ્નો જાણવાનો સમાજના મોભીઓને પણ તક મળે છે એમ જણાવી પોતાના તરફથી સમાજના કોઈપણ કાર્ય માટે હંમેશા આર્થિક સહાય મળી રહેશે એવી ખાતરી પણ આપેલ. પ્રમુખસ્થાનેથી શ્રી બાબુભાઈ શામજીભાઈ ચૌહાણ દ્વારા આજની પ્રતિનિધિ સભાના સફળ આયોજન બદલ આનંદની લાગણી વ્યક્ત કરેલ અને આવેલ સૂચન સુઝાઓ પર નિર્ણય માટે તમામ સૂચનો મહાસભાને મોકલવામાં આવશે એમ જણાવે ઉપરાંત ઘટકોમાં જે જે કાર્યક્રમો થાય છે તેમાં પ્રાદેશિક સમિતિના સભ્યો ઉપસ્થિત રહી સૂચનો સૂચક તથા ઉપયોગી થાય છે સમાજની કોઈપણ બાબતોએ ક્યારેય પણ જરૂર પડે હંમેશા તૈયાર રહેવાની ખાતરી આપેલ અંતમાં આજની આ સફળ પ્રતિનિધિ શ્રીઓને બેઠકમાં ઉપસ્થિત મહાસમાના આદરણીય પ્રમુખશ્રી મહાસભાનો ઉપપ્રમુખશ્રીઓ પ્રાદેશિક સમિતિના પદ અધિકારી શ્રી કાર્યવાહી સભ્યશ્રીઓ ઘટે કે ઘટકેથી પધારેલ પ્રમુખશ્રી મંત્રીશ્રીઓ અને તમામ પ્રતિનિધિશ્રીઓ તથા કુકમા ઘટકનો મહામંત્રી શ્રી અનિલભાઈ ચૌહાણ એ હૃદય પૂર્વક ખૂબ ખૂબ આભાર માની આજની સભા પ્રમુખશ્રીની સહમતિથી પૂર્ણ જાહેર કરેલ હતી. સભાના સફળ આયોજન માટે કુકમા ઘટકના ઉમેશભાઈ ચૌહાણ, દિલિપભાઈ ટાંક, ઉમંગભાઈ પરમાર, શોભનાબેન ટાંક, ઉત્તમ રાઠોડ, અનુબેન પરમાર વગેરેએ સહકાર આપેલ હતો.




**KIA**

Movement that inspires

## RATHOD KIA

**(3S-Sales, Service, Spares)**

Survey No. 916, 1496, Balitha, Vapi- 396191

**TOYOTA**

## RATHOD TOYOTA

**(3S-Sales, Service, Spares)**

**Vapi :** Survey No. 315/1, N.H.No.48, Balitha, Vapi.

**Navsari :** Block No. 1064, Opp. Sai Mandir Sisodra Ganesh, Navsari.







**cromā**

in-store | online | mobile

India's leading Consumer Durables and Electronics (CDE) retailer

## Rathod Chambers

Daman Road, Chala, Vapi- 396191

**SANDY RESORT**

Devka Beach, Daman - 396210

Mail : info@sandyresort.com

Website : www.sandyresort.com

Phone : 9727 223333




## Late Amritlal V. Rathod

Nitin A. Rathod - 9898 907750

Rajen A. Rathod - 9898 907744

Ashok A. Rathod - 9898 907740

Ashish A. Rathod - 9898 907747

**Residence : Rathod House, Near Tapi complex, Udwada (RS) Dist. Valsad, Gujarat - 396 185.**



॥ જય મોમાય માતાજી ॥ ॥ શ્રી ગણેશાય નમઃ ॥ ॥ જય મોમાય માતાજી ॥



# મહા નવરાત્રી નિમંત્રણ પત્રિકા-૨૦૨૬

## શ્રી મોમાય માતાજી સ્થાનક કુકમા પરમાર પરિવાર

**સ્નેહી ગોઠીભાઈશ્રી તથા પરિવાર માતાજીની કૃપાથી કુશળ હશો.**

સહર્ષ જણાવવાનું કે પરમ કૃપાળુ કુળદેવી શ્રી મોમાય માતાજીની અસીમ કૃપાથી દરવર્ષની જેમ આ વર્ષે પણ મહા નવરાત્રીના શુભ પ્રસંગે વાડી સ્થાપન, ધુપ–દિપ, હવન વિધી તથા સમુહપ્રસાદનુ અયોજન છે. આ શુભ ઉત્સવ સમા પ્રસંગે માતાજીના દર્શનાર્થે કુકમાં ગામ પધારી હોમ હવન તથા સમુહપ્રસાદનો લાભ લેવા આપ સૌ ગોઠી પરિવારોને સહપરિવાર ''મોમાય માતાજી સ્થાનક વ્યવસ્થાપક સમિતિ-કુકમા'' વતી ભાવભર્યુ આમંત્રણ પાઠવીએ છીએ.

**॥ યજ્ઞના યજમાનશ્રી ॥**

**(૧) દુર્ગેશ મહેન્દ્રભાઈ પરમાર**
**(૨) અલ્પેશ ઈશ્વરભાઈ પરમાર**
**(૩) ભાવેશ રતિલાલભાઈ પરમાર**
**(૪) વિરલ મોહનભાઈ પરમાર**

## ॥ નવરાત્રીના પાવન પ્રસંગો ॥

**: ઘટ/વાડી સ્થાપન :**
સંવત ૨૦૮૨, મહા સુદ-૧
તા. ૧૯-૦૧-૨૦૨૬, સોમવાર
સવારે ૭:૧૫ કલાકે

**: હવન વિધિ :**
સંવત ૨૦૮૨, મહા સુદ-૧૦
તા. ૨૮-૦૧-૨૦૨૬, રવિવાર
સવારે ૭:૧૫ કલાકેથી

ઉપરોક્ત શુભ પ્રસંગે ઉપલબ્ધ તમામ સરનામાઓ પર પરમાર ગોઠીભાઈઓને દરેક પ્રસંગે નિમંત્રણ પાઠવીએ છીએ પણ સરનામાઓના અભાવે કોઈ ગોઠી ભાઈઓને નિમંત્રણ મળી શકયું ના હોય, તેવું આપણી જાણમાં કોઈ હોયતો તે પરિવારનું નામ-સરનામું અમોને માકલાવશો. તથા માતાજીના શુભ કાર્ય માટે આર્થિક સહયોગ પાઠવવો હોય, તેઓ પોતાનો સહયોગ ચેક અને મનીઓડર નીચેના સરનામે મોકલાવી શકો છો. તથા ડિજિટલ સહયોગ માટે આપેલ બેકની માહીતી તથા **QR code** પર પણ મોકલાવી શકાય છે.

Momay Matatji Mandir, BARODA GUJARAT GRAMIN (Kukma Branch)
**A/c. No. 763510000018 - IFSC CODE - BARB0BGGBXX**
IFSC CODE પાંચમો અક્ષર ઝીરો (0) છે.
**નોંધ : દાનની રકમ બેકમાં જમા કરાવી ખજાનચીશ્રી ને અવશ્ય જાણ કરવી.**

**તમારા સરનામામાં કંઈ પણ ફેરફાર કરવા માટે તથા WHATSAPP ગ્રુપમાં જોડાવા માટે કે સ્થાનક સબંધી અન્ય કોઈ સહાયતા માટે મદીરના હેલ્પલાઈન Mo. No. 74059 13014 (વિશાલભાઈ) નો સંપર્ક કરવો.**

**॥ નિમંત્રક ॥**

| | | |
|---|---|---|
| **॥ પ્રમુખ ॥**<br>શ્રી પ્રભુલાલભાઈ પુરૂષોત્તમભાઈ પરમાર<br>Mo. No. 87584 73487 | **॥ મંત્રી ॥**<br>શ્રી જગદીશભાઈ લઘુરામભાઈ પરમાર<br>Mo. No. 94082 02454 | **॥ ખજાનચી ॥**<br>શ્રી પ્રભુલાલભાઈ હીરજીભાઈ પરમાર<br>Mo. No. 98257 22246 |
| **॥ વ્યવસ્થાપક ॥**<br>શ્રી રજનીકાન્તભાઈ વાલજીભાઈ પરમાર<br>Mo. No. 8141657454 | **તથા સમસ્ત કારોબારી સમીતીના જય માતાજી...** | **॥ પૂજારી ॥**<br>શ્રી દીનેશભાઈ જીવરામભાઈ પરમાર<br>Mo. No. 99257 20810 |

**ખાસ નોંધઃ- મહા મહિનાની નવરાત્રીનું આયોજન તત્કાલીન થયું છે, પોસ્ટમાં પત્રિકા મોકલાવી શકય ન હોતા, સમાજ સંદેશની આ માહિતીના આધારે મહા નવરાત્રી પ્રસંગે સૌ ગોઠી પરિવારોને સહપરિવાર ''મોમાય માતાજી સ્થાનક વ્યવસ્થાપક સમિતિ-કુકમા'' વતી ભાવભર્યુ આમંત્રણ પાઠવીએ છીએ.**

**Momay Mataji Sthanak, Moti Seri, Vil. KUKMA, Tal. Bhuj-Kutch. 370105**

॥ જય મોમાય માતાજી ॥ ॥ શ્રી ગણેશાય નમઃ ॥ ॥ જય મોમાય માતાજી ॥



# ચૈત્રી નવરાત્રી નિમંત્રણ પત્રિકા-૨૦૨૬



## શ્રી મોમાય માતાજી સ્થાનક કુકમા પરમાર પરિવાર

**સ્નેહી ગોઠીભાઈશ્રી તથા પરિવાર માતાજીની કૃપાથી કુશળ હશો.**

સહર્ષ જણાવવાનું કે પરમ કૃપાળુ કુળદેવી શ્રી મોમાય માતાજીની અસીમ કૃપાથી દરવર્ષની જેમ આ વર્ષે પણ ચૈત્રી નવરાત્રીના શુભ પ્રસંગે વાડી સ્થાપન, ધુપ–દિપ, હવન વિધી તથા મહાપ્રસાદનુ અયોજન છે. આ શુભ ઉત્સવ સમા પ્રસંગે માતાજીના દર્શનાર્થે કુકમાં ગામ પધારી હોમ હવન તથા સમુહપ્રસાદનો લાભ લેવા આપ સૌ ગોઠી પરિવારોને સહપરિવાર ''મોમાય માતાજી સ્થાનક વ્યવસ્થાપક સમિતિ-કુકમા'' વતી ભાવભર્યું આમંત્રણ પાઠવીએ છીએ.

## ॥ નવરાત્રીના પાવન પ્રસંગો ॥

**: ઘટ/વાડી સ્થાપન :**
સંવત ૨૦૮૨, ચૈત્ર સુદ-૧
તા. ૧૯-૦૩-૨૦૨૬, ગુરૂવાર
સવારે ૭:૧૫ કલાકે

**: નૈવેદ્ય ઝારણ :**
સંવત ૨૦૮૨, ચૈત્ર સુદ-૯
તા. ૨૭-૦૩-૨૦૨૬, શુક્રવાર
સવારે ૧૦ થી સાંજે ૫ કલાકે

**: હવન વિધિ :**
સંવત ૨૦૮૨, ચૈત્ર સુદ-૧૦
તા. ૨૮-૦૩-૨૦૨૬, શનિવાર
સવારે ૭:૧૫ કલાકેથી

ઉપરોકત શુભ પ્રસંગે ઉપલબ્ધ તમામ સરનામાઓ પર પરમાર ગોઠીભાઈઓને દરેક પ્રસંગે નિમંત્રણ પાઠવીએ છીએ પણ સરનામાઓના અભાવે કોઈ ગોઠી ભાઈઓને નિમંત્રણ મળી શકયું ના હોય, તેવું આપણી જાણમાં કોઈ હોયતો તે પરિવારનું નામ-સરનામું અમોને માકલાવશો. તથા માતાજીના શુભ કાર્ય માટે આર્થિક સહયોગ પાઠવવો હોય, તેઓ પોતાનો સહયોગ ચેક અને મનીઓડર નીચેના સરનામે મોકલાવી શકો છો. તથા ડિજિટલ સહયોગ માટે આપેલ બેકની માહીતી તથા **QR code** પર પણ મોકલાવી શકાય છે.

Bank Detail : **A/c. No. 763510000018 - IFSC CODE - BARB0BGGBXX**
Momay Matatji Mandir, BARODA GUJARAT GRAMIN (Kukma Branch)
IFSC CODE પાંચમો અક્ષર જીરો (0) છે.
**નોંધ : દાનની રકમ બેકમાં જમા કરાવી ખજાનચીશ્રી ને અવશ્ય જાણ કરવી.**

UPI ID: 7802833034@okbizaxis
**Payment QR code**

**નોધઃ-** હવનમાં બેસવા ઈચ્છતા યુગલો પોતાના નામ **વ્યવસ્થાપક** અથવા **પૂજારી** પાસે **તા.૦૭-૦૨-૨૦૨૬** સુધીમાં નોંધાવવા. જેથી ડ્રો નું આયોજન **તા.૦૮-૦૨-૨૦૨૬ના** કરી શકાય. હવનમાં બેસવા માટે **રૂ. ૨૫૦૦** સેવા શુલ્ક નકકી કરેલ છે.

**તમારા સરનામામાં કંઈ પણ ફેરફાર કરવા માટે તથા WHATSAPP ગ્રુપમાં જોડાવા માટે કે સ્થાનક સબંધી અન્ય કોઈ સહાયતા માટે મદીરના હેલ્પલાઈન Mo. No. 74059 13014 (વિશાલભાઈ) નો સંપર્ક કરવો.**

**શ્રી સુરાપુરા ડાડાની પેડી**

તા.૧૬-૦૪-૨૦૨૬, ચૈત્ર વદ ૧૪(ચૌદસ)ના દિવસે ઘાણેટી ગામ મધ્યે શ્રી સુરાપુરા ડાડાની પેડી રાખેલ છે. પેડીમા હાજર રહેવા અંગે તા.૧૪-૦૪-૨૦૨૬ સુધીમાં દિક્ષીતભાઈ મો.નં. **97730 20349** પર નામ નોધાવવા, જેથી પ્રસાદીનુ અયોજન કરી શકાય.

## ॥ નિમંત્રક ॥

**॥ પ્રમુખ ॥**
શ્રી પ્રભુલાલભાઈ પુરૂષોત્તમભાઈ પરમાર
Mo. No. 87584 73487

**॥ મંત્રી ॥**
શ્રી જગદીશભાઈ લધુરામભાઈ પરમાર
Mo. No. 94082 02454

**॥ ખજાનચી ॥**
શ્રી પ્રભુલાલભાઈ હીરજીભાઈ પરમાર
Mo. No. 98257 22246

**॥ વ્યવસ્થાપક ॥**
શ્રી રજનીકાન્તભાઈ વાલજીભાઈ પરમાર
Mo. No. 8141657454

**તથા સમસ્ત કારોબારી સમીતીના જય માતાજી...**

**॥ પૂજારી ॥**
શ્રી દીનેશભાઈ જીવરામભાઈ પરમાર
Mo. No. 99257 20810

**Momay Mataji Sthanak, Moti Seri, Vil. KUKMA, Tal. Bhuj-Kutch. 370105**
**શ્રી મોમાય માતાજી સ્થાનક, મોટી શેરી, પો. કુકમા, તા. ભુજ–કચ્છ. ૩૭૦૧૦૫**

## અનંતની યાત્રાએ...

કોરબા (ખંભરા) નિવાસી શ્રી દિલીપભાઇ ધરમશીભાઇ ટાંક (ઉ.વ.૭૨)નું તા. ૨૦-૧૧-૨૦૨૫ના રોજે અવસાન થયેલ છે.

કોરબા (નાગલપર) નિવાસી શ્રી કન્હૈયાભાઇ નરસીભાઇ ચૌહાણ (ઉ.વ.૬૭)નું તા. ૨૨-૧૦-૨૦૨૫ના રોજે અવસાન થયેલ છે.

વડોદરા (અંજાર) નિવાસી શ્રી કરમસિંહ મોરારજી જેઠવાનું તા. ૧૮-૧૧-૨૦૨૫ના રોજે અવસાન થયેલ છે.

વડોદરા (હાજાપર) નિવાસી શ્રીમતિ પૂર્ણિમાબેન કેશવજી યાદવનું તા. ૩/૧૦/૨૦૨૫ના રોજે અવસાન થયેલ છું.

વડોદરા (કુંભારીયા) શ્રી રાજેશભાઈ શાંતિલાલ ચૌહાણનું તા. ૧૬-૧૦-૨૦૨૫ના રોજે અવસાન થયેલ છે.

સુરત નિવાસી મધુકાન્તાબેન કાંતિલાલ રાઠોડ (ઉ.વ.૭૩) નું તા. ૦૧-૧૨-૨૦૨૫ના રોજે અવસાન થયેલ છે.

રાઉરકેલા (માધાપર) નિવાસી શ્રી હરીશભાઇ મોહનભાઇ રાઠોડ (ઉ.વ.૬૯)નું તા. ૨૫-૧૧-૨૦૨૫ના રોજે અવસાન થયેલ છે.

Unlock Your
Financial Future with Expert
***Mutual Fund Guidance!***

1. *Daily Investment tracking on personalized android app.*
2. *FREE Audio Video insights about mutual funds by industry leaders.*
3. *Investments starting from ₹1000/-.*
4. *Benefit from 17 years of personal investment experience*

**AMIT GOPAL CHAUHAN**
Mutual Fund Distributor
12, Ashwamegh complex, Vijay Nagar, Anjar (Kachchh) Gujarat 370110
Contact : 8401482462, 8866933113
E-mail : amit2462@agcmfd.com, Website : www.agcmfd.com
*Excel your personal financial Growth... Simply !*

## સોઇ દોરો



સોઇ કહે હું તો છું કાંણી,
કોણ કરશે મારાથી દોસ્તી.
દોરાની રીલ દોડી આવી,
હું કરીશ તારાથી દોસ્તી.
હું પણ એકલો છઉંને,
તું પણ એકલી છે ને,
જો આપણે બેઉં મળી જશું,
તો બધાને ઉપયોગી પડી જશું.
જ્યારે આપણી જોડી બની જશે,
ત્યારે બધાયના કામ થઇ જશે.
દોરો કહે કાંણામાં મને પુરવી દેવાય,
ફાટેલા સાંધા સીવાય જાય.
આપણી જોડી જોઇ દરજી ખુશ,
સીવેલ કપડા જોઇ લોકો ખુશ.
લોકોના આપણે તન, મન ઢાંકીએ,
એમના મનને સંતોષને ખુશી આપીએ.
સોઇમાં દોરો પુરોવી, હાર, વેણી બનાવો,
વિખરાયેલા ફુલોને એક સાથે લઇ આવો.
સોઇ તો ફુલોને ચુભતી હોય,
પરંતુ એક સાથે રહેવા તૈયાર હોય.
આપણી જોડી અદ્‌ભૂત છે,
તોડવા કરતા જોડીએ છીએ.
પરિવારમાં સોઇ-દોરાનું કામ વડિલો કરે,
આખા કુટુંબને એક દોરામાં ગૂંથીને રાખે.
હાસ્યના દોરાથી દુઃખ સીવાય,
આમજ હસતા રમતા જીંદગી જીવાય.
એટલે જ સોઇ-દોરાની જોડી
અતૂટ છે અતૂટ છે.



**સૌ. અરૂણા વિ. યાદવ**
**પુના**
**મો. ૯૯૨૨૪૪૬૧૨૬**

# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ

## સ્વ. જેઠાલાલ હિરજીભાઈ વરૂ

જન્મ તારીખ : ૧૯/૦૩/૧૯૪૧ સ્વર્ગવાસ તારીખ : ૨૭/૧૧/૨૦૨૫
દેશમાં ગામ : હાજાપર, હાલ મુકામ : ગાંધીનગર (ગુજરાત)

वासांसि जीर्णानि यथा विहाय नवानि गृह्णाति नरोऽपराणि तथा शरीराणि विहाय जीर्णा न्यन्यानि संयाति नवानि देही ||

સેવાભાવ, સાદગી, સદ્ વિચાર અને સમર્પણ ભાવના પ્રણેતા એવા આપની ચિરઃ વિદાયથી અમો પરિવારજનો ઉંડા દુઃખની લાગણી અનુભવીએ છીએ... ધાર્મિક, આધ્યાત્મિક તથા સામાજીક સેવાના ક્ષેત્રે જીવનની અંતિમ ક્ષણો સુધી આપેલું આપશ્રીનું યોગદાન ચંદન રૂપી સુગંધની જેમ અમોને સદૈવ આપનું સ્મરણ કરાવતું રહેશે. પરિવાર પ્રિય અને કુટુંબવત્સલ એવા આપશ્રીના દિવ્ય આત્માને પરમકૃપાળુ પરમાત્મા ચિરઃ શાંતિ આપે તેવી પ્રાર્થના... ઓમ શાંતિ... શાંતિ...શાંતિ...

:: શોકમગ્ન પરિવારજનો ::

| | | | |
|---|---|---|---|
| રોનક જેઠાલાલ વરૂ | પુત્ર | વંશ રોનક વરૂ | પૌત્ર |
| સેજલ રોનક વરૂ | પુત્રવધુ | રિતિકા રોનક વરૂ | પૌત્રી |
| હેમાંગ જેઠાલાલ વરૂ | પુત્ર | એઈશા હેમાંગ વરૂ | પૌત્રી |
| ભાવના હેમાંગ વરૂ | પુત્રવધુ | ઋગ્વેદ મયુર વરૂ | પૌત્ર |
| મયુર જેઠાલાલ વરૂ | પુત્ર | હિરક હેમાંગ વરૂ | પૌત્ર |
| હસ્મિતા મયુર વરૂ | પુત્રવધુ | | |

ઘરનું એડ્રેસ : પ્લોટ નં. ૩૫૩/૨, શ્રેયસ સોસાયટી, સેક્ટર-૨૨, ગાંધીનગર (ગુજરાત)
રોનકભાઈ – મો. 9824694318, હેમાંગભાઈ – મો. 9033060699, મયુરભાઈ – મો. 9898029451

# પ્રથમ વાર્ષિક શ્રદ્ધાંજલિ

## સ્વ. કાંતિલાલ જીવરામભાઈ જેઠવા (મહાત્માજી)

(ઉ.વ. ૭૨) સ્વ. તા. ૧૧-૦૧-૨૦૨૫, અંજાર (કચ્છ)

(પૂર્વ પ્રમુખ, શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા) (પૂર્વ કારોબારી ચેરમેન, શ્રી અંજાર નગરપાલિકા)

वासांसि जीर्णानि यथा विहाय नवानि गृह्णाति नरोऽपराणि तथा शरीराणि विहाय जीर्णा न्यन्यानि संयाति नवानि देही ||

સેવાભાવ, સાદગી, સદ્ વિચાર અને સમર્પણ ભાવના પ્રણેતા એવા આપની ચિર: વિદાયથી અમો પરિવારજનો ઉંડા દુ:ખની લાગણી અનુભવીએ છીએ... ધાર્મિક, આધ્યાત્મિક તથા સામાજીક સેવાના ક્ષેત્રે જીવનની અંતિમ ક્ષણો સુધી આપેલું આપશ્રીનું યોગદાન ચંદન રૂપી સુગંધની જેમ અમોને સદૈવ આપનું સ્મરણ કરાવતું રહેશે. પરિવાર પ્રિય અને કુટુંબવત્સલ એવા આપશ્રીના દિવ્ય આત્માને કુળદેવી શ્રી બ્રહ્માણી માતાજી તથા પરમકૃપાળુ પરમાત્મા ચિર: શાંતિ આપે તેવી પ્રાર્થના... ઓમ શાંતિ... શાંતિ...શાંતિ...

:: શોકમગ્ન પરિવારજનો ::

| | | | |
|---|---|---|---|
| સ્વ. પ્રેમુબેન એવં સ્વ. જીવરામભાઈ ખેતાભાઈ જેઠવા | (માતા-પિતા) | પૂજાબેન એવં ભરતભાઈ કાંતિલાલ જેઠવા | (પુત્ર-પુત્રવધુ) |
| સ્વ. રસીલાબેન કાંતિલાલ જેઠવા | (ધર્મપત્નિ) | પૂજાબેન એવં ભાવેશભાઈ કાંતિલાલ જેઠવા | (પુત્ર-પુત્રવધુ) |
| સ્વ. ગૌરીબેન પોપટલાલ પરમાર | (બહેન-બનેવી) | તૃપ્તિબેન એવં રમેશભાઈ કાંતિલાલ જેઠવા | (પુત્ર-પુત્રવધુ) |
| સ્વ. કાશીબેન મોહનલાલ પરમાર | (બહેન-બનેવી) | ઉર્મિલાબેન કમલભાઈ વરૂ | (દિકરી-જમાઈ) |
| ગં.સ્વ. મુક્તાબેન અમૃતલાલ રાઠોડ | (બહેન-બનેવી) | સંગીતાબેન દિપેશભાઈ ચૌહાણ | (દિકરી-જમાઈ) |
| ક્રિષ્ના, ભવિષ્ય, ધૈર્ય, આરવ, આધ્યા | (પૌત્ર-પૌત્રી) | કામાક્ષી, ગોપીકા | (દોહીત્રી) |

**હેમરાજભાઈ શીવજીભાઈ રાઠોડ પરિવાર, હિંમતનગર (શ્વસુરપક્ષ)**

**કાંતિલાલ જીવરામભાઈ જેઠવા (મહાત્માજી) પરિવાર, અંજારના જયશ્રી કૃષ્ણ**

HOTEL MANAV RESIDENCY · MANAV SQUARE · MANAV PARTY PLOT · MANAV HOTEL · MANAV MANGO FARM · SHRI MANAV ENTERPRISE BUILDERS AND LAND DEVELOPERS · SHRI MANAV IMPEX

# પ્રથમ વાર્ષિક શ્રદ્ધાંજલિ



## સ્વ. રૂકમણીબેન પુરૂષોત્તમભાઈ ચાવડા

સ્વ. તા. ૦૫/૦૧/૨૦૨૫

દેશમાં ગામ : ચંદીયા, હાલ મુકામ : જયપુર (રાજસ્થાન)

સરોવર જેવા શાંત અને સમુદ્ર જેવા વિશાળ, અંજલિ માટે શબ્દો ઓછા પડે છે, પુષ્પાંજલિ માટે પુષ્પ,
આંખો હજુ નિહાળે છે અંતર હજી પોકારે છે.
આપના ઉચ્ચ વિચાર, ધર્મભાવના, મિલનસાર, નિષ્કપટ સ્વભાવ અમોને પ્રેરણા આપતા રહેશે.
પરમકૃપાળુ પરમેશ્વર આપની દિવ્ય આત્માને શાંતિ, સદ્‌ગતિ પ્રદાન કરે અને મોક્ષ આપે એજ પ્રાર્થના...

સ્વ. પુરૂષોત્તમભાઈ ખેંગારજીભાઈ ચાવડા (પતિ)

:: શોકમગ્ન પરિવારજનો ::

ડૉ. કાંતિલાલ - કવિતા (પુત્ર-પુત્રવધુ) અશોક - ટીના (પુત્ર-પુત્રવધુ) મયંક - ડૉ. નેહા ચાવડા (પૌત્ર-પૌત્રવધુ), મેઘા - ભુમિક વિનોદભાઈ જેઠવા (પુત્રી-જમાઈ)-અંજાર, રાધિકા - ચિરાગ પ્રકાશભાઈ જેઠવા (પુત્રી-જમાઈ)-વડોદરા તનિશ્ક (પૌત્ર), યાશિકા (પરપૌત્રી)

# MK Pharmacy 1 & 2

**Mayank Chawda (Propriter)**

Vaishali West, Rangoli Garden Road, Jaipur (Raj.)

**Consultant Dr. K L Chawda (Surgeon)**

**Dr. Neha Mayank Chawda (Panch Karma Sepcialist)**

**Mob. 9828586718, 9049075720**

**અમારા માતૃશ્રીની પાવન સ્મૃતિમાં પરિવાર તરફથી મહાસભાની અન્નપુર્ણા યોજનામાં દર મહિને રૂા. ૧૫૦૦/- રૂપીયાનું અનુદાન આપવામાં આવેલ છે.**

# પ્રથમ વાર્ષિક શ્રદ્ધાંજલિ



## સ્વ. શારદાબેન રમણીકભાઈ રાઠોડ

**સ્વ. તા. ૦૪/૦૧/૨૦૨૫, પોષ સુદ પાંચમ**

**દેશમાં ગામ : નાગલપર, હાલ મુકામ : રાયપુર (છ.ગ.)**

સેવાભાવ, સાદગી, સદ્‌વિચાર અને સમર્પણભાવના પ્રણેતા એવા આપની ચિરઃ વિદાયથી અમો પરિવારજનો ઉંડા દુઃખની લાગણી અનુભવીએ છીએ... ધાર્મિક, આધ્યાત્મિક તથા સામાજીક સેવાના ક્ષેત્રે જીવનની અંતિમ ક્ષણો સુધી આપેલું આપશ્રીનું યોગદાન ચંદન રૂપી સુગંધની જેમ અમોને સદૈવ આપનું સ્મરણ કરાવતું રહેશે. પરિવાર પ્રિય અને કુટુંબવત્સલ એવા આપશ્રીના દિવ્ય આત્માને પરમકૃપાળુ પરમાત્મા ચિરઃ શાંતિ આપે તેવી પ્રાર્થના...

**:: આપના પરિવારજનો ::**

| | |
|---|---|
| રમણીકભાઈ ધનજીભાઈ રાઠોડ | (પતિ) |
| વિવેકભાઈ રમણીકભાઈ રાઠોડ | (પુત્ર) |
| કવિતાબેન વિવેકભાઈ રાઠોડ | (પુત્રવધુ) |
| રીતિ રાઠોડ, દેવ રાઠોડ | (પૌત્રી, પૌત્ર) |
| અલ્કાબેન ભુપેન્દ્રભાઈ ચાવડા | (પુત્રી-જમાઈ) |
| હિનાબેન રાજેશકુમાર ચૌહાણ | (પુત્રી-જમાઈ) |
| હર્ષાબેન ચંદ્રેશકુમાર ચાવડા | (પુત્રી-જમાઈ) |
| હિમાંશી નયનકુમાર ચાવડા | (દોહિત્રી-જમાઈ) |
| જતિન, તેજ, પેયા | (દોહિત્ર, દોહિત્રી) |
| ગં.સ્વ. નિર્મલાબેન ચંદુલાલ રાઠોડ | (બહેન-પટેલ) |
| મંજુલાબેન વિનોદભાઈ વેગડ | (બહેન-પટેલ) |
| ચેતનાબેન કાંતિભાઈ ચાવડા | (ભાભી-ભાઈ) |
| હર્ષાબેન સતિશભાઈ ચાવડા | (ભાભી-ભાઈ) |
| સ્વ. ભગવતીબેન સ્વ. જાદવજીભાઈ રાઠોડ | (જેઠાણી-જેઠ) |
| સ્વ. ઇન્દીરાબેન હરિલાલભાઈ રાઠોડ | (દેરાણી-દેર) |
| ગં.સ્વ. વિણાબેન સ્વ. મનોહરભાઈ રાઠોડ | (દેરાણી-દેર) |
| મીનાબેન નંદકિશોરભાઈ રાઠોડ | (દેરાણી-દેર) |

**સમસ્ત રાઠોડ એવં ચાવડા પરિવાર**

# ભાવભીની શ્રદ્ધાંજલિ



## સ્વ. હરીશભાઈ મોહનભાઈ ડાયા રાઠોડ

જન્મ તા. ૧૮/૦૧/૧૯૫૭ સ્વર્ગવાસ તા. ૨૫/૧૧/૨૦૨૫

દેશમાં ગામ : માધાપર, હાલ મુકામ : રાઉરકેલા

**નૈનં છિન્દન્તિ શસ્ત્રાણિ નૈનં દહતિ પાવકઃ ।**
**ન ચૈનં ક્લેદયન્ત્યાપો ન શોષયતિ મારૂતઃ ।।**

અંજલી માટે શબ્દો ઓછા પડે છે, પુષ્પાંજલી માટે પુષ્પો ઓછા પડે છે. આંખો હજુ નિહાળે છે, અંતર હજુ પોકારે છે, આપનું અસ્તિત્વ આજે અમારી વચ્ચે નથી, પરંતુ આપનો કુટુંબ પ્રત્યેનો પ્રેમ અને સ્નેહીઓ પ્રત્યેનો સ્નેહ હંમેશા હૈયે રહેશે. વૈકુંઠધામથી તેડું આવ્યું, આકાશ માટે વિલીન થયું, ઉમંગો અને આશાઓ હતી, પંચભૂતમાં બધુ સમાઈ ગયું. કર્મઠ જીવન શાંત થયું, પંખી પિંજરાનું શાંત થયું, પરિવાર સુનુસુનુ થયું. દરેક પ્રસંગે ખટકશે અમોને તમારી યાદી. પ્રભુ પાસે ન ચાલ્યું કોઈનું જોર, તમે ચાલ્યા સ્વર્ગની ઓર... પરમપિતા પરમેશ્વર આપના દિવ્ય આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના... ૐ શાંતિ... શાંતિ... શાંતિ...

**:: શોકમગ્ન પરિવારજનો ::**

ગં.સ્વ. ભદ્રાબેન હરીશભાઈ રાઠોડ – પત્ની

કૌશલ હરીશભાઈ રાઠોડ – પુત્ર

કુ. હિતીશા હરીશભાઈ રાઠોડ – પુત્રી

સ્વ. પુનિતાબેન હિંમતલાલભાઈ સાવરીયા – મોટા બહેન-બનેવી

ગિરીશભાઈ મોહનભાઈ રાઠોડ – મોટાભાઈ

ઈલાબેન ગિરીશભાઈ રાઠોડ – મોટા ભાભી

ગં.સ્વ. ભાવનાબેન શશિકાન્તભાઈ વાઘેલા – બહેન-બનેવી

**તથા સમસ્ત રાઠોડ પરિવાર**

# તૃતિય વાર્ષિક શ્રદ્ધાંજલિ



## સ્વ. અમરશીભાઈ હીરજીભાઈ ચૌહાણ

જન્મ તા. ૨૪-૧૦-૧૯૫૧, સ્વ. તા. ૧૬-૦૧-૨૦૨૩

મુળ ગામ : રેહા, હાલ : માધાપર (કચ્છ)

અમારા સર્વશ્રેષ્ઠ માર્ગદર્શક, આધારસ્તંભ અને અખૂટ પ્રેરણાસ્ત્રોત એવા પપ્પાને હૃદયપૂર્વક નમન... દેહથી ભલે દૂર હો, પરંતુ તમારા સંસ્કાર, હિંમત અને મૂલ્યપાઠ અમારી જીવનયાત્રાના દરેક પડાવ પર પ્રકાશમય બની રહે છે. તમારી યાદ જ અમારી શક્તિ અને તમારા આદર્શ જ અમારી દિશા છે. તમારા પાવન આત્માને અનંત તથા દિવ્ય શાંતિ પ્રાપ્ત થાય.

:: શૌકમગ્ન પરિવારજનો ::

| | |
|---|---|
| ગં.સ્વ. સવિતાબેન અમરશીભાઈ ચૌહાણ | પત્નિ |
| નેહાબેન દુર્ગેશભાઈ ચૌહાણ | પુત્રવધુ-પુત્ર |
| જીયાંશ દુર્ગેશભાઈ ચૌહાણ | પૌત્ર |
| ભારતીબેન નરેન્દ્રભાઈ ચાવડા | પુત્રી-જમાઈ |
| હીનાબેન ભરતભાઈ ટાંક | પુત્રી-જમાઈ |
| જ્યોતિબેન ધર્મેન્દ્રભાઈ ટાંક | પુત્રી-જમાઈ |
| નિશાબેન વિપુલભાઈ યાદવ | પુત્રી-જમાઈ |
| હેષલ, પલક, ભાર્ગવ, કુશલ, નુપુર, શૌર્ય, શાન્વી | દોહીત્ર-દોહીત્રી |

# પાંચમી વાર્ષિક શ્રદ્ધાંજલિ



## સ્વ. જયંતિલાલ રણછોડદાસ ચૌહાણ

સ્વ. તા. ૧૪-૧૨-૨૦૨૦, મુળ ગામ : રેહા, હાલ મુકામ : કુકમા (કચ્છ)

આપનું પ્રેરણાદાયી, સરળ, પ્રેમાળ, કર્તવ્યપરાયણ અને સેવાભાવી જીવનની સુવાસ કાયમી સ્મૃતિ રૂપે અમારા હૃદયમાં મહેકતી રહેશે. પૂર્ણ પુરૂષોત્તમ શ્રી કૃષ્ણ ભગવાન આપના દિવ્ય આત્માને ચિરઃ શાંતિ આપે એજ અભ્યર્થના...

:: શોકમગ્ન પરિવારજનો ::

| | |
|---|---|
| ગં.સ્વ. કંચનબેન જયંતીલાલ ચૌહાણ | પત્ની |
| સ્વ. રંભાબેન રણછોડદાસ ચૌહાણ | માતા-પિતા |
| સ્વ. ગવરીબેન કાનજીભાઈ ચાવડા | સાસુ-સસરા |
| પુનમબેન નિતેશભાઈ ચૌહાણ | પુત્રવધુ-પુત્ર |
| કિરણબેન તેજસભાઈ ચૌહાણ | પુત્રવધુ-પુત્ર |
| ટિનાબેન અજયભાઈ ચૌહાણ | પુત્રવધુ-પુત્ર |
| તોશિકા, નેશિકા, વૃંદા | પૌત્રી |
| પુનિશ, હર્ષ | પૌત્રા |

સમસ્ત ચૌહાણ પરિવાર


# LIC

भारतीय जीवन बीमा निगम

LIFE INSURANCE CORPORATION OF INDIA



**Defence Budget :** यह Investment नहीं है; यह Protection के लिए है. India का Defence टगड़ा होता तो 1000 साल इस्लाम, पोर्टुगल, डच, फ्रांसीसी और अंग्रेज का गुलामी नहीं करना होता. परिवार को भी Financial Protection जरुर लेना चाहिए. कोई अनहोनी होने पर परिवार 40-50 साल पीछे चला जाता है. Financial Protection का आज सबसे अधिक महत्वपूर्ण Plan LIC का newly launched Protection Plus है.

**LIC से ही Protection क्यों लें ?**

1. LIC word का Strongest insurance brand Rank NO.1 है.
2. Govt of india LIC act 1956 के तहत payment की गारंटी है. Pvt. Co. Gtd. नही है.
3. 70 साल का लंबा अनुभव है LIC को.
4. 20 साल से ULIP Plan का लंबा अनुभव है LIC को.
5. 5 साल मे डबल करने का अनुभव है LIC को निवेश + ULIP प्लान में.

**LIC की कोई भी पॉलिसी Paperless लेने के लिए मुझे call करे .**

1. 21 साल का लंबा अनुभव है मेरा LIC में.
2. 5 साल का मेरा लंबा अनुभव है LIC में पेपरलेस online working करने का.
3. 5 साल से मेरा Branch NO.1 Ranking है ULIP Paperless working में.
4. CG Club member हुं रायपुर डिविजन Top 50
5. Bhopal Zone Ulip ranking No.1 रहने का अनुभव प्राप्त.
6. LIC MD से Paperless working के लिए सम्मानित at Mumbai for all India Paperless working Compition. ( Ananda ) (Atma nirbhar Agents New Business digital application)

**Call : B.K.Chawda (M.com., LL.b.)**

(श्री कच्छ गुर्जर क्षत्रिय समाज-रायपुर से सम्मानीत)

Email : bkchawda1gmail.com

Mobile : 93033-26127

Many thanks to Nirmala sitaraman Finance Minister for allowing 2,50,000/- per year investment in ULIP plan tax free maturity.



Lighten Up Your Life...
Anil Khodiyar
+91 98252 36151
Sumeet Khodiyar
+91 98791 95121
Jigar Khodiyar
+91 98794 04009
Khodiyar Engineering Works
Urja Engineering Company
Perfect Power System
Unique Power System
Electrical Contractors | Consultants | Engineers
Khodiyar Group
Mfrs. Of : PCC, MCC, APFC, AMF, VFD, LDB, DG SET, ATS & Solar Panels
Authorised Importer
TENSE
ELEKTRİK - ELEKTRONİK SAN. TİC. A.Ş.
LS ELECTRIC
Authorised Distributor
C&S electric
RR KĀBEL
Schneider Electric
socomec
Innovative Power Solutions
atandra
measure. protect. conserve
KRYKARD
APFC PANEL
Office & Works :- Shed No. L-46, 47, 48 & M-49, 50, G.I.D.C., Gandhidham (Kutch) 370201 Gujarat, India.
info@urjaengg.com, jigar@urjaengg.com www.urjaengg.com


Helping India
Invent the future
BRAHMOS
UNITRON
The Instrumentation People
UNITRON INSTRUMENTATION PVT. LTD
The leading Suppliers of Scientific and Material Testing Equipments in India.
Our major customers are Aerospace, Aeronautics, Automotive, Semiconductor, Steel, Foundry & Forge, Surface Coating Industry and Materials Research.
Vipin Rathod
Managing Director
Head Office:
127/34, 7th Cross, 4th Main Road, Wilson Garden, Bangalore-560027
Tel: (080) 2227 5369, 2210 3752 Fax: (080) 2224 4717
Branch Offices : Chennai, Delhi(Gurgaon), Pune
Email- info@unitron.in
Web: www.unitron.in

SETU SAMAJ SANDESH - RNI NO. GUJ GUJ / 2008/25938
Postal Registration No. G-KCH-185/2026-2028 Posted at S.O. BHUJ on 2nd of Every Month.
Published on January-2026

॥ જય સીયારામ ॥



# 'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી પરિવાર
# SHREE RAM GROUP OF INDUSTRIES

## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કન્યા છાત્રાલય – કુકમા (કચ્છ)

ટ્રસ્ટ રજી. નં. ૧૧૭૪ (કચ્છ) સ્થાપના : તા. ૩૦/૭/૧૯૯૪) પો. કુકમા (તા. ભુજ–કચ્છ) ૩૭૦૧૦૫, ફોન નં. (૦૨૮૩૨) ૨૭૧૩૫૪

આપના દાનની રકમ બેંક ઓફ બરોડા - માધાપર એકાઉન્ટ નં. 09460100003842 IFSC Code : BARB0KUKMAX માં જમા કરાવી શ્રી મોહનલાલ કુંવરજી ચૌહાણ મો. 9427767810 ને છાત્રાલયના સરનામે જાણ કરવાથી રસીદ મોકલી આપવામાં આવશે.

PAN NO. AABTS 4600 B

**દાન માટે અપિલ :-**

- રૂા. ૫૦,૦૦૦/- કે તેથી વધુ દાન આપનાર મુરબ્બી દાતાશ્રી
- રૂા. ૧૦,૦૦૦/- કે તેથી વધુ દાન આપનાર શુભેચ્છા દાતાશ્રી
- રૂા. ૫,૦૦૦/- કે તેથી વધુ દાન આપનાર આશ્રય દાતાશ્રી
- રૂા. ૪,૦૦૦/- નું દાન આપનાર પુણ્ય સ્મૃતિ ભોજન દાતાશ્રી તથા ખુશાલી ભોજન દાતાશ્રી
- રૂા. ૨,૦૦૦/- નું દાન આપનાર આજીવન સભ્યશ્રી

આપનું દાન ૮૦-જી (૫) મુજબ આવકવેરા મુક્તિને પાત્ર છે

શ્રી ક.ગુ.ક્ષ. કન્યા છાત્રાલયમાં અભ્યાસ કરવા આવનાર તમામ કન્યાઓને કન્યા છાત્રાલય તથા મહાસભાના આદ. પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી પરિવારના સૌજન્યથી નિઃશુલ્ક પ્રવેશ આપવામાં આવશે.

**આપના વિનમ્ર**

'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પી. સોલંકી - પ્રમુખ
શ્રી જેઠાલાલ પી. પરમાર - ચેરમેન
શ્રી પ્રફુલ્લચંદ્ર કે. ટાંક - સલાહકાર પ્રમુખ
શ્રી રમેશચંદ્ર આર. ચૌહાણ - મંત્રી
શ્રી વિનોદભાઈ એલ. ચૌહાણ - ઉપપ્રમુખ
શ્રી વિનોદભાઈ કે. પઢિઆર - ઉપપ્રમુખ
શ્રી પ્રભુલાલ પી. પરમાર - ઉપપ્રમુખ
શ્રી મોહનલાલ કે. ચૌહાણ - માનદ્ વ્યવસ્થાપક
શ્રી રસીકલાલ પી. ચૌહાણ - સહમંત્રી
શ્રી ઉમંગભાઈ એમ. પરમાર - સહમંત્રી
શ્રી અનિલભાઈ ડી. ચૌહાણ - કોષાધ્યક્ષ
શ્રીમતી અનસુયાબેન જે. પરમાર - સહ વ્યવસ્થાપક

માલિક અને પ્રકાશક : પ્રમુખ શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી, જુનાવાસ, મેઈન બજાર, પો. માધાપર, તા. ભુજ (કચ્છ), માનદ્ તંત્રી શ્રી ડૉ. મનોજભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી, ચિંતન ફાર્મ, પો. કુકમા, તા. ભુજ (કચ્છ) મો. ૯૮૭૯૯૨૮૧૦૦ વતીથી, ગાયત્રી ગ્રાફીક્સ – અંજાર ખાતે તૈયાર કરાવી, મુદ્રક : શ્રી હરિ ઓફસેટ – ફર્સ્ટ ફ્લોર, નરનારાયણ ચેમ્બર, સ્ટેશન રોડ, ભુજ (કચ્છ) ફોન : (૦૨૮૩૨) ૨૨૬૦૦૭ ખાતે છાપ્યું અને એસ.ઓ. પોસ્ટ ઓફીસ : ભુજથી પ્રસિદ્ધ કર્યું.